દૈનિક
# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

203 વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 44 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 February 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

મેટિની પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 44 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 February 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
શુક્રવાર, ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતનું વર્ષ ૨૦૨૫-૨૬નું ₹ ૩.૭૦ લાખ કરોડનું બજેટ રજુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરી બુધવારે શરૂ થયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી બજેટ સત્ર ૨૦૨૫નો આરંભ થયો હતો. બીજા દિવસે ૨૦ ફેબ્રુઆરીએ નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ચોથી વખત બજેટ રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬નું રૂ. ૩.૭૦ લાખ કરોડનું અંદાજપત્ર ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું.

નાણાપ્રધાન કનુ દેસાઈ ગુજરાત વિધાનસભામાં ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કરવા પહોંચ્યા ત્યારે તેમણે રેગ્યુલર બેગની જગ્યાએ ખાસ પ્રકારના લાલ રંગની પોથીમાં બજેટ ભાષણ રાખ્યું હતું. આ પોથી ઉપર આદિજાતિ સંસ્કૃતિની ઓળખ સમી વાર્લી પેઈન્ટિંગ અને કચ્છની ભાતીગળ કલા અંકિત કરેલી હતી. તે ઉપરાંત ભારતના રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભને દર્શાવ્યો હતો.

આઝાદીના અમૃત મહોત્સવ સાથે આદિવાસી અને કચ્છી સમાજની આગવી ઓળખને પણ સાંકળવામાં આવી હતી.

નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ આ વખતના બજેટમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને સિંચાઇની બાબતો જેવા મુદ્દાઓ પર ભાર મુક્યો હતો.

તે ઉપરાંત તેમણે ભાષણમાં રાજકોષિય ખાધ ઓછી રાખવા તેમજ સેમિ કંડક્ટર ક્ષેત્રે વિકસિત ભારત વિઝનને સાકાર કરવા પર ફોકસ કરવા ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ વખતના બજેટમાં યુવાનો, મહિલાઓ અને ખેડૂતોને આગળ લાવવા માટેના પ્રયાસો રહેશે.

તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ગુજરાતને સુશાસન સૂચકાંકમાં દેશભરમાં મળેલો પ્રથમ ક્રમ - નાણાકીય શિસ્ત અને માળખાગત વિકાસની સરકારની પ્રતિબદ્ધતા બતાવે છે. નીતિ આયોગના વર્ષ ૨૦૨૫ના રાજકોષીય શિસ્ત સૂચકાંકમાં રાજ્યને ''એચિવર્સ'' દરજજો મળ્યો છે.

ગુજરાતની રાજકોષીય ખાદ્ય અને જાહેર દેવું રાષ્ટ્રીય સ્તરે ન્યૂનતમ પૈકી રાખવા સાથે ગુજરાતે સતત ઊંચો આર્થિક વિકાસ દર જાળવી રાખ્યો છે. દેશમાં ગુજરાત માથાદીઠ આવકમાં અને રોજગારી આપવામાં અગ્રેસર છે.

ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. જમીનના માત્ર છ ટકા અને કુલ વસ્તીના માત્ર પાંચ ટકા હિસ્સો ધરાવતું ગુજરાત દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપે છે.

અમારા સતત પ્રયાસો થકી આ યોગદાન વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ ટકા થી ઉપર પહોંચાડવા કટિબદ્ધ છીએ. ગુજરાત દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા યોગદાન આપે છે. દેશની કુલ નિકાસના ૪૧ ટકા જેટલી નિકાસ ગુજરાતનાં બંદરોથી થાય છે.

## બજેટની હાઈલાઈટ્સ

- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા ત્રણ લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન
- બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે
- આરોગ્ય અને પરિવાર કલ્યાણના બજેટમાં ૧૬.૩૫ ટકાનો વધારો
- શિક્ષણ માટે ૫૯,૯૯૯ કરોડની જોગવાઈ
- પ્રવાસન વિભાગનું બજેટ ૩૧ ટકા વધાર્યું
- વન અને પર્યાવરણ વિભાગ માટે ૩૧૪૦ કરોડની જોગવાઈ
- સામાન્ય વહીવટ વિભાગ માટે ૧૯૯૯ કરોડની જોગવાઇ
- મહેસૂલ વિભાગ માટે ૫૪૨૭ કરોડની જોગવાઇ
- ગૃહ વિભાગ માટે કુલ ૧૨,૬૫૯ કરોડની જોગવાઇ
- કાયદા વિભાગ માટે કુલ ૨૬૫૪ કરોડની જોગવાઇ
- માહિતી અને પ્રસારણ વિભાગ માટે ૩૬૨ કરોડની જોગવાઇ
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે ૬૭૫૧ કરોડની જોગવાઇ
- ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે ૪૧૯ કરોડની જોગવાઇ
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે ૬૮૦૭ કરોડની જોગવાઈ
- આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ૫૧૨૦ કરોડની જોગવાઇ
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે ૨૭૮૨ કરોડની જોગવાઇ
- મહિલા અને બાળવિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૬૮ કરોડની જોગવાઇ
- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે ૨૭૧૨ કરોડની જોગવાઇ
- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ માટે ૧૦૯૩ કરોડની જોગવાઇ
- માર્ગ અને મકાન વિભાગ માટે ૨૪૭૦૫ કરોડની જોગવાઇ
- શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે ૩૦,૩૨૫ કરોડની જોગવાઇ
- પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે ૧૩,૭૭૨ કરોડની જોગવાઇ
- જળસંપત્તિ પ્રભાગ માટે કુલ ૧૩,૩૬૬ કરોડની જોગવાઇ
- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે ૪૨૮૩ કરોડની જોગવાઇ
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ૨૫૩૫ કરોડની જોગવાઇ
- ઉદ્યોગ અને ખાણ માટે ૮૯૫૮ કરોડની જોગવાઇ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૨,૪૯૮ કરોડની જોગવાઇ
- ગુજરાતના બજેટમાં સ્ટેમ્પ ડ્યૂટી પર ત્રણ મોટી રાહત
- ઈલેક્ટ્રીક વાહનો પર એક વર્ષ માટે પાંચ ટકા રીબેટ

## સાયબર સુરક્ષા માટે ૧૧૮૬ નવી જગ્યા ઉભી કરાશે: ૨૪ જિલ્લામાં ફોરેન્સિક યુનિટ માટે ૩૦ કરોડ ખર્ચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજયના નાણાપ્રધાને વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સાયબર સેન્ટર ઓફ એકસેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સાયબર સિકયુરિટી અને સાયબર ઈન્ટેલીજન્સની વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન છે. જે માટે ૧૧૮૬ નવી જગ્યાઓ તથા આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચર માટે રૂ.૨૯૯ કરોડની જોગવાઈ કરી હતી.

રાજયની વિશિષ્ટ પોલીસ ટુકડીઓ જેમ કે બીડીડીએસ (બોમ્બ ડીટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ) ટીમો, કયુઆરટી કિવક રીસ્પોન્સ ટીમો એસડીઆરએફ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ, કંપનીઓ તેમ જ ચેતક કમાન્ડો માટે સાધન સામગ્રીની ખરીદી માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ કરાઈ હતી.

રાજયના બાકી રહેતા ૨૪ જીલ્લાઓ ખાતે સાયબર ફોરેન્સીક યુનીટ શરૂ કરવા માટે રૂ.૩૦ કરોડની અને એન્ટી નાર્કોટીકસ ટાસ્ક ફોર્સ માટે રૂ.૨૩ કરોડની જોગવાઈ કરાઈ હતી.

રાજયની તમામ જેલો તથા તાલુકા સબ જેલો ખાતે સેન્ટ્રલાઈઝ કમાન્ડ એન્ડ કંટ્રોલ સીસ્ટમ માટે રૂા.૪૪ કરોડની, રાજયમાં શહેરી વિસ્તારોમાં માર્ગ સલામતી માટે ટ્રાફિક પોલીસની હાજરી વધારવા ૧૩૯૦ નવી જગ્યાઓ ઉભી કરવા માટે ૬૩ કરોડની, રાજયમાં પોલીસ ખાતાના રહેણાક તેમ જ બીન રહેણાક મકાનોના બાંધકામ માટે ૯૮૨ કરોડની, વિવિધ જેલોના તેમ જ અન્ય મકાનોના બાંધકામ માટે ૨૧૭ કરોડની જોગવાઈ કરાઈ હતી. વલસાડ જિલ્લાના વાપી શહેર ખાતે ટ્રાફિક પોલીસ સ્ટેશન ઊભું કરવામાં આવશે. ઉપરાંત કાયદા વિભાગ માટે કુલ ૨૬૫૪ કરોડની જોગવાઈ નાણામંત્રીએ કરી છે. દરેક વ્યકિતને સુગમતાથી અને સમયસર ન્યાય મળી રહે તેવા હેતુથી ન્યાયતંત્રની વ્યવસ્થામાં વિસ્તાર કરી તેને સુદ્રઢ કરવામાં આવશે.

અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયતંત્રને સજજ બનાવવા રાજય સરકાર કાર્યરત છે. વિવિધ સ્તરે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ તથા મરામત માટે રૂ. ૩૦૮ કરોડની, ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેણાકના મકાનો માટે રૂ.૧૬૫ કરોડની અને હાઈ કોર્ટના ઈ કોર્ટ મિશન મોડ પ્રોજેકટ અંતર્ગત રાજયની અદાલતોમાં તમામ સ્તરે કમ્પ્યુટરાઇઝેશન અને ડિઝીટાઈઝેશન માટે રૂ.૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## અનેક મહાનુભવોની હાજરીમાં નવી દિલ્હીનાં મુખ્ય પ્રધાનપદના રેખા ગુપ્તાએ શપથ લીધા

નવી દિલ્હી: દિલ્હીમાં ૨૬ વર્ષ બાદ સત્તાનું સુકાન સંભાળનાર ભાજપના શાલીમાર બાગનાં વિધાનસભ્ય રેખા ગુપ્તાએ ગુરુવારે અન્ય છ પ્રધાન સાથે દિલ્હીનાં નવાં મુખ્ય પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા. મનજિન્દર સિંહ સિરસાને બાદ કરતાં તમામ પ્રધાનોએ હિન્દીમાં શપથગ્રહણ કર્યા હતાં. મનજિન્દર સિંહ સિરસાએ પંજાબીમાં શપથગ્રહણ કર્યા હતા.

બળાબળનું ભવ્ય પ્રદર્શન કરતાં ભાજપ ૨૬ વર્ષ બાદ ફરી સત્તામાં પાછો ફર્યો હતો.

દિલ્હીના રામલીલા મેદાન ખાતે યોજવામાં આવેલા શપથગ્રહણ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષપ્રમુખ જે. પી. નડ્ડા, ગૃહ પ્રધાન અમિત શાહ, રાજનાથ સિંહ, હરદીપ સિંહ પૂરી સહિતના કેન્દ્રીય પ્રધાનો, એનડીએના મુખ્ય પ્રધાનો-નાયબ મુખ્ય પ્રધાનોએ હાજરી આપી હતી.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ, ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત, હરિયાણાના મુખ્ય પ્રધાન નાયાબ સિંહ સૈની અને મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ સંગમા પણ આ સમારોહમાં હાજર રહ્યા હતા.

ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક, આંધ્ર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે પણ આ સમારોહમાં હાજરી આપી હતી.



શપથવિધિ: દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાની શપથવિધિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી. નવી દિલ્હીના રામલીલા મેદાનમાં દિલ્હીના પ્રધાનોની શપથવિધિ યોજાઇ હતી. (પીટીઆઇ)

પચાસ વર્ષનાં રેખા ગુપ્તાએ ગુરુવારે બપોરે દિલ્હી સચિવાલય ખાતે કાર્યાલયનો હવાલો સંભાળી લીધો હતો.

ભાજપનાં સુષમા સ્વરાજ, કૉંગ્રેસનાં શીલા દીક્ષિત અને 'આપ'નાં આતિશી બાદ રેખા ગુપ્તા દિલ્હીનાં ચોથા મહિલા મુખ્ય પ્રધાન બન્યાં છે.

પ્રધાનમંડળના અન્ય પુરુષ સભ્યોને ઑવરટેક કરીને રેખા ગુપ્તા દિલ્હીનાં મુખ્ય પ્રધાન બન્યાં છે.

શપથગ્રહણ સમારોહ બાદ નવા પ્રધાનમંડળના સભ્યો અને અન્ય મહાનુભવો શહેરની લક્ઝરી હોટલમાં ભોજન માટે ગયા હતા.

શપથગ્રહણ સમારોહ અગાઉ રેખા ગુપ્તાએ ભારપૂર્વક કહ્યું હતું કે શહેરની પાત્ર મહિલાઓને માસિક રૂ. ૨,૫૦૦ આપવાનું વચન અમારી સરકાર પાળશે અને દસ વર્ષના શાસનકાળ દરમિયાન 'આપ'એ કરેલાં ખોટાં કાર્યો બદલ તેમને જવાબદાર ઠેરવી કાર્યવાહી કરવામાં આવશે. 'આપ'એ જનતાના એક એક રૂપિયાનો હિસાબ આપવો પડશે, એમ તેમણે કહ્યું હતું.

પાત્ર મહિલાઓનો પ્રથમ માસિક હપ્તો આઠ માર્ચના મહિલા દિને તેમનાં ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું પૂરું કરવું એ દિલ્હી ભાજપના તમામ ૪૮ વિધાનસભ્યની જવાબદારી હશે, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીની નવી સરકારની પ્રાથમિકતા યમુનાની સફાઈ હશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમારી સરકાર સામે ચૂંટણી દરમિયાન આપેલાં વચનોની પૂર્તિ કરવા સહિતના અનેક પડકારો હશે.

હરિયાણાના જૂલાનામાં જન્મેલાં રેખા ગુપ્તા દિલ્હી યુનિવર્સિટીથી કાયદાનાં સ્નાતક છે. મૂળભૂત રીતે તેઓ આરએસએસનાં છે. બાવીસ વર્ષથી તેઓ આરએસએસ સાથે સંકળાયેલાં છે. વર્ષ ૧૯૯૨માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)નાં સભ્ય તરીકે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.

નવા મુખ્ય પ્રધાનને અભિનંદન અને શુભેચ્છા આપી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રેખા ગુપ્તા પૂરા ઉત્સાહ સાથે શહેરના વિકાસ માટે કામ કરશે.

એનડીએની મુખ્ય પ્રધાનોની ટીમમાં રેખા ગુપ્તા એકમાત્ર મહિલા મુખ્ય પ્રધાન અને પ. બંગાળમાં ટીએમસીના સુપ્રીમો મમતા બેનરજી બાદ દેશનાં બીજા મુખ્ય પ્રધાન છે.

૫૦,૦૦૦ કરતાં પણ વધુ લોકોએ આ શપથગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. સંગીત, વાજિંત્રો, નૃત્ય, ભાજપના ધ્વજ, તેમ જ 'જયશ્રી રામ' અને 'મોદી, મોદી'ના સૂત્રોચ્ચાર વચ્ચે શપથગ્રહણ સમારોહ પાર પાડવામાં આવ્યો હતો.

અગાઉ બુધવારે વિધાયક દળની બેઠકમાં સર્વાનુમતીથી દિલ્હીનાં નવા મુખ્ય પ્રધાન તરીકે રેખા ગુપ્તાના નામની પસંદગી કરવામાં આવી હતી. જોકે, બેઠકમાં દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાનના નામની જાહેરાત કરવામાં નહોતી આવી.

દિલ્હીનાં નવાં મુખ્ય પ્રધાન તરીકે પોતાના નામની કરવામાં આવેલી પસંદગી અને સોંપવામાં આવેલી નવી જવાબદારી બદલ રેખા ગુપ્તાએ કેન્દ્રીય નેતૃત્વ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષના તમામ વિધાનસભ્યોનો આભાર માન્યો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન પાંચમી ફેબ્રુઆરીએ થયું હતું અને આઠ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

અગાઉ દિલ્હીમાં ત્રણવાર સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવી ભાજપે ૪૮ બેઠક પર વિજય મેળવ્યો હતો.

અગાઉની બે ચૂંટણીમાં ભાજપ અનુક્રમે માત્ર ત્રણ અને આઠ જ બેઠક પર વિજય મેળવી શક્યો હતો.

છેલ્લી ચૂંટણીમાં ૬૨ બેઠક પર વિજય મેળવનાર આમ આદમી પાર્ટીને આ વખતે માત્ર બાવીસ બેઠક જ મળી હતી. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવા મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાને અભિનંદન અને શુભેચ્છા આપ્યા હતા. (એજન્સી)

## કાશ્મીર અને શિમલામાં તાજી હિમવર્ષા

શ્રીનગર/શિમલા: કાશ્મીર અને શિમલાના ઘણા ઊંચા વિસ્તારોમાં ગુરુવારે તાજી હિમવર્ષા નોંધાઈ હતી, જ્યારે મેદાની વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગુલમર્ગ, સોનમર્ગ અને પહેલગામ, બડગામ જિલ્લાના દૂધપથરી, શોપિયાંના હીરપોરા વિસ્તાર અને બારામુલ્લાના ઉડીમાં હળવી હિમવર્ષા નોંધાઈ હતી.

હિમાચલ પ્રદેશના શિમલા, લાહૌલ અને સ્પીતિ, કિન્નૌર અને કુલ્લુ જિલ્લાના અલગ-અલગ અને ઊંચા વિસ્તારોમાં હિમવર્ષા જોવા મળી હતી, જ્યારે મધ્યમ અને નીચી પહાડીઓમાં હળવો વરસાદ થયો હતો, જેના કારણે ગુરુવારે કેટલાક રસ્તાઓ બંધ થઈ ગયા હતા. શ્રીનગર સહિતનાં મેદાનોમાં વધુ વરસાદની આગાહી સાથે તૂટક તૂટક વરસાદથી કાશ્મીરમાં વરસાદની ઊંચી ખાધ ઘટવાની લોકોમાં આશા જાગી છે.કાશ્મીરમાં આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં મોટે ભાગે શુષ્ક શિયાળો જોવા મળ્યો હતો.




હિમવર્ષા: કુલ્લુ જિલ્લામાં સોલાંગ વેલી ખાતે નવેસરથી થયેલી હિમવર્ષાનો આનંદ માણતા પર્યટકો. (પીટીઆઇ)

હવામાન વિભાગે ગુરુવારે ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અથવા હિમવર્ષાની આગાહી કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે ૨૧-૨૩ ફેબ્રુઆરી સુધી હવામાન વાદળછાયું રહેવાની શક્યતા છે, ૨૪-૨૫ ફેબ્રુઆરીએ છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે, અને ૨૬-૨૮ ફેબ્રુઆરીએ ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અથવા બરફ પડવાની શક્યતા છે.હવામાન કચેરીએ ગુરુવાર અને શુક્રવારે હિમાચલ પ્રદેશના ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડી જિલ્લામાં ભારે વરસાદ, હિમવર્ષા અને વાવાઝોડાની ઓરેન્જ ચેતવણી જારી કરી છે.

લાહૌલ-સ્પીતિ અને કિન્નૌરમાં હળવાથી મધ્યમ હિમવર્ષાની શક્યતા છે અને આગામી બે દિવસમાં કાંગડા, ચંબા, શિમલા, કુલ્લુ, મંડી, સિરમૌર અને કુલ્લુ જિલ્લાના ઊંચા વિસ્તારોમાં પણ હિમવર્ષા થવાની સંભાવના છે.

કુફરી, નારકંડા, મનાલી, સોલાંગ વેલી, ડેલહાઉસી, સિસુ અને શિમલા અને આસપાસના વિસ્તારોમાં તથા પર્યટન સ્થળોમાં એક અથવા બે મધ્યમ ઝાપટાં સાથે હળવી હિમવર્ષાની પણ શક્યતા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## શમી અને શુભમને ભારતને શુભ શરૂઆત કરી આપી

### બાંગ્લાદેશ સામે ટીમ ઈન્ડિયાનો છ વિકેટે આસાન વિજય

દુબઈ: ભારતે ગઈ કાલે અહીં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશને ૨૧ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવી દીધું હતું. ૨૦૦મી વન-ડે વિકેટની સિદ્ધિ મેળવનાર મોહમ્મદ શમી (૧૦-૦-૫૩-૫) અને વન-ડેના વર્લ્ડ નંબર-વન બૅટર શુભમન ગિલ (૧૦૧ અણનમ, ૧૨૯ બૉલ, બે સિક્સર, નવ ફોર) ભારતની આ યાદગાર મુકાબલાના બે મૅચ-વિનર હતા. બાંગ્લાદેશે ટૉસ જીત્યા બાદ ફાઇટબૅક સાથે અને મહામહેનતે ૪૯.૪ ઓવરમાં ૨૨૮ રન બનાવ્યા ત્યાર બાદ ભારતે થોડા વિઘ્નો જોયા પછી ૪૬.૩ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૩૧ રન બનાવીને આ ટૂર્નામેન્ટમાં બે પૉઇન્ટ સાથે ખાતું ખોલાવ્યું હતું.

ભારત ગ્રૂપ-એમાં હવે દુબઈમાં બીજી મૅચ રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) કટ્ટર હરીફ પાકિસ્તાન સામે રમશે.

ઓપનિંગમાં આવ્યા બાદ છેક ૪૭મી ઓવર સુધી અણનમ રહીને ભારતને વિજય અપાવનાર ગિલને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ભારતે ૨૨૯ રનના સાધારણ લક્ષ્યાંક સામે સાવચેતીપૂર્વકની અને ધીમી, પરંતુ જડબેસલાક શરૂઆત કરી હતી. વાઇસ-કૅપ્ટન ગિલ અને કૅપ્ટન રોહિત શર્મા (૪૧ રન, ૩૬ બૉલ, સાત ફોર) વચ્ચે ૬૯ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. ત્યાર બાદ વિરાટ કોહલી ૩૮ બૉલમાં બાવીસ રનની સાવ સાધારણ ઇનિંગ્સ રમ્યો હતો, પણ તેની અને ગિલ વચ્ચે બીજી વિકેટ માટે ૪૩ રનની જે ભાગીદારી થઈ એમાં ગિલે ક્રીઝમાં વધુ સારી જમાવટ કરી હતી અને બાંગ્લાદેશની જીતની આશાને નબળી કરી દીધી હતી. શ્રેયસ ઐયર ફક્ત ૧૫ રન અને અક્ષર પટેલ આઠ રન બનાવીને પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો, પણ ત્યાર બાદ વિકેટકીપર કેએલ રાહુલે (૪૧ અણનમ, ૪૭ બૉલ, બે સિક્સર, એક ફોર) ૩૧મી ઓવરમાં છઠ્ઠા ક્રમે ક્રીઝમાં આવ્યા બાદ ગિલને છેક સુધી સાથ આપ્યો હતો. બન્ને વચ્ચે પાંચમી વિકેટ માટે ૮૭ રનની અતૂટ અને મૅચ-વિનિંગ પાર્ટનરશિપ થઈ હતી. બાંગ્લાદેશના બોલર્સમાં રિશાદ હુસૈને બે વિકેટ તથા તાસ્કિન અહમદ અને મુસ્તફિઝુર રહમાને એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, બાંગ્લાદેશે બૅટિંગ પસંદ કર્યા બાદ ધબડકા સાથે શરૂઆત કરી હતી, પરંતુ મિડલ-ઑર્ડરના બે બૅટર વચ્ચેની ૧૫૪ રનની વિક્રમજનક ભાગીદારીની મદદથી છેવટે ભારતના આ પાડોશી દેશની ટીમની ઇનિંગ્સ ૫૦મી ઓવરના ચોથા બૉલ પર ૨૨૮ રનના સન્માનજનક સ્કોર પર પૂરી થઈ હતી. પાંચમા નંબર પર બૅટિંગમાં આવેલા તૌહિદ હૃદય (૧૦૦ રન, ૧૧૮ બૉલ, ૧૮૫ મિનિટ, બે સિક્સર, છ ફોર) આ ઇનિંગ્સનો સુપરસ્ટાર હતો.

અરબી ભાષામાં તૌહિદ નામનો 'સબ કા માલિક એક' એવો અર્થ થાય છે. તૌહિદ હૃદયે ગઈ કાલે માત્ર વન-ડે ફૉર્મેટમાં જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પહેલી વાર સદી ફટકારી હતી. તેની અને સાતમા નંબરના બૅટર જાકર અલી (૬૮ રન, ૧૧૪ બૉલ, ૧૨૭ મિનિટ, ચાર ફોર) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૨૦૬ બૉલમાં ૧૫૪ રનની ભાગીદારી થઈ હતી.

પંદર મહિને આઇસીસી ટૂર્નામેન્ટમાં કમબૅક કરનાર મોહમ્મદ શમી (૧૦-૦-૫૩-૫) ભારતના બોલર્સની ફોજનો સુપરસ્ટાર હતો. તેણે કરીઅરની ૨૦૦ વિકેટની સિદ્ધિ પણ મેળવી હતી.

એક તબક્કે બાંગ્લાદેશનો સ્કોર નવમી ઓવરમાં પાંચ વિકેટે ફક્ત ૩૫ રન હતો. એ તબક્કે એવું લાગતું હતું કે આ ટીમ માંડ ૭૫ રનની આસપાસ ઑલઆઉટ થઈ જશે, પરંતુ હૃદય-જાકર વચ્ચેની ૧૫૪ રનની ભાગીદારીએ ટીમના સ્કોરને ૨૦૦ રનની નજીક પહોંચાડી દીધો હતો. જાકર અલી છઠ્ઠી વિકેટના રૂપમાં આઉટ થયો ત્યારે ટીમનો સ્કોર ૧૮૯ રન હતો અને ત્યાર બાદ બીજી બે-ત્રણ નાની ભાગીદારીની મદદથી બાંગ્લાદેશની ઇનિંગ્સ ૪૯.૪ ઓવરમાં ૨૨૮ રનના સ્કોર પર સમાપ્ત થઈ હતી. ઈજાગ્રસ્ત જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ફાસ્ટ બોલિંગમાં આગેવાની સંભાળી રહેલા મોહમ્મદ શમીએ ૫૩ રનમાં સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી. ૪૩મી ઓવરમાં હૃદય અને જાકરની જોડીને શમીએ જ તોડી હતી.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રેખા શીલાના રસ્તે ચાલશે તો લાંબું ખેંચશે

**દિલ્હીનાં** મુખ્ય પ્રધાનપદે અંતે રેખા ગુપ્તાની શપથવિધિ થઈ ગઈ. દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાયેલા શપથગ્રહણ સમારોહમાં રેખા ગુપ્તાની સાથે પ્રવેશ વર્મા, આશિષ સૂદ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દર ઇન્દ્રરાજ સિંહ, કપિલ મિશ્રા અને પંકજ કુમાર સિંહે પણ શપથ લેતાં દિલ્હીમાં ભાજપની ફૂલ કેબિનેટ કામ કરતી થઈ ગઈ છે. રેખા ગુપ્તાની શપથવિધિ સાથે એક રસપ્રદ વાત એ જોડાયેલી છે કે, રેખા ગુપ્તાએ દિલ્હીનાં સાતમા મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા અને દિલ્હીમાં સાત મુખ્ય પ્રધાનમાંથી ચાર મુખ્ય પ્રધાન મહિલા છે. રેખા ગુપ્તા દિલ્હીનાં ચોથા મહિલા મુખ્ય પ્રધાન બન્યાં છે અને દિલ્હી દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં પુરૂષો કરતાં મહિલા મુખ્ય પ્રધાનની સંખ્યા વધારે છે.

મદનલાલ ખુરાના દિલ્હીના પહેલા મુખ્ય પ્રધાન હતા. ખુરાના પછી સાહિબસિંહ વર્મા અને અરવિંદ કેજરીવાલ એમ કુલ ત્રણ પુરૂષ મુખ્ય પ્રધાન આવ્યા ત્યારે સુષમા સ્વરાજ, શીલા દીક્ષિત, આતિશી માર્લેના અને હવે રેખા ગુપ્તા એમ ચોથાં મહિલા મુખ્ય પ્રધાન આવ્યાં છે. આપણા દેશમાં લોકો માટે આ ગર્વની વાત કહેવાય. નાનું તો નાનું પણ આ દેશમાં એક રાજ્ય તો એવું છે કે જ્યાં મહિલાઓને મહત્ત્વ મળ્યું છે. રેખા ગુપ્તાની કેબિનેટના બાકીના સભ્યો પુરૂષો જ છે પણ તેમનાં ચીફ મહિલા છે એ સારું છે.

રેખા ગુપ્તા ભાજપના પિતૃ સંગઠમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની પસંદગી મનાય છે. મીડિયાના રિપોર્ટ પ્રમાણે સંઘે રેખા ગુપ્તાનું નામ સૂચવ્યું હતું કે જેને ભાજપે સ્વીકારી લીધું છે. આ પહેલાં મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસને પણ સંઘના કહેવાથી જ ગાદી સોંપાઈ હતી એવું કહેવાય છે. આ વાત સાચી હોય તો નરેન્દ્ર મોદીએ સંઘ સામે શરણાગતિ સ્વીકારી લીધી કહેવાય. બાકી નરેન્દ્ર મોદી સંઘને ગણકારતા નહોતા. ગુજરાત સહિતનાં રાજ્યોમાં તો સંઘનું અસ્તિત્વ નામશેષ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓનો કોઈ ભાવ જ પૂછતું નથી ત્યાં લોકોના કામ કરાવી આપવાની તો વાત જ થાય એમ નથી.

નરેન્દ્ર મોદી ૨૦૧૪માં પોતાના કરિશ્મા પર જીત્યા હતા અને ૨૦૧૯માં પાકિસ્તાનમાં ઘૂસીને કરેલી સર્જિકલ સ્ટ્રાઈકના કારણે ઊભા થયેલા દેશપ્રેમના કારણે જીત્યા હતા. નરેન્દ્ર મોદીએ અમિત શાહને આગળ કરીને તોડફોડનું રાજકારણ અપનાવીને બીજી પાર્ટીઓમાંથી જીતી શકે એવા લોકોને લાવી લાવીને ભાજપ ભરી દીધો હતો. મોદી અને શાહ એવું જ માનવા લાગેલા કે, ભાજપની સફળતા પોતાને કારણે છે ને આ સફળતા કદી જવાની નથી પણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દેશની જનતાએ તેમને પોતાની તાકાતનો પરચો આપી દીધો.

સળંગ બે વાર સ્પષ્ટ બહુમતી મેળવનારા ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી અને ભાજપ ૨૪૦ બેઠકો પર સમેટાયો પછી મોદીને કદાચ લાગ્યું હોય કે, આ રીતે અમિત શાહની રીતરસમોથી લાંબું નહી ખેંચી શકાય એટલે તેમણે સંઘની શરણાગતિ સ્વીકારી લીધી હોય એ શક્ય છે. સંઘની વિચારધારા અને વિશેષ તો તેની કાર્યપદ્ધતિ બહુ વખાણવા જેવી નથી. સંઘની સૌથી મોટી નબળાઈ મર્દાનગીનો અભાવ છે. કોઈ પણ મુદ્દે તડ ને ફડ કરીને મક્કમ વલણ લેવાનું આવે ત્યારે સંઘના નેતા પાણીમાં બેસી જાય છે. બહુ જૂની વાતો ના કરીએ તો પણ બાંગ્લાદેશ અને મણિપુરના હિંદુઓના મુદ્દા સામે જ છે. બંને ઠેકાણે હિંદુઓ મરી રહ્યા હતા ને સંઘ તમાશો જોઈ રહ્યો હતો.

બાંગ્લાદેશ તો બીજો દેશ છે એટલે મોદીનું ત્યાં કશું ના ઊપજે એ માની શકાય પણ કમ સે કમ ફૂંફાડો તો મારી શકાય કે નહીં ? સંઘ મોદી પાસે એટલું પણ ના કરાવી શક્યો કેમ કે સંઘ પોતે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી રહ્યો હતો. મણિપુર તો ભારતનું રાજ્ય છે ને મોદી સરકારની બંધારણીય ફરજ હિંદુઓને બચાવવાની હતી. શરમજનક વાત એ છે કે દોઢ વર્ષની હિંસા છતાં મોદી મણિપુર ના ગયા ને હજુ સુધી એક હરફ ઉચ્ચાર્યો નથી. સંઘ મણિપુરના હિંદુઓના મુદ્દે પણ ચૂપ બેસી રહ્યો. મોદીસાહેબ વિદેશોમાં ફરતા રહ્યા ને સંઘ મૂક પ્રેક્ષક બનીને જોઈ રહેવા સિવાય કશું ના કરી શક્યો.

મોદીએ સંઘ સામે શરણાગતિ સ્વીકારી હોય તો એ માટેનાં કારણો સ્પષ્ટ છે. એ જ રીતે રેખા ગુપ્તા સંઘની પસંદગી હશે તો એ માટેનાં કારણો હશે. આપણે એ કારણોની ચર્ચામાં નથી પડતા પણ રેખા ગુપ્તા દિલ્હીમાં ભાજપનો બીજો જે ફાલ છે તેના કરતાં બહેતર પસંદગી સાબિત થઈ શકે છે.

દિલ્હીમાં પ્રવેશ વર્મા સહિતના નેતા અતિશય આક્રમક છે કે જેમની પિન હિંદુત્વના મુદ્દા પર ચોંટેલી છે. એ લોકોનું રાજકારણ હિંદુ વર્સીસ મુસ્લિમમાં સમેટાયેલું છે તેથી તેમની પાસેથી દિલ્હીના ઉધ્ધારની અપેક્ષા ના રખાય. વિજેન્દ્ર ગુપ્તા સહિતના નેતા હાઈકમાન્ડના પપેટ છે તેથી વાત વાતમાં બધું ઉપર પૂછવા જવાના. ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ ટાઈપના આ નેતાઓથી પ્રજાનું કશું ભલું ના થાય. એ લોકો પોતાની ખુરશી સાચવીને ખુશ રહ્યા કરે પણ તેમાં ભાજપનું કે દેશનું ભલું નથી.

રેખા ગુપ્તા પણ વર્તવાનાં તો ભાજપ હાઈકમાન્ડ અને સંઘના પપેટ તરીકે જ છે પણ છતાં તેમની પાસેથી એ રીતે આશા રાખી શકાય કે, તેમનું રાજકારણ સંઘર્ષનું છે તેથી સાવ હવામાં નહીં ઊડે. રેખા ગુપ્તાએ વિદ્યાર્થી નેતા તરીકે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાંથી પોતાની રાજકીયકારકિર્દીની શરૂઆત કરી હતી પણ બહુ મહેનત પછી સફળતા મળી છે. રેખા ગુપ્તા પહેલી જ વાર ધારાસભ્ય બન્યાં છે અને પહેલાં બે વાર ધારાસભ્યની ચૂંટણી હારી ચૂક્યાં છે. પહેલી વાર તે ૧૧,૦૦૦ મતોથી હારી ગયાં હતાં જ્યારે છેલ્લી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના વંદના સામે સાડા ચાર હજાર મતોથી હારી ગયાં હતાં. આ કારણે તેમને એ વાતનો અહેસાસ હશે જ કે, માત્ર ઉપર બેઠેલા લોકોને ખુશ રાખવાથી રાજકારણમાં ટકાતું નથી પણ લોકોનાં કામ પણ કરવાં પડે છે. બાકી લોકો લાત મારીને તગેડી મૂકે છે. આ અહેસાસના કારણે એ લોકોનાં કામ કરશે એવી આશા રાખી શકાય.

દિલ્હીમાં રેખા ગુપ્તા પહેલાં જે ત્રણ મહિલા મુખ્ય પ્રધાન આવી તેમાંથી બે મુખ્ય પ્રધાનનો કાર્યકાળ બહુ ટૂંકો હતો. સુષમા સ્વરાજ ૫૦ દિવસ ટકેલાં જ્યારે આતિશી ત્રણ મહિના ગાદી પર રહ્યાં. શીલા દીક્ષિત ૧૫ વર્ષ ટક્યાં કેમ કે શીલાએ મેટ્રો સહિતની લોકોને ફાયદો કરાવનારી યોજનાઓ અમલમાં મૂકીને દિલ્હીની કાયાપલટ કરવાનો પ્રયત્ન કર્યો હતો. રેખા પણ શીલાના રસ્તે ચાલશે તો લાંબું ખેંચશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૧–૨–૨૦૨૫,જાનકી જન્મ

- ભારતીય દિનાંક ૨, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૮
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા બપોરે ક. ૧૫–૫૩ સુધી.પછી જ્યેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮–૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૫૩ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૧૧–૦૫, રાત્રે ક. ૨૩–૪૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માઘ કૃષ્ણ – અષ્ટમી. અન્વષ્ટકા શ્રાદ્ધ, જાનકી જન્મ, બુધ પશ્ચિમમાં ઉદય થાય છે, વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,ખાત મુહૂર્ત,વાસ્તુ કળશ,સર્વદેવ પ્રતિષ્ઠા,શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સપ્તશતી પાઠ વાંચન. હવન, શનિદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન,નવા વસ્ત્રો–આભૂષન,ધાન્ય ઘરે લાવવું,પશુ લેવડ–દેવડ ,નાગ કેશરનાં ઔષધિય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું. પ્રયાણ શુભ,મુંડન કરાવવું નહીં. મહેંદી લગાવવી,નવા આભૂષણ, વસ્ત્રો, વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન, વેપાર, સ્થાવર –લેવડ દેવડ, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પ્રાણી પાળવાં. શાંતિપૌષ્ટિક, સર્વશાંતિ પૂજા,જ્યેષ્ઠા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા,બી વાવવું,
- આચમનઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ લાગણીવાળા, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ દંભી, ચંદ્ર–બુધ ચતુષ્કોણ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ. ચંદ્ર જયેષ્ઠા યુતિ, બુધ પશ્ચિમમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, વક્રી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# દિલ્હીના સાતમાંથી પાંચ પ્રધાન સામે ફોજદારી કેસ

### બે પ્રધાન અબજોપતિ, ૮૬ ટકા પ્રધાન સ્નાતક

નવી દિલ્હીઃ દિલ્હીનાં મુખ્ય પ્રધાન સહિત સાત પ્રધાને ગુરુવારે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા, પણ તેઓમાંના મુખ્ય પ્રધાન સહિત પાંચ એટલે કે ૭૧ ટકા પ્રધાનોની સામે ફોજદારી કેસ છે, જ્યારે બે પ્રધાન એટલે કે ૨૯ ટકા પ્રધાન અબજોપતિ છે.

‘એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ’એ સંબંધિત માહિતી જાહેર કરી હતી. દિલ્હી વિધાનસભાની ચાલુ વર્ષે યોજાયેલી ચૂંટણી વખતે આ પ્રધાનોએ ભરેલા સોગંદનામાને આધારે આ માહિતી ભેગી કરાઇ હતી.

‘એસોશિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ’એ જાહેર કરેલા અહેવાલ મુજબ મુખ્ય પ્રધાન બનેલાં રેખા ગુપ્તા સહિત પાંચ પ્રધાને ચૂંટણી વખતે નોંધાવેલા સોગંદનામામાં પોતાની સામે ફોજદારી કેસ હોવાનું જણાવ્યું હતું.

આશિષ સૂદ નામના એક પ્રધાનની સામે તો ગંભીર ફોજદારી કેસ છે.

દિલ્હીના નવા સાત પ્રધાનની આર્થિક સ્થિતિના આંકડા મુજબ રાજૌરી ગાર્ડન મતવિસ્તારમાંથી ચૂંટાયેલા મનજિન્દરસિંહ સિરસાની કુલ અસ્કયામત સૌથી વધુ (રૂપિયા ૨૪૮.૮૫ કરોડ) છે, જ્યારે સૌથી ઓછી સંપત્તિ (રૂપિયા ૧.૦૬ કરોડ) કારવાલનગર મતવિસ્તારમાંથી ચૂંટાયેલા કપિલ મિશ્રાની છે. સાત પ્રધાનની સરેરાશ મિલકત રૂપિયા ૫૬.૦૩ કરોડ છે. સાતે પ્રધાને પોતાના પર કરજ હોવાનું સોગંદનામામાં જણાવ્યું હતું. તેઓમાં સૌથી વધુ (રૂપિયા ૭૪.૩૬ કરોડ) કરજ નવી દિલ્હીના પરવેશ સાહિબ સિંહ પર છે. સાતમાંના છ પ્રધાન (૮૬ ટકા) સ્નાતક કે અનુસ્નાતક થયેલા છે, જ્યારે એક પ્રધાન બારમા ધોરણ સુધી ભણેલા છે. સાતમાંના પાંચ પ્રધાનની વય ૪૧થી પચાસ વર્ષની વચ્ચે છે, જ્યારે બે પ્રધાનની ઉંમર ૫૧થી ૬૦ વર્ષ વચ્ચેની છે. (એજન્સી) ■

# ટ્રમ્પે વિદેશોની આર્થિક સહાય બંધ કરતા ચીનને લાભ થશે

વૉશિંગ્ટનઃ અનેક આંતરરાષ્ટ્રીય રાજકીય નિષ્ણાતોના મત મુજબ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અસંખ્ય દેશને અપાતી આર્થિક સહાય બંધ કરી રહ્યા હોવાથી તેનો સીધો કે આડકતરી રીતે લાભ ચીનને થવાની શક્યતા છે.

ટ્રમ્પની ‘પ્રથમ અમેરિકા’ની આક્રમક નીતિની સામે કેટલાક સાંસદ અને રાજકીય નિષ્ણાતો સવાલ ઉઠાવી રહ્યા છે. તેઓ માને છે કે વિદેશોને, ખાસ કરીને નાના ગરીબ દેશોને અપાતી આર્થિક સહાય પણ અમેરિકા બંધ કરી રહ્યું હોવાથી ચીનનો પ્રભાવ વૈશ્વિક સ્તરે વધશે અને તેનાથી અમેરિકાના હિતને નુકસાન થશે.

દાખલા તરીકે, ચીન દ્વારા કંબોડિયાને જમીનમાં છુપાવેલા વિસ્ફોટકો દૂર કરવા માટે ૪૪ લાખ ડૉલરની સહાય કરાઇ છે, જ્યારે ટ્રમ્પે કંબોડિયાને આ કામગીરી માટે અમેરિકા દ્વારા કરાતી ૬૩ લાખ ડૉલરની સહાય અટકાવી દીધી છે.

શું ટ્રમ્પની નવી આક્રમક વિદેશ નીતિનો લાભ ચીન અને રશિયાને નથી થઇ રહ્યો? એવો સવાલ તાજેતરમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર માઇક વૉલ્ટ્ઝને પુછાયો હતો.

અમેરિકાએ પનામામાં ‘બેલ્ટ ઍન્ડ રોડ ઇનિશિએટિવ’ કાર્યક્રમમાંથી નીકળી જવાના લીધેલા નિર્ણયની બીજિંગ દ્વારા ટીકા કરાઇ હતી.

નિષ્ણાતો માને છે કે અમેરિકા જે દેશની સહાય બંધ કરી રહ્યું છે અથવા જે દેશમાંથી પીછેહઠ કરી રહ્યું છે, ત્યાં ચીન પોતાનો પ્રભાવ વધારવા માટે આતુર છે.

ચીન વિદેશોને ઊર્જા અને આંતરિક માળખાના વિકાસ માટે મોટા પાયે કરજ આપી રહ્યું છે, જ્યારે અમેરિકા સાર્વજનિક આરોગ્ય અને માનવતાના હેતુસરની આર્થિક સહાયમાં ઓછા કે વગર વ્યાજની લોન આપે છે. (એજન્સી) ■

# સોશિયલ મીડિયા, ઓટીટી પ્લેટફોર્મ્સને અશ્લીલતા રોકવા કડક સૂચના આપતું કેન્દ્ર

નવી દિલ્હીઃ કેન્દ્રે સોશિયલ મીડિયા અને ઓવર-ધ-ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ્સને અશ્લીલ, બીભત્સ અને હિંસક કાર્યક્રમોનું પ્રસારણ રોકવા અથવા તેના પર નિયંત્રણ મૂકવા માટે કડક પગલાં લેવાની સૂચના આપી હતી.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે સંબંધિત સૂચના આપતા જણાવ્યું હતું કે માહિતી તંત્રજ્ઞાનને લગતા ૨૦૨૧ના કાયદા (આઇટી રુલ્સ, ૨૦૨૧)માં સિદ્ધાંત, નીતિને લગતા જે નિયમ છે, તેને વળગી રહેવું જરૂરી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું હતું કે કાયદામાં જેના પર પ્રતિબંધ મુકાયો છે, તેવા કોઇ પણ ‘કન્ટેન્ટ’નું સોશિયલ મીડિયા કે ઓટીટી પ્લેટફોર્મ્સ પર પ્રસારણ થવું ન જોઇએ. જે કાર્યક્રમને ‘એ’ સર્ટિફિકેટ અપાયું છે, તેને બાળકો ન જુએ તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સર્વોચ્ચ અદાલતે સોશિયલ મીડિયામાંની અશ્લીલતા રોકવા માટે કડક પગલાં લેવા આપેલા આદેશને પગલે કેન્દ્રે સંબંધિત સૂચના આપી હતી. અદાલતે જણાવ્યું હતું કે હાલમાં યૂટ્યૂબ સહિતના સોશિયલ મીડિયા પર અશ્લીલ, બીભત્સ ‘કન્ટેન્ટ’ પણ અન્ય કાર્યક્રમની જેમ મુકાય છે. (એજન્સી) ■

# આઠ માર્ચથી દિલ્હીની મહિલાઓને દર મહિને મળશે ૨૫૦૦ રૂપિયા, મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાની જાહેરાત

નવી દિલ્હીઃ દિલ્હીની મહિલાઓને આગામી આઠ માર્ચથી દર મહિને ૨૫૦૦ રૂપિયા મળશે. દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ આ જાહેરાત કરી હતી. રેખા ગુપ્તાએ ગુરુવારે ખાતરી આપી હતી કે ભાજપ સરકાર મહિલાઓને મહિને ૨,૫૦૦ રૂપિયાની સહાય આપવાનું પોતાનું વચન પૂર્ણ કરશે. શપથ ગ્રહણ સમારોહ માટે રામલીલા મેદાન જતા પહેલા તેમણે પોતાના નિવાસસ્થાનની બહાર પત્રકારો સાથે વાત કરતી વખતે આ જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે આ યોજનાનો પ્રથમ હપ્તો ૮ માર્ચ સુધી મહિલાઓના બૅન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. નોંધનીય છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીએ સત્તામાં પાછા ફરવા પર મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. જ્યારે ભાજપે આમ આદમી પાર્ટીથી આગળ વધીને પોતાના ચૂંટણી ઢંઢેરામાં મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. નોંધનીય છે કે ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે.

આ દરમિયાન તેમણે આમ આદમી પાર્ટીની સરકાર પર પણ પ્રહારો કર્યા હતા. રેખા ગુપ્તાએ કહ્યું કે તેઓએ (આમ આદમી પાર્ટી) લોકોને એક-એક પૈસાનો હિસાબ આપવો પડશે. દિલ્હીના તમામ ૪૮ ભાજપના ધારાસભ્યોની જવાબદારી છે કે તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપનને પૂર્ણ કરે. અમે મહિલાઓ માટે નાણાકીય સહાય સહિત અમારા તમામ વચનો ચોક્કસપણે પૂર્ણ કરીશું. રેખા ગુપ્તા સાથે, ભાજપના ધારાસભ્યો પરવેશ વર્મા, આશિષ સૂદ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દર ઈન્દ્રાજ સિંહ, કપિલ મિશ્રા અને પંકજ સિંહે દિલ્હીના મંત્રી તરીકે શપથ લીધા હતા. ■

# ભારતમાં મતદાન વધારવા ૨.૧ કરોડ ડૉલર ફાળવવાના બાઈડન વહીવટી તંત્રના નિર્ણય સામે ટ્રમ્પે સવાલ ઉઠાવ્યા

ન્યૂ યૉર્કઃ મતદાન વધારવા ભારતને ૨.૧ કરોડ ડૉલર ફાળવવાના બાઈડન વહીવટી તંત્રના નિર્ણય સામે ફરી સવાલ ઉઠાવતાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે અન્ય કોઈને ચૂંટી કાઢવા તેઓ આ પ્રયાસ કરી રહ્યા હતા.

મિયામી ખાતે ગુરુવારે એફઆઈઆઈ પ્રાયોરિટી સમિટને સંબોધન કરતાં ટ્રમ્પે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ટ્રમ્પે અગાઉ પણ આ જ પ્રકારની ચિંતા વ્યક્ત કરી હતી અને ભારતને આ પ્રકારની આર્થિક સહાય કરવા સામે સવાલ ઉઠાવ્યા હતા.

ભારતના ઊંચા કરવેરાને કારણે અમેરિકા ભાગ્યે જ એમ કરી શકે એમ હોવાનું જણાવી ટ્રમ્પે મતદાન વધારવા ભારતને ૨.૧ કરોડ ડૉલર ફાળવવા પાછળના આશય સામે સવાલ ઉઠાવ્યો હતો.

ભારતમાં મતદાન વધારવા યુએસએઆઈડીએ ૨.૧ કરોડ ડાળવ્યા હોવાની ઈલૉન મસ્કના વડપણ હેઠળના ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિસિઅન્સી (ડીઓજીઈ)એ જાહેરાત કર્યા બાદ ટ્રમ્પે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

હું પ્રમુખ બન્યો એ અગાઉ તમારા રૂપિયા ક્યાં જતા હતા તેનું દૃષ્ટાંત આપતાં ટ્રમ્પે એફઆઈઆઈ સમિટમાં કહ્યું હતું કે ભારતમાં મતદાન વધારવા અમેરિકાએ શા માટે ૨.૧ કરોડ ડૉલર ખર્ચવા જોઈએ? મારું માનવું છે કે બાઈડન વહીવટીતંત્ર ભારતમાં અન્ય કોઈ ચૂંટાઈ આવે તે માટે પ્રયાસ કરી રહ્યું હતું. આ બાબત આપણે ભારત સરકારને જણાવવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

ટ્રમ્પે કહ્યું હતું કે રશિયા જ્યારે અમેરિકામાં બે ડૉલર પણ ખર્ચે છે ત્યારે તે મોટી વાત બની જાય છે તો પછી અમેરિકા ભારતની ચૂંટણીમાં ૨.૧ કરોડ ડૉલર અને બાંગ્લાદેશમાં રાજકીય સ્થિતિ મજબૂત કરવા ૨.૯ કરોડ ડૉલર, નેપાળમાં બાયોડાયવર્સિટી કન્વર્ઝન માટે ૧.૯ કરોડ ડૉલર ખર્ચે એ તો બહુ મોટી વાત કહેવાય. એશિયાના દેશો સારી કામગીરી કરી રહ્યા છે અમેરિકાએ તેમના માટે ખર્ચ કરવાની જરૂર નથી, એમ ટ્રમ્પે કહ્યું હતું. (એજન્સી)



બજેટઃ લખનઊ ખાતે ઉત્તર પ્રદેશની વિધાનસભામાં રાજ્યનું ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કરવા જતાં પહેલાં રાજ્યના નાણાં પ્રધાન સુરેશકુમાર ખન્નાની સાથે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)

# સિંગાપોરમાં ફૂડ પોઇઝનિંગ બાદ રાષ્ટ્રીય ભોજન કાર્યક્રમ સ્થગિત

સિંગાપોરઃ સિંગાપોરે સ્કૂલ ઓફ ધ આર્ટ્સ (એસઓટીએ)માં ફૂડ પોઇઝનિંગના કેસ નોંધાયા બાદ ગુરૂવારે તૈયાર ભોજનનો સમાવેશ કરતી તેની બે દિવસ જૂની રાષ્ટ્રીય તૈયારી પહેલને અસ્થાયી રીતે અટકાવી દીધી હતી.

એક સંયુક્ત નિવેદનમાં સિંગાપોર ફૂડ એજન્સી (એસએફએ)એ શિક્ષણ મંત્રાલય(એમઓઇ), એજન્સી ફોર ઇન્ટિગ્રેટેડ કેર (એઆઇસી) અને ફૂડ કેટરર એસએટીએસ સાથે મળીને જણાવ્યું હતું કે તે એસઓટીએ ગેસ્ટ્રો-એન્ટેરિટિસ કેસોની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સાવચેતીના પગલા તરીકે ફૂડ રેઝિલિયન્સ પ્રિપેરેશન પ્રોગ્રામને અટકાવી દેશે. ચેનલ ન્યૂઝ એશિયાએ બુધવારે સૌપ્રથમ એસઓટીએ ખાતે ગેસ્ટ્રો-એન્ટેરિટિસ ક્લસ્ટર વિશે અહેવાલ આપ્યો હતો. જે પરિસરમાં પીરસવામાં આવતા ખોરાક સાથે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે.

ભોજન લીધા બાદ કુલ ૨૦ વિદ્યાર્થીઓમાં ઝાડા, ઊબકા અને ઊલટી જેવાં લક્ષણો જોવા મળ્યાં હતાં. આ વર્ષના ફૂડ રેલિઝિયન્સ પ્રિપેર્ડનેસ પ્રોગ્રામના ભાગ રૂપે ૯૦થી વધુ શાળાઓના ૧૦૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખાવા માટે રેડી-ટુ-ઇટ ભોજનનું વિતરણ કરવાનો મૂળ હેતુ હતો. જે એસએફએ દ્વારા સંચાલિત એક પહેલ છે. એસઓટીએના વિદ્યાર્થીઓને મંગળવારે એક્સરસાઇઝ એસજી રેડીના ભાગ રૂપે ખોરાક પૂરો પાડવામાં આવ્યો હતો.

# હું ભાજપનો શિસ્તબદ્ધ કાર્યકર, મને આપવામાં આવેલી જવાબદારી નિભાવીશઃ પરવેશ વર્મા

નવી દિલ્હીઃ ભાજપના નેતા અને નવી દિલ્હીના ધારાસભ્ય પરવેશ વર્માએ ગુરુવારે કહ્યું કે તેઓ પાર્ટીના ખૂબ જ શિસ્તબદ્ધ કાર્યકર છે અને તેમને સોંપવામાં આવેલી જવાબદારી નિભાવશે.

વર્માએ કહ્યું કે દિલ્હીવાસીઓએ ભાજપને સમર્થન આપ્યું છે અને ૪૮ બેઠકોનો જનાદેશ આપ્યો છે.

‘‘મને લાગે છે કે દિલ્હી પ્રત્યે અમારી મોટી જવાબદારી છે. દિલ્હીના લોકોએ અમને પ્રેમ અને આશીર્વાદ આપ્યા છે. ૨૬ વર્ષથી વધુ સમય પછી, ભાજપ અહીં સરકાર બનાવી રહી છે. હું ખાસ કરીને અમારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું. દિલ્હીના નાગરિકોને વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમાં અમે તેને વિશ્વની સૌથી સુંદર રાજધાની બનાવીશું.’’ વર્માએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનો આભાર માનતા કહ્યું કે તેમના નેતૃત્વમાં દિલ્હીને સારું માર્ગદર્શન મળ્યું. ‘‘આજનો દિવસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અમે અમારા વચનને પૂર્ણ કરીશું જે અમે વિકિસિત દિલ્હી’’ વિશે કર્યું છે. અમે અમારા મેનિફેસ્ટોમાં જે વચનો આપ્યા છે તે અમે પૂર્ણ કરીશું, એમ તેમણે કહ્યું.

વર્માએ પાર્ટીના તમામ કાર્યકરોને પણ અભિનંદન આપ્યા અને કહ્યું કે તેમની મહેનત રંગ લાવી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ નાયબ મુખ્ય પ્રધાન બનવા જઈ રહ્યા છે તો વર્માએ કહ્યું કે, ‘‘હું લાંબા સમયથી આ કહેતો આવ્યો છું કે હું ભાજપનો ખૂબ જ શિસ્તબદ્ધ કાર્યકર છું અને મારા છેલ્લા શ્વાસ સુધી ભાજપમાં જ રહીશ. ભાજપે મારા પિતાને દિલ્હીના મુખ્ય પ્રધાન અને કેન્દ્રીય મંત્રી બનાવ્યા અને તેઓ પણ તેમના અંતિમ શ્વાસ સુધી પાર્ટીની સેવા કરતા રહ્યા. મને જે જવાબદારી સોંપવામાં આવી છે તે હું નિભાવીશ.’’ ■

# હાઈ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ વિરુદ્ધની ફરિયાદની સુનાવણીના લોકપાલના આદેશ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

નવી દિલ્હીઃ હાઈ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ વિરુદ્ધની ફરિયાદની સુનાવણી હાથ ધરવાનો લોકપાલનો આદેશ ચિંતા ઉપજાવનારો હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે ગુરુવારે તેના પર સ્ટે આપ્યો હતો.

ન્યાયાધીશ બી. આર. ગવઈના વડપણ હેઠળની વિશેષ ખંડપીઠે લોકપાલ દ્વારા હાઈ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ વિરુદ્ધની ફરિયાદની સુનાવણી હાથ ધરવા અંગેના ૨૭ જાન્યુઆરીએ બહાર પાડવામાં આવેલા આદેશને મામલે પ્રતિક્રિયા આપવાની માગણી કરતી નૉટિસ કેન્દ્ર સરકાર તેમ જ અન્યોને પાઠવી હતી.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને અભય એસ. ઓકાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે ફરિયાદીને ન્યાયાધીશોના નામ જાહેર કરવા પર રોક લગાવી હતી.

હાઈ કોર્ટના વર્તમાન વધારાના ન્યાયાધીશે રાજ્યના વધારાના જિલ્લા ન્યાયાધીશ અને કેસ સાથે સંકળાયેલા એ જ કોર્ટના ન્યાયાધીશને ફરિયાદી વિરુદ્ધ ખાનગી કંપનીની તરફદારી કરવા પ્રભાવિત કર્યા હોવા અંગેની દાખલ કરવામાં આવેલી બે ફરિયાદને મામલે લોકપાલે ઉપરોક્ત આદેશ આપ્યો હતો.

આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અગાઉ હાઈ કોર્ટના સંબંધિત ન્યાયાધીશ ઍડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતા હતા ત્યારે આ ખાનગી કંપની તેની અસીલ હતી. (એજન્સી) ■

# વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઇએ વિધાનસભામાં વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યું હતું. જેને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું હતું. રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂપિયા ૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ ૨૧.૮ ટકાનો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે. મુખ્ય પ્રધાને જણાવ્યું કે, નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. ગુજરાત વિકાસની રાહ પર ક્વોન્ટમ જમ્પ સાથે વધશે.તેમણે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજિયોનલ ઇકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાની બજેટમાં જોગવાઇ છે.

તેમણે કહ્યું કે, વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણની જાહેરાત તેમજ વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના અપગ્રેડેશન દ્વારા એરકનેક્ટિવીટી સુદ્રઢ કરવાની બાબતને પણ તેમણે વધાવી હતી. રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિકાસ કરાશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા માટે ૨૦૨૫ના સમગ્ર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવશે. આ માટે સમગ્રતયા શહેરી વિકાસના બજેટમાં ૪૦ ટકાનો વધારો કરીને વધુ ૩૧ હજાર કરોડ રૂપિયા આ બજેટમાં ફાળવ્યા છે.રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે અપાતી સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે દરેક લાભાર્થીને રૂપિયા ૧ લાખ ૭૦ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે.

તેમણે આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા કહ્યું હતું કે અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં વનબંધુઓના વિકાસ માટે ૩૦ હજાર કરોડ રૂપિયા બજેટમાં ફાળવ્યા છે. બજેટમાં ફાળવાયેલી આ રકમથી આદિજાતિ વિસ્તારોમાં ઘર આંગણે શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધા વધારવાની નેમ બજેટમાં વ્યક્ત કરવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે રાજ્યના મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે ફિશરીઝ એટલે કે બ્લૂ ઇકોનોમીને વેગ આપવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ ક્ષેત્ર માટે રૂપિયા ૧૬૧૨ કરોડ બજેટમાં ફાળવીને રાજ્યના ખેડૂતો અને ખેતીનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, કૃષિ ઉત્પાદનના વેલ્યૂ એડિશન દ્વારા ખેડૂતની આવક વધારવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ પ્રમોશન માટે આ બજેટમાં પ્રાવધાન છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ બજેટમાં યુવાઓ, નારીશક્તિ અને બાળકોના પોષણ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

ભૂપેન્દ્ર પટેલે દિવ્યાંગજનો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે દિવ્યાંગો માટેની પાત્રતા ૮૦ ટકાથી ઘટાડીને ૬૦ ટકા કરી છે. આના પરિણામે ૮૫ હજારથી વધુ દિવ્યાંગો લાભાર્થી બનશે. ગુજરાતની પ્રગતિને વધુ તેજ બનાવનારું તેમજ વિકાસની ધારાથી કોઈ વર્ગ બાકાત ન રહી જાય તેવું સર્વગ્રાહી બજેટ આપવા માટે નાણાપ્રધાન અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા.

### પેન્શનરોને બજેટમાં મોટી રાહત

## હયાતીની ખરાઈ માટે બૅન્ક અને કચેરીના ધક્કા નહીં ખાવા પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પેન્શનરો માટે બજેટમાં મોટી રાહત જાહેર કરવામાં આવી હતી.

અત્યાર સુધીમાં પેન્શનરોએ બૅન્ક અને કચેરીઓમાં હયાતીની ખરાઈ કરવા માટે જવું પડતું હતું. ઘણા કિસ્સામાં ઉંમરલાયક પેન્શનરોને પણ હયાતીની ખરાઈ માટે ધક્કા ખાવા પડતાં હતાં. પરંતુ હવે સરકારે તેમને આ સમસ્યામાંથી મુક્તિ આપી હતી.

રાજયના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ રાજયનું બજેટ રજૂ કરતી વખતે પેન્શનરોને લઈને મહત્ત્વની જાહેરાત કરતા કહ્યું હતું કે હયાતીની ખરાઈ માટે રાજ્યના પેન્શનરોએ સંબંધિત કચેરી અને બૅન્કમાં રૂબરૂ નહીં જવું પડે.જે હવેથી ઓનલાઈન અને વિનામૂલ્યે થઈ શકશે.

નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં તેમના બજેટ સંબોધનમાં રાજય સરકારના પેન્શનરોને દર વર્ષે હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરીમાં-બૅન્કમાં રૂબરૂ જવું પડે છે. હવે રાજયના ૫ લાખ ૧૪ હજાર પેન્શનરોને ઘરઆંગણે હયાતીની ખરાઈ ઓનલાઈન તેમ જ વિનામૂલ્યે કરવાની જાહેરાત કરી હતી.

## બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયા કાંઠે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને નમો શકિત એક્સપ્રેસ વે તરીકે વિકસાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઊર્જા સુરક્ષા માટે ૨૦૩૦ સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન છે. હાલમાં ૩૭ ગીગાવોટના રીન્યુએબલ એનર્જી પાર્કનું નિર્માણ કાર્ય કચ્છ ખાતે પ્રગતિ હેઠળ છે. એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત આ વખતના બજેટમાં વિશેષ જોગવાઇ કરાઈ છે.

નાણાં પ્રધાને બજેટ સંબોધનમાં કહ્યું હતું કે, ગુજરાત ભૂકંપ, ચક્રવાત જેવી કુદરતી આપત્તિઓની શક્યતાઓ ધરાવતું રાજ્ય છે. આપત્તિ વ્યવસ્થાપનને ઝડપી બનાવવાના લક્ષ્ય સાથે સાયકલોન પ્રતિરોધક વીજ માળખું, રસ્તાઓ તથા અન્ય માળખાકીય સુવિધાઓ બનાવવાનું આયોજન છે. રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓ માટે હાઈસ્પીડ કોરિડોર તેમજ એકસપ્રેસ વે વિકસાવવા માટે આ બજેટમાં કુલ રૂ.૧૦૨૦ કરોડની જોગવાઇ કરાઈ છે.

ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર પ્રોજેકટ હેઠળ ૧૩૬૭ કિ.મી.ના ૧૨ નવીન હાઇસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. વધુમાં રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને નમોશક્તિ એક્સપ્રેસ-વે તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત મહત્ત્વનાં પ્રવાસન સ્થળોને હવાઇ માર્ગે જોડવાનું આયોજન છે. ભારત સરકારના સહકારથી સુરત, વડોદરા, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના વિસ્તરણ તથા દાહોદ ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવાનું આયોજન છે.

## ગુજરાતમાં વર્ષ-૨૦૨૫ દરમિયાન વધુ ૩૦ આઈએએસ અધિકારીઓ ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં આઈએએસ અધિકારીઓની કુલ મંજૂર અને ખાલી જગ્યાઓ તેમજ સેન્ટ્રલ ડેપ્યુટેશનની સ્થિતિ સંદર્ભે પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આઈએએસ અધિકારીનું મંજુર મહેકમ ૩૧૩ છે. જેમાં ૧૪ અધિકારી હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને ૫૬ જગ્યાઓ ખાલી છે.

ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન રાજ્ય મુલકી સેવા અધિકારીઓમાંથી બઢતીથી ૨૦ તથા બિન રાજ્ય મુલકી સેવા અધિકારીઓમાં પસંદગીથી ૦૨ મળીને કુલ-૨૨ આઈએએસ અધિકારીઓ, તેમજ ઑક્ટોબર-૨૦૨૫ સુધીમાં સીધી ભરતીથી અંદાજિત ૦૮ આઈએએસ મળીને ૩૦ આઈએએસ અધિકારીઓ રાજ્ય સરકારને ઉપલબ્ધ થશે.

વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, આઈએએસ રૂલ્સ ૧૯૫૪ પ્રમાણે આઈએએસ માળખું કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારનાં પરામર્શમાં નક્કી કરાય છે. જેની દર પાંચ વર્ષે સમીક્ષા કરવામાં આવે છે. છેલ્લે વર્ષ-૨૦૧૮ માં થયેલ સમીક્ષા પ્રમાણે આઈએએસ સંવર્ગમાં હાલ ૩૧૩ મહેકમ નિર્ધારીત થયેલ છે.જેમાં કેડર પોસ્ટ એટલે કે સીનિયર ડ્યૂટી પોસ્ટ-૧૭૦, સેન્ટ્રલ ડેપ્યુટેશન રિઝર્વ ૬૮, સ્ટેટ ડેપ્યુટેશન રિઝર્વ ૪૨, લીવ રિઝર્વ ૨૮ અને ટ્રેનિંગ રિઝર્વ ૦૫ છે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ- ૨૦૨૪ માં ૩૪૩ એટલે કે નવીન ૩૦ આઈએએસની જગ્યાઓ વધારી સંખ્યાબળ નિર્ધારિત કરવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. દર વર્ષે સીધી ભરતીથી ૮ થી ૯ આઈએએસ મળતા રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતને સીધી ભરતીથી કુલ ૪૧ આઈએએસ અધિકારી મળ્યાં છે. વર્ષ ૧૯૯૨ થી ૧૯૯૪ દરમ્યાન ત્રણ વર્ષમાં તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા રાજ્યમાં સીધી ભરતીના કોઇ આઈએએસ અધિકારીની નિમણૂક નહીં કરવા લીધેલા નિર્ણયની ખોટ આજે પણ રાજ્યમાં વર્તાઇ રહી છે.

તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં આઈએએસ માટે સીધી ભરતીથી નિર્ધારિત જગ્યાઓ ૨૧૮ છે જેમાં હાલ ૧૯૦ ભરાયેલી છે. બઢતીથી આઈએએસમાં નિયુક્ત થવા પાત્ર જગ્યાઓ ૮૧ છે. જેમાં ૫૭ ભરાયેલી છે. પસંદગીથી આઈએએસમાં નિયુક્ત થવા પાત્ર કુલ ૧૪ જગ્યાઓ પૈકી ૧૦ ભરાયેલ છે. આમ કુલ નિર્ધારિત મહેકમ ૩૧૩ માંથી ૨૫૭ ભરાયેલ છે. ભરતીથી દેશમાં ભરાયેલ સરેરાશ ૮૩.૩૯ ટકાની સામે ગુજરાતમાં ૮૪.૮૬ ટકા જગ્યાઓ ભરાયેલ છે. જ્યારે બઢતીથી ભરવાની જગ્યાઓ દેશમાં સરેરાશ ૭૪.૮૬ ટકાની સામે ગુજરાતમાં ૭૮.૯૫ ટકા જગ્યાઓ ભરાયેલી છે.

## ગુજરાતમાં જી.એસ.ટી. કરદાતાઓની સંખ્યા અઢી ગણી વધીને ૧૨.૪૬ લાખ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેકસ (જીએસટી) લાગુ થયા પછી વર્ષ ૨૦૧૭માં ૫.૦૮ લાખ કરદાતાઓની સંખ્યા અંદાજિત અઢીગણી વધીને હાલમાં ૧૨.૪૬ લાખ થયેલ છે.

ગુજરાત જીએસટી રિટર્ન ફાઈલિંગમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ નોંધાયેલ કરદાતાઓ પૈકી ૯૯.૬ ટકા કરદાતાઓએ જીએસટી રિટર્ન ફાઈલ કર્યું છે.

આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ માટે અને રાજયના આર્થિક વિકાસમાં સહભાગી થવા માટે ગુજરાતના તમામ કરદાતાઓને નાણામંત્રીએ બિરદાવ્યા હતા.જીએસટી સેવા કેન્દ્રો (જીએસકેએસ) ના ગુજરાત મોડલનું સફળ અમલીકરણ હવે દેશનાં અન્ય રાજયો દ્વારા પણ કરવામાં આવી રહ્યું છે.

જીએસટી સેવા કેન્દ્રોથી નોંધણી નંબર સુધારા વધારા રદ કરવા સંબંધિત અરજીઓનો નિકાલ કરવામાં લાગતો સરેરાશ સમય પણ નોંધપાત્ર રીતે ઘટયો છે. તેવું પણ નાણામંત્રીએ જણાવેલ જયારે બિઝનેસના ઉદ્દેશને ધ્યાને લઈ વિદ્યુતશુલ્ક મુકિત અને રાહત માટે અરજી કરવાની સમગ્ર પ્રકિયા સંપૂર્ણપણે ઓનલાઈન અને ફેસલેસ કરવામાં આવી છે તેમજ ડિજિટલ પ્લેટફોર્મના વધતા સ્વીકારને કારણે સ્વ વીજવપરાશ કરતા ગ્રાહકો દ્વારા ભરવામાં આવતા ઈ-રિટર્સમાં નોંધપાત્ર વુદ્ધિ થઈ છે.

## વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત રાજ્યની સરહદોના ૭૯ એન્ટ્રી એક્ઝિટ સ્થળોએ ૪૧૧ સીસીટીવી લગાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વિશ્વાસ પ્રોજેક્ટ સંદર્ભે વિધાનસભાગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું કે, હાઈ ટેક્નોલોજી સાથેના સીસીટીવી કેમેરા થકી રિયલ ટાઈમ મોનિટરિંગને પરિણામે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા તથા ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેક્શન કામગીરીમાં વિશ્વાસ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. હવે વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત રાજ્યની સરહદોના કુલ-૭૯ એન્ટ્રી એક્ઝિટ સ્થળો ખાતે ૪૧૧ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન છે.

તેમણે કહ્યું હતું કે, વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૧ અંતર્ગત રાજયના ૪૧ શહેરોમાં કુલ ૭૦૦૦થી વધુ કેમેરાઓ લગાવવામાં આવ્યા છે અને ૩૫ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થાના માધ્યમથી કુલ ૧૨ હજારથી વધુ ધાડ, લૂંટ, ચોરી અને અન્ય ગુનાઓ શોધવામા ગુજરાત પોલીસને સફળતા મળી છે.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત હવે આંતરરાજ્ય સરહદોના એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ પર સીસીટીવી લગાવવા અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટના ફેઝ-૨ અંતર્ગત રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ, દીવ, દાદરા અને નગર હવેલી સાથેની રાજયની સરહદોના કુલ-૭૯ પ્રવેશ-નિર્ગમન સ્થળો ખાતે ૪૧૧ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન છે. આ તમામ કેમેરાઓ સબંધિત જિલ્લાના 'નેત્રમ' અને 'ત્રિનેત્ર' સાથે કનેક્ટેડ રહેશે અને વીડિયો એનાલિટિક્સના માધ્યમથી તમામ કેમેરાઓમાં ડિટેક્શન કરવાની ક્ષમતા છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ હાઇટેક સીસીટીવી નેટવર્કની મદદથી ચોરીના વાહન કે ગુન્હામાં સંડોવાયેલા વાહન જો આંતરરાજ્ય સરહદ ઉપરથી પસાર થાય તો તેનું રીયલ ટાઈમ એલર્ટ સંબંધિત જિલ્લાના 'નેત્રમ' માં મળશે. સમગ્ર રાજ્યના શહેરોની અંદર અને રાજ્યની સરહદો પર સીસીટીવી કેમેરા લાગી જશે ત્યારે વિશ્વાસ સીસ્ટમ રાજ્યની સુરક્ષા માટે સુદર્શન ચક્ર બની જશે.

## ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ મોડા આવતા અને વહેલા જતા કર્મચારીઓ વિરુદ્ધ પગલાં લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતની સરકારી ઓફીસોમાં કર્મચારીઓની હાજરી મુદ્દે મળેલી ફરિયાદ અને પ્રકાશમાં આવેલી વિગતો બાદ સરકાર સફાળી જાગી હતી. સામાન્ય વહીવટ વિભાગે કર્મચારીઓની હાજરી અંગે એક મહત્ત્વનો પરિપત્ર જાહેર કર્યો હતો. જેમાં સરકારી કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું અને ઓફિસ છોડવી પડશે. પરિપત્ર મુજબ સવારે ૧૦:૪૦ સુધી ઓફિસ કર્મચારીઓએ પહોંચવાનું રહેશે અને સાંજે ૬:૧૦ કલાકે ઓફિસ છોડવાની રહેશે. જ્યારે સવારે સમય કરતા મોડા અને સાંજે વહેલા જતા કર્મચારીઓની અડધા દિવસની રજા કાપવામાં આવશે.

ગુજરાત સરકારે સરકારી કચેરીઓમાં કર્મચારીઓએ સમયસર હાજરી માટે ડિજીટલ એટેન્ડન્સ સિસ્ટમનો અમલ કર્યો હતો. આ નિર્ણયનો સરકાર દ્વારા અમુક કચેરીઓમાં જ અમલ કરવામાં આવ્યો હતો. તમામ સરકારી કચેરીઓમાં તેનો અમલ કરવાનું આયોજન હતું. જોકે, રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મોડા આવતા અને વહેલા ઘરે જતા રહેતા કર્મચારીઓની હાજરી અંગે પરિપત્ર જાહેર કર્યો હતો. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના આ પરિપત્ર સરકારી ઓફિસમાં કર્મચારી વચ્ચે ચર્ચાનો મુદ્દો બન્યો હતો. આ પૂર્વે પણ અનેક વાર સરકારી કર્મચારીઓની હાજરી મુદ્દે સામાન્ય વહીવટ વિભાગે અનેક પરિપત્રો જાહેર કર્યા હતા. જોકે તેનો અમલ કરવામાં બેદરકારી પણ જોવા મળી હોવાથી ફરી એકવાર સરકારી કર્મચારીઓની હાજરી મુદ્દે સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કર્યો હતો. તેનો અમલ કેવી રીતે કરાશે તે એક મોટો પ્રશ્ન છે.

## આઇ.પી.એસ. અધિકારીઓની મંજૂર થયેલી ૨૦૮ જગ્યાઓ પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાઇ

અમદાવાદઃ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓના મંજૂર મહેકમ સંદર્ભે વિધાનસભાગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની કુલ ૨૦૮ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓની ઘટ છે. તેમાં પણ ગત મહિને એક જગ્યા ભરાતા હવે ૯ જગ્યાઓની ઘટ છે. બાકી રહેલી જગ્યાઓ પણ ઝડપથી ભરી દેવામાં આવશે.

રાજ્યના કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે તે સંદર્ભે પૂછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય નીતિ મુજબ રાજ્યમાંથી ૪૫ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હોય શકે તેની સામે ગુજરાત રાજ્યમાંથી માત્ર ૨૪ જ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર છે.

રાજ્યમાં મહિલા આઇ.પી.એસ. અધિકારીઓની સંખ્યા અને તેમને આપવામાં આવતી જવાબદારીમાં ભેદભાવના આક્ષેપ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતમાં પોલીસ ભરતીની સમગ્ર પ્રક્રિયા કરવાની મહત્ત્વની કામગીરી એક મહિલા આઇ.પી.એસ. અધિકારી ડો.નીરજા ગોટરું સાંભળી રહ્યા છે.

# દેશ વિદેશ

## રાષ્ટ્રપતિ, ગૃહમંત્રી અને અન્ય નેતાઓએ મિઝોરમના લોકોને રાજ્યના સ્થાપના દિવસની પાઠવી શુભેચ્છા

નવી દિલ્હી/આઇઝોલ : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય ઘણા નેતાઓએ ગુરુવારે મિઝોરમના લોકોને રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી. મિઝોરમની સ્થાપનાને ગુરુવારે ૩૮ વર્ષ પૂર્ણ થયા હતા. મિઝોરમ ઓગસ્ટ ૧૯૮૬માં ભારતનું ૨૩મું રાજ્ય બન્યું હતુ. ૩૦ જૂન, ૧૯૮૬ના રોજ કેન્દ્ર અને મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ) વચ્ચે મિઝોરમ શાંતિ કરાર પર હસ્તાક્ષર થયા હતા. એમએનએફ એ સ્વર્ગસ્થ લાલડેંગાના નેતૃત્વ હેઠળનું એક સંગઠન હતું.

લોકોને શુભેચ્છા પાઠવતા મુર્મૂએ કહ્યું હતું કે પ્રકૃતિના આશીર્વાદ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતા મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ બંને ભારતનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે. તેમણે આશા વ્યક્ત કરી કે બંને રાજ્યોના લોકો પ્રગતિ અને શ્રેષ્ઠતાના નવા અધ્યાય લખશે.

મુર્મૂએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમના લોકોને રાજ્યની સ્થાપના દિવસ પર અભિનંદન. પ્રકૃતિ માતાના આશીર્વાદ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાથી સંપન્ન, બંને રાજ્યો ભારતના શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે. મને વિશ્વાસ છે કે બંને રાજ્યોના લોકો તેમના અસાધારણ કુદરતી વારસા અને સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરશે. હું ઈચ્છું છું કે અરુણાચલ પ્રદેશ અને મિઝોરમના લોકો પ્રગતિ અને શ્રેષ્ઠતાના નવા અધ્યાય લખે.

મિઝોરમના લોકોને અભિનંદન આપતા કેન્દ્રીય ગૃહમંત્રી શાહે કહ્યું હતું કે મિઝોરમના લોકોએ હંમેશા દેશને ગૌરવ અપાવ્યું છે અને તેઓ રાજ્યના સતત વિકાસ માટે પ્રાર્થના કરે છે. શાહે તેમના સત્તાવાર 'એક્સ' હેન્ડલ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''મિઝોરમના સ્થાપના દિવસ પર આપણા બહેનો અને ભાઈઓને શુભેચ્છાઓ. સમૃદ્ધ વારસાથી ધન્ય મિઝોરમ લોકોએ હંમેશાં દેશને ગૌરવ અપાવ્યું છે. હું રાજ્યના સતત વિકાસ માટે પ્રાર્થના કરું છું.''

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડા, પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા, લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુ અને પડોશી આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા શર્મા સહિત અન્ય ઘણા નેતાઓએ પણ મિઝોરમના લોકોને રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી.

મિઝોરમના પ્રથમ રાજ્ય સ્થાપના દિવસનું ઉદ્ઘાટન તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીએ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ કર્યું હતું. આ ૧૯૮૬ના શાંતિ કરારનું પરિણામ હતું જેણે ઉત્તરપૂર્વીય રાજ્યમાં ૨૦ વર્ષના બળવાનો અંત કર્યો હતો. ત્યારબાદ ૧૪ ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ રાષ્ટ્રપતિએ મિઝોરમ (તત્કાલીન કેન્દ્રશાસિત પ્રદેશ) ને પૂર્ણ રાજ્ય બનાવવાના બિલને મંજૂરી આપતાં મિઝોરમ ભારતનું ૨૩મું રાજ્ય બન્યું હતું.

## ઝારખંડના રાંચી સહિત અનેક જિલ્લામાં વરસ્યો વરસાદ

### કરા પડવાની હવામાન વિભાગની ચેતવણી

રાંચીઃ ઝારખંડની રાજધાની રાંચી સહિત અનેક શહેરોમાં ગુરુવારે વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે ઠંડીમાં વધારો થયો હતો. હવામાન વિભાગે ઝારખંડમાં કરા પડવાની આગાહી કરવામાં આવી છે. કરા પડવાથી પાકને નુકસાન થશે જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા હતા. હવામાન વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ગુરુવારે સવારે ઝારખંડના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો જ્યારે રાજ્યનાં કેટલાંક સ્થળો પર કરા પડવાની ચેતવણી જાહેર કરાઇ છે.

હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજધાની રાંચી, ખૂંટી, સિમડેગા, પૂર્વ સિંહભૂમ, સરાયકેલા-ખરસાવાં અને પશ્ચિમ સિંહભૂમમાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. ગુરુવારે સવારે સાડા આઠ વાગ્યા સુધીમાં રાંચીમાં ૧૧.૬ મિમી વરસાદ નોંધાયો હતો, જ્યારે સરાયકેલામાં ૨૩.૫ મિમી, સિમડેગામાં ૧૦.૫ મિમી, લોહરદગામાં ૭.૫ મિમી અને બોકારોમાં ૨ મિમી વરસાદ નોંધાયો હતો.

રાંચી હવામાન કેન્દ્રના પ્રભારી અભિષેક આનંદે જણાવ્યું હતું કે, આગાહી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઝારખંડના ઘણા ભાગોમાં છેલ્લા ૨૪ કલાકમાં વાવાઝોડા, વીજળી અને વરસાદ પડ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે પૂર્વ સિંહભૂમ, પશ્ચિમ સિંહભૂમ અને સરાયકેલા-ખરસાંવા સહિતના પૂર્વીય ભાગોમાં કરા પડવાની ચેતવણી પણ જાહેર કરવામાં આવી છે.

## રાહુલ ગાંધી રાયબરેલીની બે દિવસની મુલાકાતે

લખનઊઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ગુરુવારે તેમના સંસદીય મતવિસ્તાર રાયબરેલીમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે અને પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે બેઠકો કરશે.

રાહુલ ગાંધી ગુરુવારે સવારે રાયબરેલી પહોંચ્યા હતા. અહીં તેમનું સ્વાગત પ્રદેશ અધ્યક્ષ અજય રાય અને પક્ષના અન્ય સભ્યોએ કર્યું હતું. જિલ્લા કોંગ્રેસ અધ્યક્ષ પંકજ તિવારી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર ગાંધી બછરાવન વિધાનસભા ક્ષેત્રના કાર્યકરો સાથે વાતચીત કરશે. ત્યારબાદ તેઓ બપોરે ૧૨ વાગ્યે સિવિલ લાઇન્સ સ્થિત મૂળ ભારતીય હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને મળશે.

ત્યારબાદ ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ બપોરે ૧ વાગ્યે ઉત્તરપરા સ્થિત સહકારી સંઘ લિમિટેડ ખાતે મહિલા સંવાદ કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ જગપુરના શંકરપુર ખાતે રાણાબેનીની માધવ સિંહ મેમોરિયલ ઇન્ટર કોલેજમાં એક પ્રતિમાનું અનાવરણ કરશે અને એક સભાને સંબોધિત કરશે.

તિવારીએ જણાવ્યું કે તેમના પ્રવાસ દરમિયાન ઊંચહાર અને સદર વિધાનસભા મતવિસ્તારોમાં સરપ્રાઇઝ રોકાણનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ એક ગેસ્ટ હાઉસમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક કરશે.

## બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલાઓને અતિશયોક્તિપૂર્વક રજૂ કરાયાઃ બાંગ્લાદેશના બોર્ડર ગાર્ડ પ્રમુખનું નિવેદન

નવી દિલ્હીઃ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે સરહદ સુરક્ષા અંગે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. શેખ હસીના સરકારના પતન પછી ભારત અને બાંગ્લાદેશ પહેલીવાર એક મંચ પર જોવા મળ્યા હતા. આ પ્રસંગે બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી)ના વડા મેજર જનરલ મોહમ્મદ અશરફુઝ્ઝમાન સિદ્દીકીએ લઘુમતીઓ અંગે એક મોટું નિવેદન આપ્યું હતું.

સિદ્દીકીએ કહ્યું હતું કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલાઓને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરવામાં આવ્યા છે. આ સાથે બીજીબીના વડા સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં બીએસએફ ડીજી ડી.એસ.ચૌધરીએ કહ્યું હતું કે ભારત-બાંગ્લાદેશ સરહદ પર પાંચ ઓગસ્ટ બાદ ઘૂસણખોરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

સિદ્દીકીએ કહ્યું હતું કે અમને બાંગ્લાદેશમાં લઘુમતીઓ તરફથી સુરક્ષા માટે ઘણી વિનંતીઓ મળી છે, અમે ભારતને તેમના સંદર્ભમાં મદદનું આશ્વાસન આપ્યું છે.

બીજીબીના વડાએ વધુમાં જણાવ્યું હતું કે ભારત-બાંગ્લાદેશ સરહદ પર તારની વાડ બનાવવાની ચર્ચા થઈ હતી. તેમણે કહ્યું હતું કે ભારત સાથેની બેઠકમાં અમે જ્યાં પણ સમસ્યા હોય ત્યાં સંયુક્ત નિરીક્ષણ માટે વિનંતી કરી છે. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ૧૯૭૫ ભારત-બાંગ્લાદેશ સરહદ સંધિને ફરીથી લાગુ કરવા અંગે બેઠકમાં કોઈ ચર્ચા થઈ નથી. બીજીબી વડા સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ચૌધરીએ કહ્યું કે પાંચ ઓગસ્ટ પછી ભારત-બાંગ્લાદેશ સરહદ પર ઘૂસણખોરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

મેજર સિદ્દીકીએ કહ્યું હતું કે તેઓ દેશમાં લઘુમતીઓની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

## સંસ્થા સમાચાર

### પ્રશાંતમૂર્તિ પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ની ૪૮મી દીક્ષાતિથિની થઈ ઉજવણી

અધ્યાત્મનિષ્ઠ પ.પૂ. ગચ્છનાયક આ.ભ. શ્રી વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના શુભહસ્તે ઈ.સ. ૧૯૭૭માં દીક્ષા લેનારા મુમુક્ષુ રોહિતભાઈ (માતા હીરાબેન-પિતા જીવણભાઈ કુવાડિયાના પુત્ર)એ સુરેન્દ્રનગરમાં દીક્ષા લીધી. પંચાવન સાધુઓ અને અનેક સાધ્વીઓના ગુરુવર્ય આત્મ હિતદેશક પ.પૂ. આ. દેવ શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. (રોહિતભાઈ)ની ૪૮મી દીક્ષા તિથિ ઉજવવામાં આવી હતી. એનો લાભ શ્રી માટુંગા શ્વે. મૂર્તિ જૈન તપા. સંઘને મળ્યો. મુનિગણિવર્ય શ્રી તીર્થસુંદર વિ.મ.સા.એ ગુરુ એ દેવ, દીવો, દીવાકર, દિલ અને દ્વીપ છે. શ્રેષ્ઠ ગુરુ મળવા એ મારું ભાગ્ય છે. એવું તેમણે જણાવ્યું. મુનિગણિવર્ય શ્રી તીર્થહંસ વિ. મ. સા. એ અને મુનિ ગુણીવલ્લભસાગર મ.સા. ગુરુ જ જીવનમાં બદલાવ લાવે છે એવું પણ જણાવ્યું હતું. એ દરમ્યાન હાજર શ્રાવકો અને શ્રાવિકાઓએ આ તિથિની હરખભેર ઉજવણી કરી હતી.

### શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ જૈન સંઘ સાંઘાણીમાં જ્ઞાનસત્ર, ગુણાનુવાદ સભા અને સંયમની પચાસ વર્ષ સફળયાત્રા

પ.પૂ. આધ્યાત્મનિષ્ઠ સુવિશાલ ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિ. કલ્પતરુસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞા અનુગ્રહ આશિષ સાથે પ.પૂ. આ.ભ. શ્રી વિ. કીર્તિરત્નસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા. અને પ.પૂ. આ.ભ. શ્રી વિ. અમિતયશસૂરીશ્વરજી મ.સા.ની પાવનનિશ્રામાં ઘાટકોપર પશ્ચિમમાં સાંઘાણી સ્ટેટના શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ જૈન સંઘમાં, પ.પૂ. આદ્યાત્મ યોગી આ. દેવ. શ્રી વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના ૨૨૫ જેટલા શ્રમણ-શ્રમણીભગવંતો શાસ્ત્રાભ્યાસ માટે જ્ઞાન સત્ર યશસ્વીપણે ચાલી રહ્યું છે.

અજાતશત્રુ, અધ્યાત્મસમ્રાટ, પ.પૂ. આ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ની ૨૩મી સ્વર્ગારોહણ પૂણ્યતિથિએ ગુણાનુવાદ સભા થઈ. પ્રશાંતમૂર્તિ પ.પૂ. આચાર્યદેવ શ્રી વિ. કીર્તિરત્નસૂરીશ્વરજી મ.સા.ની સંયમ જીવનની પચાસ વર્ષની સફળયાત્રા નિમિત્તે સામૂહિક આયંબિલ તપના લાભાર્થી ભાઈચંદ ખેમચંદ ડુંગાણી પરિવાર (મ.સા.ના સંસારી પરિવાર) હતા. સૂરિમંત્ર આરાધક પ.પૂ. આ. ભ. શ્રી વિ.હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.(મ.સા.ના સંસારીભાઈ)ની સંયમજીવનની ૪૫ વર્ષની સફળ યાત્રા તાજેતરમાં માટુંગામાં યોજવામાં આવી હતી.

### સચ્ચિદાનંદ સન્માન અર્પણ સમારોહ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા સુપ્રસિદ્ધ સાહિત્યકારો શ્રી વર્ષા અડાલજા, શ્રી દિનકર જોશી અને ઈલા આરબ મહેતાને સચ્ચિદાનંદ સન્માન અર્પણ કરવાનો નિર્ણય લેવાયો છે. એ કાર્યક્રમ કાંદિવલીમાં ૨૩મી ફેબ્રુઆરીએ સવારે સાડા દસ કલાકે યોજવામાં આવશે. કુલ સાત સાહિત્યકારોને અમદાવાદમાં સન્માનિત કરવાનો ફેસલો લેવાયો હતો. એમાં ત્રણ સાહિત્યકારો મુંબઈના છે. તેમની વય અને સ્વાસ્થ્યને જોતાં તેઓ અમદાવાદ સુધી પ્રવાસ કરી શકતાં નથી. એથી આ કાર્યક્રમ મુંબઈમાં યોજવામાં આવ્યો છે. કાંદિવલી વેસ્ટમાં આવેલી કેઈએસ ઇન્ટરનેશનલ સ્કૂલના બીજા માળે કાર્યક્રમ યોજાવાનો છે. ■

### ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંક કૌભાંડઃ

# ઑડિટર્સે બૅંક લૉકરમાંની રોકડની જાત ચકાસણી કરવાની હોય છે?

### આવો પ્રશ્ન સીએ ઈન્સ્ટિટ્યૂટને ઈઓડબ્લ્યુ પૂછશે

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની આર્થિક ગુના શાખાના અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા (આઇસીએઆઇ)ને પત્ર લખીને એ ખુલાસો માગશે કે બેન્ક ઓડિટર્સે ઑડિટ દરમિયાન બેન્ક લૉકરમાં પડેલી રોકડની જાત ચકાસણી કરવાની હોય છે કે નહીં.

પોલીસ આ તબક્કે એ તપાસ કરી રહી છે કે છેલ્લાં પાંચ વર્ષથી ઑડિટ કરનારા બૅંકના આંતરિક ઑડિટર્સને ૧૨૨ કરોડ રૂપિયા ગુમ હોવાનું કેમ ધ્યાનમાં ન આવ્યું.

દરમિયાન પોલીસ અધિકારીઓએ ગુરુવારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અભિજિત દેશમુખનું નિવેદન નોંધ્યું હતું, જેણે ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન બૅંકના એકાઉન્ટ્સનું ઑડિટ કર્યું હતું. અભિજીત દેશમુખને પોલીસે સમન્સ પાઠવીને ગુરુવારે પૂછપરછ માટે બોલાવ્યો હતો. તેણે બૅંકના ઑડિટને એ ગ્રેડનું પ્રમાણપત્ર આપ્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે આ તબક્કે એ તપાસ કરી રહ્યા છે કે વારંવાર ઑડિટ કરવા છતાં બૅંકમાંથી આટલી મોટી રકમ ગુમ કેવી રીતે થઇ તે ખબર ન પડી. અમે જાણીએ છીએ કે ઑડિટરોએ બૅંકની બેલેન્સ શીટમાં દર્શાવેલી રોકડ તેની તિજોરીમાં હાજર રોકડ સાથે મેળ ખાય છે કે નહીં તે તપાસવાનું હોય છે. અમે આ અંગે વિધિસર જવાબ મેળવવા માટે આઇસીએઆઇને પત્ર લખી રહ્યા છીએ.

ઉપરાંત બૅંકની પ્રભાદેવી અને ગોરેગામ બ્રાન્ચમાં વોલ્ટ્સમાં મોટા પાયે રોકડ મૂકવાની પૂરતી જગ્યા હતી કે કેમ તેની પણ અમે તપાસ કરીશું, એમ અધિકારીએ કહ્યું હતું. ■

# ૧૪,000 કરોડ ગયા પાણીમાં, કોસ્ટલ રોડ પર પડી તિરાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ મુંબઈ કોસ્ટલ રોડ તબક્કાવાર વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકાયો છે અને હજી તેને એક વર્ષ પણ થયું નથી ત્યાં તો કોસ્ટલ રોડના અમુક પટ્ટામાં તિરાડો પડી જતા પેચવર્ક કરવાની નોબત આવી ગઈ છે. ગુરુવારે સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર હાજી અલી નજીક ઉત્તર તરફના પટ્ટા પર વરલી તરફના પુલ પર પેચવર્ક દર્શાવતો એક વીડિયો વાયરલ થયા બાદ પાલિકાએ કોસ્ટલ રોડ પાછળ ખર્ચેલા ૧૪ હજાર કરોડ રૂપિયા પર શું પાણી ફરી વળ્યું? એવા સવાલો સોશિયલ મિડિયા પર થઈ રહ્યા છે. ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે સિમેન્ટના રસ્તાના જોઈન્ટ ખુલ્લા થઈ જતા તેના ડામર નાખવો પડયો છે અને આગામી દિવસોમાં રસ્તા પર ફરી ડામરનો નવો સ્તર નાખવામાં આવશે.

મરીન ડ્રાઈવ પર પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંક સુધી ફેલાયેલો ૧૦.૫૮ કિલોમીટર લાંબો મુંબઈ કોસ્ટલ રોડનો ઉત્તર તરફનો રસ્તો ૧૦ જુલાઈ, ૨૦૨૪ના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ગુરવારે એક વીડિયો સોશ્યિલ મિડિયા પર ફરી વળ્યો હતો, જેમાં કોસ્ટલ રોડ પર ખરાબ રીતે ડામરથી પેચ કરવામાં આવ્યું હોવાનું દેખાઈ રહ્યું હતું, જેનાથી મુંબઈગરામાં ભારે નારાજગી જોવા મળી હતી. અનેક નાગરિકોએ આ વીડિયો જોયા બાદ તેમના પરસેવાની કમાણીથી બનેલા કોસ્ટલ રોડની એક વર્ષથી અંદર જ આવી હાલત થવા બદલ નારાજગી વ્યકત કરી હતી. પાલિકા સહિત કોસ્ટલ રોડ બનાવનારી એલ એન્ડ ટી કંપની સામે નારાજગી પણ અનેક નાગરિકોએ વ્યક્ત કરી હતી. કોસ્ટલ રોડ પર પડેલી તિરાડો અને બાદમાં ડામરથી કરવામાં આવેલા પેચ વર્ક બાબતે પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે હાજી અલી ખાતે પુલના ઉત્તર તરફ જતો રોડ ડામર કૉન્ક્રીટથી બનેલો છે, જેનું કામ ચોમાસા પહેલાના સમયગાળા દરમ્યાન પૂરું થઈ ગયું હતું. થોડા દિવસ અગાઉ તેના સાંધાના અમુક ભાગ અલગ થઈ ગયા હોવાનું જણાયું હતું. ચોમાસા દરમ્યાન વધુ નુકસાન અટકાવવા માટે અમુક વિસ્તારોને કામચલાઉ રીતે મેસ્ટિક ડામરથી સમારકામ કરવામાં આવ્યું હતું. આ પેચની જરૂરિયાત મુજબ મરામત કરવામાં આવશે અને ડામરનો નવો સ્તર નાખવામાં આવશે. કોસ્ટલ રોડ પ્રોજેક્ટ ઓક્ટોબર, ૨૦૧૮માં ૧૩,૯૮૩ કરોડ રૂપિયાના ખર્ચે સાથે ચાલુ થયો હતો. પાલિકાના દાવા મુજબ આ રસ્તાએ મુસાફરીનો સમય ૭૦ ટકા અને ઈંધણનો ખર્ચ ૩૪ ટકાથી ઘટાડ્યો છે. ■

# કૃષિમંત્રી માણેકરાવ કોકાટેનું પ્રધાનપદું જોખમમાંઃ 30 વર્ષ જૂના કેસમાં બે વર્ષની

નાશિકઃ નાશિકની એક કોર્ટે ગુરુવારે રાજ્યના કૃષિપ્રધાન અને એનસીપીના નેતા માણિકરાવ કોકાટેને સરકારી ક્વોટા હેઠળ ફ્લેટ મેળવવા માટે છેતરપિંડી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાના ૩૦ વર્ષ જૂના કેસમાં બે વર્ષની જેલ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ ફકકાર્યો છે. ભૂતપૂર્વ પ્રધાન દિવંગત ટી.એસ. દીઘોલેની ફરિયાદ પર ૧૯૯૫માં નોંધાયેલા કેસમાં તેમના ભાઈ સુનીલ કોકાટેને પણ દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

કોકાટે ભાઈ-બહેનોએ મુખ્ય પ્રધાનના ૧૦ ટકા ક્વોટા હેઠળ અહીંના યેઓલકર માલામાં કોલેજ રોડ પર બે ફ્લેટ મેળવ્યા હતા. તેઓ ફ્લેટ ધરાવતાં ન હોવાનો અને ઓછી આવક ધરાવતા જૂથ (એલઆઈજી)નાં હોવાનો દાવો કર્યો હતો. દીઘોલેએ એ સમયે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે કોકાટે ભાઈ-બહેનો અને અન્ય લોકો સામે સરકારવાડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી, બનાવટ અને અન્ય ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. ગુરુવારે નાશિકની જિલ્લા અને સેશન્સ કોર્ટે બંને ભાઈઓને દોષી ઠેરવ્યા હતા અને બે વર્ષની જેલની સજા સંભળાવી હતી. કોર્ટમાં હાજર કોકાટેએ પત્રકારોને કહ્યું હતું કે આ કેસમાં મેં જામીન મેળવ્યા છે અને આદેશ સામે હું અપીલમાં જઈશ. હવે સવાલ એ ઊભો થાય છે કે શું તેઓ તેમનું મંત્રીપદ અને વિધાનસભ્યપદ ગુમાવશે? ભારતીય કાયદા મુજબ જો કોઇ જનપ્રતિનિધિને બે વર્ષ કે તેથી વધુ સમય માટે જેલની સજા થાય છે તો તેમનું સભ્યપદ રદ થઇ શકે છે.કોકાટેના રાજકીય પદ સામે ખતરો ઊભો થયો છે. ■

### દાદરના ગેસ્ટ હાઉસમાંથી ૧૦.૦૮ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્તઃ બેની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે દાદર રેલવે સ્ટેશન નજીકના ગેસ્ટ હાઉસમાંથી ૧૦.૦૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને બે યુવકની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૯ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સેનુલ જુલુમ શેખ (૨૮) અને જહાંગીર શહા આલમ શેખ (૨૯) તરીકે થઇ હતી. બંને યુવક ગોવંડીના રહેવાસી છે. સેનુલ શેખ પશ્ચિમ બંગાળના માલદાનો વતની છે, એમ પોલીસે જણાવ્યું હતું. આધારભૂત સૂત્રો પાસેથી મળેલી માહિતીને આધારે પોલીસ ટીમે દાદર પૂર્વમાં સ્વામિનારાયણ મંદિર નજીક આવેલા ગેસ્ટ હાઉસમાં રૂમ બૂક કરાવી હતી. ■

# સ્ટેશન પર ઊતરવા ન મળતાં યુવકે ચાલતી ટ્રેનમાં આડેધડ ચાકુ હુલાવી આતંક મચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રવાસીઓની ભીડને કારણે ડોમ્બિવલી સ્ટેશને ઊતરવા ન મળતાં વીફરેલા યુવકે ચાલતી ટ્રેનમાં આડેધડ ચાકુ હુલાવી આતંક મચાવી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ હુમલામાં સાતથી આઠ પ્રવાસીને ઇજા થઈ હતી, જ્યારે થાણે સ્ટેશને ફરજ બજાવતી પોલીસે આરોપી યુવકને પકડી પાડ્યો હતો. ડોમ્બિવલી રેલવે પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટર કિરણ ઉન્દ્રેના જણાવ્યા મુજબ ઘટના બુધવારની સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ કલ્યાણ-દાદર ફાસ્ટ ટ્રેનમાં બની હતી. આ પ્રકરણે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ જિયા હુસેન અનવર હુસેન શેખ (૧૯) તરીકે થઈ હતી. મુંબ્રાના આંબેડકર નગર ખાતે રહેતો શેખ કલ્યાણથી ફાસ્ટ ટ્રેનમાં ચઢ્યો હતો. ફાસ્ટ લોકલ હોવાથી તેણે ડોમ્બિવલી સ્ટેશને ઊતરવાનું નક્કી કર્યું હતું. જોકે ટ્રેન ડોમ્બિવલી સ્ટેશને પહોંચી ત્યારે પ્રવાસીઓની ભારે ભીડને કારણે તેને સ્ટેશને ઊતરવા મળ્યું નહોતું. શેખ ગાળાગાળી કરવા માંડી હતી. શેખ શાંત પડવા માગતો નહોતો. મુંબ્રા સ્ટેશન નજીક ટ્રેન પહોંચી ત્યારે શેખ અન્ય પ્રવાસીઓને ધક્કામુક્કી કરવા લાગ્યો હતો. શેખ પેન્ટના ખીસામાંથી ચાકુ કાઢી પ્રવાસીઓને ધમકાવવા લાગ્યો હતો અને આડેધડ ચાકુ ફેરવવા લાગ્યો હતો. ■

# રાજય સરકારની હૉસ્પિટલોની નર્સોની એક દિવસની હડતાળ

મુંબઈઃ પ્રમોશન અને ખાલી પદોની ભરતી સહિતની વિવિધ માગણીઓને લઇને ગુરુવારે મહારાષ્ટ્રની સરકારી હોસ્પિટલોની નર્સો એક દિવસીય હડતાળ પર ઊતરી હતી.

નર્સો હડતાળ પર ઊતરવાને કારણે અનેક સરકારી હોસ્પિટલોમાં સામાન્ય કામ ખોરવાયું હતું, એવો દાવો યુનિયનોએ કર્યો હતો, પરતું હોસ્પિટલના સત્તાવાળાઓનું કહેવું છે કે આ હડતાળને કારણે હોસ્પિટલના કાર્ય પર કંઇ મોટું પરિણામ જોવા મળ્યું નહોતું. મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ નર્સીસ એસોસિએશનનાં પ્રમુખ ઇન્દુમતી થોરાતે દાવો કર્યો હતો કે રાજ્યભરમાં કુલ ૧૦,૦૦૦માંથી ૮,૦૦૦ નર્સ હડતાળ પર ઊતરી હતી. છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારોને સંબોધતા થોરાતે કહ્યું હતું કે આ હડતાળ અંગે રાજ્ય સરકાર વહીવટીતંત્રને ૧૫ દિવસ પહેલા જ જણાવી દેવામાં આવ્યું હતું. મને આશા હજી કે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરીને સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે, પરંતુ હવે એવું લાગી રહ્યું છે કે છેલ્લા ૧૮ વર્ષથી નર્સોની વિવિધ માગણીઓ સામે સરકારી આંખ આડા કાન કરી રહી છે. ■

# ફરી એક વાર વિધાનસભ્ય ધસના હાથમાં આવી પ્રધાન મુંડેની ચોટલી

### મુંડે કૃષિ મંત્રાલયના વડા હતા ત્યારે ૩૦૦ કરોડનો કર્યો હતો ગોટાળો

મુંબઈઃ મહારાષ્ટ્રના ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે ગુરુવારે એનસીપીના પ્રધાન ધનંજય મુંડેને નિશાન પર લીધા હતા. મુંડે જ્યારે કૃષિ મંત્રાલયના વડા હતા ત્યારે ૩૦૦ કરોડની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તેમણે રાજીનામું આપી દેવું જોઇએ.

બીડના પરળીના વિધાનસભ્ય મુંડે તેમના નજીકના સાથી વાલ્મિક કરાડની ૯મી ડિસેમ્બરે બીડના મસ્સાજોગમાં સરપંચ સંતોષ દેશમુખના અપહરણ અને ક્રૂર હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ વિપક્ષ અને મહાયુતિના કેટલાક સાથીદારો દ્વારા ટીકાનોસામનો કરી રહ્યા છે.

એ જ જિલ્લાના અષ્ટીના વિધાનસભ્ય ધસે એવું જણાવ્યું હતું કે અજિત પવાર જે એનસીપીના વડા છે તેમણે સિંચાઈ પ્રોજેક્ટ્સ સંબંધિત આરોપો લગાવવામાં આવ્યા ત્યારે રાજીનામું આપી દીધું હતું.

મુંડેએ શંકાસ્પદ વ્યવહારો કર્યા હતા, જેમાં ખેડૂત કે પ્રાદેશિક અધિકારીઓની વિનંતી વિના મોટા પાયે ખરીદી કરી હતી. પ્રપોઝલ્સ મોકલવામાં આવ્યા હતા અને એ જ દિવસે સરકારી ઠરાવો બહાર પાડવામાં આવ્યા હતા. રાજ્યના કૃષિ કમિશનર પ્રવીણ ગેડામની ડીબીટી દ્વારા વ્યવહારો કરવાની ભલામણોને અવગણવામાં આવી હતી, એવું ધસે પત્રકાર પરિષદને સંબોધતી વેળાએ કહ્યું હતું. ધસે કહ્યું હતું કે આ કથિત કૌભાંડની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવી જોઈએ, અને ઉમેર્યું કે અજિત પવારે અત્યાર સુધી મુંડેનું રાજીનામું માંગ્યું નથી તે આશ્ચર્યજનક છે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મુંડેના શાસનકાળમાં વિભાગમાં ટ્રાન્સફર અને પ્રમોશન માટે ૧૦૦ કરોડ રૂપિયાની ગેરકાયદે ચુકવણીનો સમાવેશ થતો હતો. સામાજિક કાર્યકર અંજલી દમાણિયાએ પણ મુંડે તેમના સહયોગીઓ સામે સમાન આરોપો લગાવ્યા છે. મુંડે કહે છે કે તેઓ દમાણિયા સામે માનહાનિનો કેસ દાખલ કરશે. જો તેમને લાગે છે કે હું જે આરોપ લગાવી રહ્યો છું તે ખોટો છે, તો તેમણે મારી સામે પણ માનહાનિનો કેસ દાખલ કરવો જોઈએ, એવું ધસે કહ્યું હતું. ■

## જૈન મરણ

પાટણ નિવાસી વખતજીની શેરીના હાલ મુંબઈ સ્વ.પ્રેમચંદ જીવાચંદ શાહના સુપુત્ર નવીનચંદ્ર શાહ (ઉં. વ. ૯૦) સ્વ.હેમલત્તાબેનના પતિ, જતીન ઊર્મિ તથા મિહિરના પિતા. મેહુલકુમાર ડિમ્પલ દીપાના સસરા. આશીની ઋષિની ઉર્જા હર્ષના દાદા, સુમિલ સુજય સાચીના નાના. તા. ૨૦/૨/૨૫ના ગુરૂવાર અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ જૈન**

મહેસાણા પ્રાંત અંજનાબેન ધીરજલાલ શાહ (ઉં. વ. ૭૭) તાલજ નિવાસી હાલ અંધેરી તા. ૧૯-૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. જે સ્વ. ઉર્મિલ તેમ જ નિરાલીના માતુશ્રી. નીલીમા, રાકેશકુમારના સાસુ. સ્મિતાબેન અને પંકજભાઇના ભાભી. ભામી, મોક્ષના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કાઠિયાવાડી દશા શ્રીમાળી જૈન**

લોધિકા નિવાસી હાલ બોરીવલી સ્વ. છબલબેન છગનલાલ નથુભાઇ બાલાણીના પુત્ર હસમુખરાય (ઉં. વ. ૭૨) તે ઉષાબેનના પતિ. જીગર, અ. સૌ. પીના, અ.સૌ. જીજ્ઞાના પિતાશ્રી. અ. સૌ. મોના, નિકેશકુમાર, અંક્તિકુમારના સસરા. રમણીકભાઇ નાગરદાસ ભાયાણીના જમાઇ. તેજસ, નીલ, ધિઆન, વંશિકાના દાદા-નાના. તા. ૧૯-૨-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર કિશોરભાઇ અમૃતલાલ દોશીના ધર્મપત્ની કૈલાસબેન (ઉં. વ. ૭૧) તા. ૨૦-૨-૨૫ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. જે ફાલ્ગુની મનીષ શાહ, ફોરમ જયેશ શેઠ, ખુશ્બુ ભૂષણ શાહના માતા. શ્રુવી, વિહાન, આરુહી, શ્રેય, નાયશા નાયરાના નાની. વનિતાબેન ભરતકુમાર, સ્વ. ભારતીબેન કપિલભાઇ, ભરતભાઇ નીલાબેન, નરેશભાઇ, દક્ષાબેનના ભાભી. સ્વ. પુષ્પાબેન જયંતિલાલ મણિલાલ ઝવેરી (પાલિતાણાવાળાની દીકરી). હેમલતા સ્વ. ઉષા, સ્વ. કમલેશ, મનીષા હિતેન્દ્રના મોટાબહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. ગુલાબબેન છોટાલાલ જસાણીના સુપુત્ર ખાંતિલાલ છોટાલાલ જસાણી (ઉં.વ. ૮૫) પાલડી નિવાસી હાલ કાંદિવલી ગુરુવાર, તા. ૨૦-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. મધુબેન અરવિંદકુમારના મોટાભાઇ. સ્વ. હંસાબેન, કિરીટભાઇ, કલ્પનાબેન તથા વિજયના પિતાશ્રી. સુરેશકુમાર ભોગીલાલ, દિપકુમાર સારાભાઇ, જાગૃતિ અને બિંદુના સસરા. સ્વ. કપૂરચંદ ચત્રભુજ મહેતા (ચમારડી)ના જમાઇ. લૌકિક વ્યવહારક બંધ છે. ઠે. વિજય ખાંતીલાલ જસાણી, બ્લૂ ઓશન-૨, ડી-૭૦૨, એકતાનગર, ન્યુલિંક રોડ, કાંદિવલી (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારીના ધીરજલાલ છાડવા (ઉં. વ. ૬૦) બુધવાર, તા. ૧૯-૨-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. પુરાબેન હરખચંદ થાવરના પૌત્ર. સ્વ. માતુશ્રી શાંતીબેન પ્રેમજીના પુત્ર. વેજીબેનના પતિ. વિપુલ, કાજલના પિતાશ્રી. સ્વ. નાંગલબેન ભારમલ રાઘવજી ગડાના જમાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૧-૨-૨૫ના ઠે. અચલગચ્છ જૈન દેરાસર, સ્ટેશન રોડ, ઓપ. બેન્ક ઓફ બરોડા, જોગેશ્વરી (ઇસ્ટ). ટા. ૨થી ૩.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ અંધેરી સુરેખા સુધીર ધીરજલાલ દેસાઇ (ઉં. વ. ૭૭) તે પુનીતા હર્ષભાઇ શાહ, મીનોતી અનુરાગભાઇ કોઠારી, સ્વ. મીનીત સુધીર દેસાઇના માતુશ્રી. સ્વ. વિનયચંદ્ર (માધુભાઇ) ત્રીભોવનદાસ શેઠ અને પ્રેમવંતી વિનયચંદ્ર શેઠની દીકરી. સુનીલ, મયુરી, આશિતના બેન. કહાન, આર્યન, મહીકાના નાની. તા. ૧૭-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ટોડાના રતનબેન રતિલાલ ગાંગજી સંગોઇ (ઉં. વ. ૮૨) તા. ૧૮-૨-૨૫નાં અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાબેન ગાંગજી ઓભાયાના પુત્રવધૂ. સ્વ. રતિલાલ ગાંગજીના ધર્મપત્ની. ભરત, રસીલા, સુશીલા (શીલા), પરેશ, મહેન્દ્રના માતુશ્રી. બારોઈ હીરબાઈ વસનજી હરશીના પુત્રી. મુન્દ્રા વીરમણી (વિમળા) મુલચંદ વેલજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રસીલા દિપક ગોગરી, ૧૮૦૪, વીર ટાવર, દેવનગર કોમ્પ્લેક્સ, કાંદીવલી (વે), મું-૬૭.

નાની તુંબડીના કુમાર રાહુલ પુનીત બૌઆ (ઉં. વ. ૨૫) તા. ૧૮-૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સ્વ. અમ્રતબેન હરીલાલ ખીંયશીના પૌત્ર. બેલા પુનીતના પુત્ર. કૈલાસબેન જયંતીલાલ મહેતાના દોહીત્ર. જુગલ, યશ, ભાવિ, ઇશા, તન્મય જૈન (લંડન), અર્ચિત, તાન્યા, રીશાનના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : પુનીત બૌઆ, બી/૩૦૨, તુલીપ, રોયલ કોમ્પલેક્ષ, બોરીવલી (વેસ્ટ).

ભોરારાના સાકરબેન દેવજી દેઢીયા (ઉં. વ. ૮૦) તા. ૧૮-૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ચોથીબાઇ વજપારના પુત્રવધુ. દેવજીભાઇના પત્ની. વિનોદ, જયેશ, હીનાના માતુશ્રી. પ્રાગપુર મઠાંબાઇ રામજી જીવરાજ સંગોઇના પુત્રી. પ્રેમજી, જાદવજી, વિરચંદ, લાખાપુર રતન વસનજી, ગોધરા લીલાવંતી મહેન્દ્ર, ચુનડી કસ્તુર રાઘવજીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. જયેશ દેવજી દેઢીયા, ૭, સીતારામ નિવાસ, સંગીતાવાડી, શિવ મંદિર રોડ, ડોંબીવલી (ઇ.)

નાના ભાડીયાના પ્રભા (બચુબાઈ) વશનજી વીરા (ઉં. વ. ૮૬) તા. ૧૯-૨-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ શામજીના પુત્રવધૂ. વશનજીના પત્ની. વિનોદ, ભરત, હિતેનના માતા. હીરબાઈ શામજીના પુત્રી. લક્ષ્મીચંદ, ભવાનજી, ધીરજ, નાના આસંબીયા જયવંતી રસીકલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : કેકીન વીરા, ૭૦૩, વાસ્તુદર્શન, આઝાદ રોડ, અંધેરી (ઈ), મું. ૬૯.

ભુજપુરના અ.સૌ. પ્રેમીલા દિનેશ દેઢિયા (ઉં. વ. ૫૯) તા.૧૯-૨-૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે. કેસરબેન કુરપાર દેઢિયાના પુત્રવધૂ. દિનેશના ધર્મપત્ની. ફોરમ, કુંજના મમ્મી. ભાણબાઈ પ્રેમજી શેઠિયાના પુત્રી. રૂક્ષ્મણી, સરલા, જીતેન્દ્ર, સ્વ.મુલચંદ, નિતીનના બહેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મહુવા નિવાસી હાલ બોરીવલી, અંજવાળીબેન મગનલાલ દોશીના પુત્ર પરેશભાઈ દોશી (ઉં. વ. ૭૯) તે ગીતાબેનના પતિ. નિકુંજ, કુનાલ, વિધિના પિતા. વિમલાબેન ગીરધરલાલ મોદી, હર્ષાબેન હસમુખરાય તુરખિયાના ભાઈ. સ્વ.ગોદાવરીબેન મોરારજી ચંદેના જમાઈ. તા. ૧૮/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વિશા શ્રીમાળી ૧૦૮ના ગોલનું જૈન**

ગામ અંબાસણ હાલ બોરીવલી, ચંદ્રકાંત મફતલાલ શાહ (ઉં. વ. ૭૭) તા.૧૯.૦૨.૨૫ને બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દિરાબેનના પતિ.સાસરાપક્ષે ધોળાસણ નિવાસી સ્વ.દલસુખરામ પ્રેમચંદ શાહના જમાઈ. કાશ્મીરાબેન, સુચેતાબેન, સપનાબેન, શ્રેણિકભાઈના પિતા. નરેશકુમાર, નિલેશકુમાર, હરેનકુમાર, ભૂમિના સસરા. સુમતિભાઈ, સ્વ.રંજનબેન, નલીનીબેન, રાજેન્દ્રભાઈના મોટાભાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. નિવાસસ્થાન ૧૨૦૪ વર્ધમાન હાઈટ જાંબલીગલી બોરીવલી વેસ્ટ.

## હિન્દુ મરણ

ગઢાળી નિવાસી હાલ ઘાટકોપર ચિતરંજનાબેન તે સ્વ. જશવંતરાય શિવલાલ મહેતલિયાના ધર્મપત્ની (ઉં. વ. ૮૦) તા. ૨૦-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મેઘાવિ તથા વિવેકના માતુશ્રી. છાયાના સાસુ. આરવી, હેરીના દાદી. સ્વ. વિરમતી દિનકરરાય પારેખના પુત્રી. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. સૂર્યકાન્ત, સ્વ. મધુકાંતા, સ્વ. તરુલતા બળવંતરાય મહેતલિયાના ભાભી. સ્વ.વિનોદભાઇ પારેખ, કોકિલાબેન મહેતાના બહેન. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૨-૨-૨૫ના સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ) સાંજે ૩થી ૪.૩૦.

**કપોળ**

અમરેલીવાળા હાલ મુંબઇ સ્વ. રમાબેન નરભેરામભાઇના સુપુત્ર કિશોર. તે સ્વ. ક્રિષ્ણાબેનના પતિ (ઉં. વ. ૮૫) તા. ૧૭-૨-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કિરણ, હંસાબેન, દીનતા, રશ્મીના મોટાભાઇ. વર્ષાના જેઠ. માનસી વિરલ મહેતા, મીનલ અભિષેક ભણસાલીના મોટાકાકા. ચલાલાવાળા માધવજી વીઠ્ઠલ દોશીના જમાઇ. વસંતભાઇ, ચંદુભાઇ, વીમળાબેન, તારાબેન, લતાબેનના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મલાડ નિવાસી દક્ષા મલકાણ શાહ (ઉં. વ. ૬૧) તે કિરીટભાઇ મલકાણ (શાહ)ના ધર્મપત્ની. દયાબેન દુર્લભદાસ મલકાણના પુત્રવધૂ.અ. સૌ. ભાવિ સૂરજભાઇ શ્રોફ તથા અ. સૌ. કૃપા રિતેશભાઇ કોઠારીના માતુશ્રી. સ્વ. ધનલક્ષ્મી બળવંતરાય મહેતાના સુપુત્રી. સ્વ. ભૂપતભાઇ, ધનસુખભાઇ, વિજયભાઇ, હરેશભાઇ, કિરણભાઇ, ગં. સ્વ. કલાબેન મહેન્દ્રભાઇ કામદાર, કુસુમબેન ધ્રુવ, અ. સો. ઉષાબેન યોગેન્દ્રભાઇ પારેખના ભાભી. હિદ્વાત તથા પ્રાઇશાના નાની. મંગળવાર તા.૧૮-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરી હીરાલાલ (હીંગવાળા) નાનજી મજેઠીયાના જયેષ્ઠ પુત્ર સતીશ (ઉં. વ. ૬૨) ગામ અંજાર-કચ્છ હાલે મુલુંડ તે સ્વ. ગીતાના પતિ. તે સ્વ. જમનાદાસ ગોકળદાસ જોબનપુત્રાના નાના જમાઇ. સ્વ. કિરણ, રોહિત, અનિલના ભાઇ. દર્શનના પિતાશ્રી. એકતા, દર્શન મજેઠીયાના સસરાજી. રીટાના જેઠ. તા. ૧૮-૨-૨૫ના મંગળવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૨-૨૫ના શુક્રવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. વિજય સોસાયટી હોલ, (શીશુંકુંજ) ગ્રાઉન્ડ ફ્લોર, સેવારામ લાલવાણી રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

હાલ ઘાટકોપર, સ્વ. હેમલતા મનસુખલાલ પારેખના પુત્ર ભરતભાઈ પારેખ તા. ૨૦-૨-૨૫ ગુરૂવારના શ્રીજીચરણ પામેલ છે. તે હેમાંગીનીબેનના પતિ. પરાગભાઈના પિતા, નિપાબેનના સસરા. સ્વ. નવનીતભાઈ, સ્વ. સુભાષભાઈ, ભાસ્કરભાઈના ભાઈ. સાસરાપક્ષે છોટાલાલ કાબાભાઈ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.ઉદયશંકર પંડ્યા તથા સ્વ વિદુબેન પંડ્યાના પુત્ર તે વિશાખાબેનના પતિ. વિશાલ, નિધિના પિતાશ્રી. જીગર,પાયલના સસરા. મહેશભાઈ, કાકુભાઈ, રાજુભાઈ પંડ્યાના નાનાભાઈ. મંછુભાઈ મહેતાના જમાઈ. વિજય પંડ્યા (ઉં. વ. ૬૯) તા.૧૯ ફેબ્રુઆરી બુધવારના કૈલાશવાસી થયા છે, લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**વણકર**

ગામ વડેરા (અમરેલી) હાલ નાલાસોપારાના દાનજી માધડના પત્ની ઉષાબેન (ઉં. વ. ૭૦) ૧૬મીને રવિવારે સ્વર્ગવાસ પામ્યા છે. તે વિજયભાઈ, પ્રકાશભાઈ, રવિભાઈના માતા. મીનાબેન, હંસાબેનના સાસુ. નિખિલ, વિનિત, હિતેન, હિતાંશી, કૃષિના દાદી બારમાની વિધિ ૨૨/૨/૨૫ ૪થી ૭. નિ.:ઈ-૧૦૫, ચંદ્રેશ વિલા, સયુક્ત નગર આચોલે રોડ, નાલાસોપારા (પૂ.).

**દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઢસા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ.ધીરજબેન વ્રજલાલભાઈ સંઘરાજકાના પુત્ર દીપકભાઈ સંઘરાજકા (ઉં. વ. ૬૬) તે મીનાબેનના પતિ. નીતાબેન શૈલેષભાઇ મોદી, ચેતનભાઈના ભાઈ. રોહિશાળા નિવાસી ભદ્રાબેન બાબુભાઇ પ્રેમચંદ કોઠારીના જમાઈ, જયેશભાઈ, અશિષભાઈ, દીપિકાબેન રાકેશભાઇ પારેખના બનેવી. તા.૧૮/૦૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જાફરાબાદવાળા સ્વ. ભાનુમતી ગંગાદાસ પારેખના પુત્ર ભુપતભાઈ (ઉં. વ. ૭૮) તા. ૧૮-૨-૨૦૨૫ મંગળવારના અમદાવાદ શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાબેનના પતિ, દિપક, કમલ, અ.સૌ. જીજ્ઞા વિપુલકુમર દેસાઈના પિતા. સ્વ. સવિતાબેન ચીમનલાલ, સ્વ. મનુભાઈ, સ્વ.હસમુખભાઈ, સુરેશભાઈ, સ્વ. મુકુન્દભાઈ, મહેન્દ્રભાઈ, કનુભાઈના ભાઈ. ભાવનગરવાળા સ્વ. જયંતિભાઈ ભગવાનદાસ મહેતાના જમાઈ. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા.૨૨-૨-૨૫ને શનિવારના ૫.૦૦ થી ૭.૦૦. રઘુલીલા મૉલ, ૪થે માળે, લોટ્સ હૉલ, પોઈસર જીમખાના રોડ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કુતિયાણા હાલ મલાડ, ગં.સ્વ.લલીતાબેન જગજીવનદાસ લાખાણી (ઉં. વ. ૮૫) ૧૯/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.ગોકળદાસ વશનજી મજીઠીયા ખાપોલીવાળાના દીકરી. સ્વ.કાંતાબેન, મુક્તાબેન, ગુલાબબેન, જ્યોત્સનાબેન, ગીતાબેન, સ્વ.કિશોરભાઈ, ત્રિભોવનભાઈ, સ્વ.ગોપાલભાઈના મોટાબેન, વર્ષા સંજય પારનેરિયા, કિરીટ, વિકાસના માતુશ્રી. સંગીતા, નેહલના સાસુ, હરેશ, જયેશ, જીજ્ઞેશ દામોદર, ભાવના અનીલકુમારના કાકી. પ્રાર્થનાસભા ૨૧/૨/૨૫ના ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દસગામ પંચાલ સુથાર**

ગામ ઉદવાડા હાલ બોરીવલી, ગં.સ્વ.ચંદનબેન પંચાલ (ઉં. વ. ૭૭) ૧૭/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.જયંતીલાલ મણિલાલ પંચાલના ધર્મપત્ની. સ્વ.ધનસુખલાલ મણિલાલ, સ્વ.પ્રમીલાબેન પ્રવિણચંદ્રના મોટાભાભી. પૂર્ણિમા, નિમેષ, રશ્મિના માતુશ્રી. ભુપેન્દ્રભાઈ, રશ્મિબેન, સંતોષભાઈના સાસુ, સ્વ.કલાવતીબેન, સ્વ.રતિલાલ કેશવ પંચાલના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧/૨/૨૫ના ૪ થી ૬. એ/૧૨૦૩, ત્રિવેણી સદન, રાજેન્દ્ર નગર, સામવેદ સોસાયટીની બાજુમાં, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાજકોટ નિવાસી હાલ કાંદિવલી, જાગૃતિ મહેતા (ઉં. વ. ૮૨) તે સ્વ.મંજુલાબેન પોપટલાલ મહેતાના પુત્રવધૂ, સ્વ.જીતેન્દ્ર મહેતાના ધર્મપત્ની. રવિ, વિજય, ભરત, સ્વ.બકુલ, સ્વ.વસુમતિ મણિયારના ભાભી. સુરેન્દ્રનગર નિવાસી સ્વ.નટવરદાસ ગોરધનદાસના દીકરી, હેતલ પરીખ, પરીંદાના મોટામમ્મી. તા. ૧૮/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોચી**

મૂળગામ ભાવનગર હાલ મિરારોડ જયંતભાઈ વસંતરાઈ ચૌહાણ (ઉં. વ. ૬૮) તા.૧૯-૨-૨૫ના બુધવાર અક્ષરનિવાસી થયા છે. તે મીતાબેનના પતિ. જવલંત, કુલદીપ, નિરવ, પ્રશાંતના પિતા. સ્વ.હર્ષદભાઈ, વિનોદભાઈ, અરવિંદભાઈ, કિશનભાઇ, શોભનાબેનના ભાઈ. રેણુકા,જેનીશાના સસરા, જીગ્નેશ કાંતિભાઈ ગોહિલના સસરા. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૧-૦૨-૨૫ના ૪ થી ૬. મીનીપાર્ટી હોલ, સેક્ટર નંબર ૭, શાંતિનગર સ્વામિનારાયણ મંદિરની સામે, મીરારોડ (પૂર્વ).

**હાલાઈ ભાટિયા**

અ. સૌ. ધિરિયાની (ઉં. વ.૭૫) તે નરેન્દ્ર ધરમશી કલાપીના પત્ની, ક્રિષ્નાબેન ગોરધનદાસ નેગાંધીના દીકરી, કિન્નરી, ઋષિકેશ-કાર્તિકાના માતૃશ્રી, સ્વ.સુરેન્દ્ર, પંકજ, લલિત, કુમુદ, મીના, જ્યોતિના ભાભી, સ્વ.પુષ્પા, સ્વ.અરુણા, રમેશ, નલિન, મુકુંદ, યોગેશના બહેન. તા.૧૮.૨.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૨૧.૦૨.૨૫ના શુક્રવારે ૪.૩૦ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ (સર્વોદય હૉલ) ડાયમંડ ટોકિઝની સામે, એલ.ટી રોડ, બોરીવલી પશ્ચિમ. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશાદિશાવળ વણિક**

કિશોર મહેતા (ઉં. વ. ૮૮) તે સ્વ.રણજીતલાલ મહેતાના પુત્ર, સ્વ.જીવનલાલ દેસાઈના જમાઈ, સૌ.શર્મીષ્ટાબેનના પતિ, અતીત અને પરીનના પિતાશ્રી. સૌ.ધરાના સસરા. સૌ. વિણા, હેમેશ, પ્રફૂલના મોટાભાઈ. તા. ૧૭-૨-૨૫ને શ્રીજીશરણ પામેલ છે. લૌકિક રિવાજ બંધ રાખેલ છે.

## પારસી મરણ

દારા સોરાબ સકલાત તે યાદગર દારા સકલાતના ધનિયાની. તે મરહુમો ખોરશેદ સોરાબ સકલાતના દીકરા. તે ખુશનાઝ યઝદી વાદીવાલા ને જેસમીન સકલાતના પપા. તે યઝદી જે. વાદીવાલા ને પ્રાથમિક સનિહાના સસરા. તે મરહુમો અસપી ને યાસમીન પટેલના ભાઇ. તે જેહાન રુખી, મેહર ને આનયાના મમાવાજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. ધનબાઇ વાદી બિલ્ડિંગ નં-૩. દાદાભાઇ રોડ, ગોકલીબાઇ સ્કૂલની બાજુમાં, ફ્લેટ નં-૬, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૨-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે સાલસેથ અગિયારી અંધેરીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

## છોરિયાં છોરોં સે કમ હૈ કે?!

### હીરોઈનની ફિલ્મો હીરોની ફિલ્મ કરતાં વધુ કમાણી કરવા લાગી છે એવી કબૂલાત ખુદ કરણ જોહરે જ કરી છે...

કરણ જોહર છેલ્લાં કેટલાક સમયથી ફિલ્મ બનાવવા કરતાં ફિલ્મો વિશે બોલવા બદલ વધુ ચર્ચામાં જોવા મળી રહ્યો છે.

તાજેતરમાં એક પોડકાસ્ટમાં એણે એક એવી વાત કરી છે, જેની નોંધ અનેક લોકોએ લીધી અને એ ચર્ચાનો મુદ્દો પણ છે. કરણનું કહેવું છે કે ફિલ્મ મેકરોએ હવે માત્ર પુરુષ પાત્ર ઉપરાંત સ્ત્રી પાત્રને પણ વધુ પ્રાધાન્ય આપવું જોઈએ. કરણ જોહર આ દલીલના સમર્થનમાં એ વાત પર ધ્યાન દોરે છે કે થોડા સમયથી મહિલા પ્રધાન ફિલ્મ પુરુષ પ્રધાન ફિલ્મની સરખામણીમાં બોક્સ ઓફિસ પર વધુ સફળતા મેળવી રહી છે. આ ટ્રેન્ડને અવગણી ન શકાય. મતલબ કે સ્ત્રી લક્ષી ફિલ્મો વધુ બનાવવી જોઈએ. ‘આજ કી નારી સબ પે ભારી’ સ્લોગન અમસ્તું નથી બન્યું. ‘દંગલ’ ફિલ્મમાં આમિર ખાન સાક્ષી તન્વરનેકહે છે કે ‘આજકે બાદ ગીતા, બબીતા ના ઝાડુ પોંછા કરેગી ના ચુલ્હા ચૌકા કરેગી. આજ કે બાદ વો સિર્ફ પહેલવાની કરેગી’.

આ વાત સાંભળી સાક્ષી તન્વર કહે છે કે ‘પહેલવાની તો સિર્ફ છોરે હી કરેં’. આમિર ખાન જવાબ આપે છે કે ‘હમારી છોરિયાં ઈન છોરોં સે કમ હૈ કે?! ’.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે પણ આ ડાયલોગ બોલવાનો સમય આવી ગયો છે એમ કરણ જોહરનું માનવું છે.

પોતાની દલીલના સમર્થનમાં કરણ જોહરે ‘સ્ત્રી ૨’ અને ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ ફિલ્મોની બોક્સ ઓફિસ સફળતાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. દલીલના સમર્થનમાં કરણ કહે છે કે ‘આલિયા ભટ્ટે ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ કરી એ મારા હિસાબે સિનેમાનો જયજયકાર હતો. એ પાત્રમાં આલિયા છવાઈ ગઈ અને ઘણા સ્ટાર પુરુષ એક્ટર કરતાં આલિયાની ફિલ્મની પ્રારંભિક કમાણી વધુ હતી. એક નારી સમગ્ર ફિલ્મ પોતાના ખભા પર ઉપાડી વટથી આગળ વધી શકે એ આ ફિલ્મ દ્વારા ફરી એક વાર સિદ્ધ થયું છે.’

મહેનતાણામાં બરાબરીના મુદ્દાની ચર્ચા થાય ત્યારે પોતાની ફિલ્મ વધુ નાણાં રળી લાવતી હોવાથી એમને હીરો કરતાં વધુ પૈસા મળવા જોઈએ એવી રજૂઆત કરવામાં આવે છે. જોકે, હમણાં હમણાં મહિલાલક્ષી ફિલ્મો તગડી શરૂઆત કરી રહી છે, જ્યારે પુરુષ પ્રધાન ફિલ્મો બોક્સ ઓફિસ પર કંગાળ સાબિત થઈ રહી છે.

અલબત્ત, મહિલાનો મહિમા ગાઈ રહેલો કરણ જોહર પોતે મહિલા પ્રધાન ફિલ્મો બનાવવા ઈચ્છા રાખતો હોય એવું લાગતું નથી. અત્યારે એ સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાનની ડેબ્યુ ફિલ્મ ‘નાદાનિયાં’માં વ્યસ્ત છે જેમાં હીરોઈન છે શ્રીદેવીની બીજી પુત્રી ખુશી કપૂર. જહાન્વી પછી શ્રીદેવીની બીજી અનુજા પણ એક્ટિંગમાં કરિયર બનાવવા થનગની રહી છે. ગયા વર્ષે કરણે આલિયા સાથે બનાવેલી સ્ત્રી કેન્દ્રીફિલ્મ ‘જિગરા’ સુપરફ્લોપ સાબિત થઈ હતી.

કઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર કેટલી સફળ રહી એ મુદ્દાને કેન્દ્રમાં ન રાખીએ તો ૨૦૨૪ના વર્ષ દરમિયાન હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સ્ત્રી કેન્દ્રી ફિલ્મોનો પ્રભાવ ધીમે ધીમે વધી રહ્યો હોવાનું ચિત્ર ઉપસે છે. આ વર્ષમાં કેટલીક ફિલ્મો એવી છે, જેનો સંપૂર્ણ ભારઅભિનેત્રીના ખભા પર રહ્યો છે. સૌથી નોંધપાત્ર ફિલ્મ તો કિરણ રાવ દિગ્દર્શિત ‘લાપતા લેડીઝ’ જ ગણવી જોઈએ. કબૂલ કે સ્પર્શ શ્રીવાસ્તવ અને રવિ કિશન મહત્ત્વના રોલમાં દમદાર લાગ્યા, પણ ફિલ્મના રિયલ સ્ટાર તો નિતાંશી ગોયલ, પ્રતિભા રાંતા અને છાયા કદમ જ હતાં. ગ્લેમરનો છાંટો પણ ન હોવા છતાં ત્રણેય અભિનેત્રી સિને રસિકોની નજરમાં વસી દિલમાં બિરાજમાન થઈ.

બીજા નંબરે કરીના કપૂર, તબુ અને કૃતિ સેનનની ‘ધ ક્રૂ’ આવે. ત્રણ મહિલાના અંગત જીવન અને કારકિર્દી પર ફોકસ કરતી ફિલ્મને પણ આવકાર મળ્યો હતો. આ બંને ફિલ્મના બોક્સ ઓફિસ કલેકશનના આંકડા ‘સ્ત્રી’ કે ‘જવાન’ સામે પરચૂરણ જેવા લાગે, પણ વળતરની ટકાવારીની દ્રષ્ટિએ ‘હમ કિસીસે કમ નહીં’ જેવી સાબિત થઈ.

‘આર્ટિકલ ૩૭૦’મા કેન્દ્ર સ્થાને રાજકીય મુદ્દો છે, પણ ફિલ્મમાં યામી ગૌતમ અસલી હીરો છે. ‘ફિર આયી હસીન દિલરુબા’માં પણ તાપસી પન્નુ કોમ્પ્લેક્સ રોલમાં પણ હીરોઈન કાઠું કાઢી શકે છે એ સિદ્ધ કરી શકી છે. ‘વેદા’માં શર્વરી વાઘને એક્શન પેક્ડ રોલમાં ચમકાવવાની હિંમત કરવામાં આવી છે. આ જ શર્વરી વાઘ આલિયા ભટ્ટ સાથે ‘યશરાજ’ની સ્પાય યુનિવર્સની ફિલ્મ ‘આલ્ફા’માં પણ જોવા મળશે.

ટૂંકમાં ગુજરાતીમાં જેને ‘ધડાધડીવાળી ફિલ્મો’ કહેવાય છે એ એક્શન ફિલ્મોમાં પણ સ્ત્રી રાજની શરૂઆત તો થઈ છે. યાદ કરો દારા સિંહની ‘ફૌલાદ’ કે પછી ‘રુસ્તમ - એ - હિંદ’ જેવી ફિલ્મો જેમાં હીરોઈન મુમતાઝ શોભાના ગાંઠિયાથી વિશેષ કશું નહોતી. હવે ચક્ર આખું ફરી ગયું છે. ‘બિન્ની એન્ડ ફેમિલી’ તેમજ ‘લવ, સિતારા’ ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ ઉકાળી ના શકી, પણ હીરોઈન જ હીરો હોય એવી ફિલ્મો બનાવવાની કોશિશ વધતી જાય છે એ હકીકત છે.

૨૦૨૧માં આવેલી મલયાલમ ફિલ્મ ‘ધ ગ્રેટ ઈન્ડિયન કિચન’ની હિન્દી રિમેક ‘મિસિસ’ આ મહિને જ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે. પિતૃ પ્રધાન સમાજમાં સ્ત્રી સાથે થતું ઓરમાયું વર્તન ફિલ્મની વાર્તામાં મુખ્ય તંતુ છે. રસોડામાં ઘૂસી નાસ્તો - રસોઈ તૈયાર કરવા, પતિ જમે પછી જમવાનું, વાસણની સફાઈ અને સસરાને સવારે ટૂથબ્રશ આપવું જેવી પ્રવૃત્તિમાં અટવાઈ રહેતી સ્ત્રીમાં આજની નારીને પોતાનું પ્રતિબિંબ નહીં દેખાતું હોય, પણ અન્યાયથી કંટાળેલી શ્રીમતી આત્મ ગૌરવ માટે જે રીતે ઘર છોડી ચાલતી પકડે છે એમાં આજની નારીનો પડઘો જરૂર સંભળાયો હશે. ફિલ્મનો ભાર સાન્યા મલ્હોત્રાએ પોતાના ખભા પર સફળતાપૂર્વક ઉપાડ્યો છે. ફિલ્મ સાથે સાન્યાની અદાકારીની પણ પ્રશંસા થઈ છે. મહિલાને પ્રાધાન્ય આપતી આ ફિલ્મ વાસ્તવદર્શી કથા અને સાન્યાની એક્ટિંગને કારણે હિટ સાબિત થઈ છે.



આલિયા ભટ્ટ

સાન્યા મલ્હોત્રા

શર્વરી વાઘ

‘પરમ સુંદરી’માં સિદ્ધાર્થ મલ્હોત્રા છે, પણ ફિલ્મને જહાન્વી કપૂરની ફિલ્મ તરીકે પ્રમોટ કરવામાં આવી રહી છે.

હિન્દી ફિલ્મોના ઊંડા અભ્યાસુ તરણ આદર્શનું કહેવું છે કે ‘મહિલા કેન્દ્રીય ફિલ્મો અગાઉ નહોતી બનતી એવું નથી. ‘મધર ઈન્ડિયા’, ‘સાહિબ બીબી ઔર ગુલામ’ અને ‘બંદિની’ એના ઉત્તમ ઉદાહરણ છે. જોકે, ૧૯૭૦ - ૮૦ના દાયકામાં એક્શન ફિલ્મોનો મોટો ફાલ ઉતરવાનો શરૂ થયો ત્યારે હીરોઈન હાજરી પૂરતી ગ્લેમર અને ગીત - નૃત્યમાં અટવાઈ ગઈ હતી.’ એકવીસમી સદીમાં ‘કહાની’, ‘મેરી કોમ’, ‘રાઝી’ વગેરે પ્રયત્નો થયા અને એ કોશિશોને આવકાર પણ મળ્યો.

૨૦૨૪નું વર્ષ આ પ્રકારની ફિલ્મો માટે મહત્ત્વનું રહ્યું છે. ગાડી ગિયરમાં આવી છે, જોઈએ, આગળ કેવી સ્પીડ પકડે છે. ■

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

## સાહિત્ય વિરુદ્ધ સિનેમાઃ જુડવે જુડવે નૈના...

**કચરાના** એક ડબ્બા પાસે બે બકરી ચરી રહી હતી. કચરામાં ‘દેવદાસ’ ફિલ્મની રીલ હતી અને એક કિતાબ હતી. મજાની વાત એ છે કે જે કિતાબ હતી એની જ વાર્તા પરથી બનેલી પેલી ફિલ્મની રીલ ત્યાં પડી હતી. એક બકરીએ થોડીક ફિલ્મની રીલ ખાધી અને થોડાંક પુસ્તકનાં પાનાં ચાવ્યા. બંને ચાખ્યા પછી એણે બીજી બકરીને કહ્યું : ‘ચોપડી બહેતર હતી... ફિલ્મમાં એવી મજા નહોતી !’

સિનેમા અને સાહિત્ય બેઉ એક જ પ્રેમીની બે સૌતન. કોણ ચઢે? કોણ વધુ લોકપ્રિય? કોણ શ્રેષ્ઠ? એ ચર્ચા થતી રહી છે, વર્ષોથી. એક સિક્કાની બે બાજુ નથી, પણ બે બાજુવાળા એક સિક્કા જેવી વાત છે. વિદ્વાનો કહે છે પુસ્તકો શ્રેષ્ઠ છે- સિનેમાપ્રેમી કહે છે ફિલ્મોમાં જ મજા છે પણ હમણાં ‘છાવા’ ફિલ્મ જે બહુ ચર્ચામાં છે, તે પણ શિવાજી સાવંતની મરાઠી નોવેલ પર આધારિત છે.

તો શું ચડે? સાહિત્ય કે સિનેમા? અમે કહીએ છીએ કે એ ઓઈલ અને પાણીની સરખામણી જેવી બાલિશ વાત છે. સિનેમા ‘બીસ્ટ’ છે, સાહિત્ય ‘બ્યુટી’ છે. આ



‘બ્યુટી અને ‘બીસ્ટ’ વાળી નેવર એન્ડિંગ લવસ્ટોરી છે. બંને એકબીજાને પૂરક છે, પણ ખતરનાક શરતો સાથે ‘કન્ડિશન્સ એપ્લાય’ના લટકણિયા સાથે! હોલિવૂડના નિર્માતાઓ પણ આ જ વાત કહેતા હોય છે ફરક માત્ર દેશ-દુનિયા ને ભાષાનો છે.

માણસનો સો ગણો મોટો ચહેરો એના હાવભાવ ‘ક્લોઝ અપ’થી પડદા પર દેખાય છે. પુસ્તકમાં નહીં. પુસ્તકમાં તમારાં મન, વિચારને હલાવી કે સ્પર્શી જતી વાત હોય છે, પણ સંગીત, થ્રીલ, રોમાંચ નથી. છે તો... દૃશ્ય હોય છે, પણ સાઉન્ડ નહીં... જે વાત એક ‘શોટ’થી દેખાઈ શકે છે એ માટે લેખકે બે પાનાંનું વર્ણન કરવું પડે છે. સિનેમાને ૧૦૦૦-૨૦૦૦ લોકો એક સાથે માણે છે. બીજી તરફ, પુસ્તક માણસ એકલો વાંચે છે, પુસ્તકની વાર્તામાં લોકો પોતાની કલ્પનાઓથી વિચારે છે, જ્યારે સિનેમામાં બધું સામે તરત જ દેખાય છે. ફિલ્મ એ ભાગતી વાર્તાશૈલી છે. ત્યાં વિચારવાનો મોકો નથી મળતો. એક સેકન્ડમાં ચોવીસ ફ્રેમ દોડતી હોય તો જ ‘મૂવિંગ’ એટલે કે હાલતું ચાલતું ચિત્ર દેખાય. સિનેમા એક એવું પોપકલ્ચર છે, જેની લોલીપોપ દરેક સાહિત્યકાર ચૂસવા લલચાય છે અને પછી આખી જિંદગી મોંમાં કડવો સ્વાદ રહી જાય છે.

સાહિત્યકારોની હંમેશાં ફરિયાદ હોય છે કે સિનેમાવાળા બહુ ચાલુ હોય છે, લુચ્ચા હોય છે... અમારી મહાન રચનાને સમજતા નથી-, બગાડી મૂકે છે! વગેરે વગેરે..પણ શરદબાબુ, પ્રેમચંદ, મન્ટો, મેઘાણી, ઈસ્મત ચુગતાઈ, કમલેશ્વર, મધુ રાય, રાહી માસૂમ રઝા જેવા અનેક મહારથી લેખકો હિંદી ફિલ્મોમાં આવી ‘અમે નથી રમતાં જાવ’ કહીને હાથપગ ઘૂંટણ પર ઘા લઈને રિસાઈને જતા રહ્યા છે.

હિંદી સિનેમા એક જાયન્ટ કેસીનો કે જુગારખાનું છે, જ્યાં સાહિત્યના લેખકો હંમેશાં હારવા માટે જ જાય છે. હોલિવૂડમાંય વિખ્યાત હેમિંગ્વે હોય કે સ્ટીફન કિંગ જેવા બેસ્ટસેલર હોરર નવલકથાકાર હોય, પોતાની કિતાબ પરથી બનેલી ફિલ્મો જોવાની હિંમત નથી કરતા. બેસ્ટસેલર રાઇટર જેફ્રી આર્ચરે એક મુલાકાતમાં કહેલું : ‘લેખકો બે પ્રકારના હોય છે એક જે સારું સુંદર લખે છે એ ‘લેખક’ અને બીજો એટલે કે ‘સ્ટોરી ટેલર’ ‘કથાકાર’ રસ પડે એવી કથા કહો તે!’ છતાં પણ મોટા ભાગના સ્ટાર્સની સફેદ કફની પહેરેલા લેખકો આ બેઝિક ફરક સમજતા નથી.

સિનેમા પ્રચંડ ઓરકેસ્ટ્રા છે, જ્યાં સંગીત છે, શોર છે, ગુલ છે... સાહિત્ય એકાકી એકલું ગીત છે. સાહિત્ય એ શાશ્વત નદી છે, જે સદીઓથી વહે છે અને એમાં સિનેમા, રેડિયો, ટી.વી., ઇન્ટરનેટવાળા આવી ખોબે ખોબે પીવે છે ને ‘નદી’ને ગંદી કરીને જતા રહે છે. એ જ બજાર પાસે બંધુભાવની અપેક્ષા રાખવી એ રાખનારની મૂર્ખતા છે. સાહિત્ય હંમેશાં શુદ્ધ સર્જનની દ્રષ્ટિએ એક મુઠ્ઠી ઊંચું રહ્યું છે અને ફિલ્મો એની લોકપ્રિયતા કે પહોંચને કારણે ઉપર છે.

વળી લેખકોય કાંઈ દૂધના ધોયેલાં નથી હોતા. આખી જિંદગી ‘નિર્મોહ’ અને ‘લાગણી’ અને ‘સામ્યવાદ’ની વાતો લખી- બોલીને પછી ફિલ્મ નિર્માતાઓ પાસે બે પેગ વ્હીસ્કી અને બે-પાંચ લાખ રૂપિયા માટે સાવ ઝૂકી જાય છે. એ લોકો પૈસા કમાવા માટે લૂંટારાઓની અદાએ આવે છે અને પછી જખ્મી થઈને પાછા પોતાની કિતાબોની દુનિયામાં જતા રહે છે. લેખકની ટેલેન્ટ, એના સમ્માન કે એની ગરિમા પર કોઈ જ સવાલ નથી, પણ મોટે ભાગે લેખકો સિનેમાને અને એના ધંધાને સમજી નથી શકતા. સાહિત્યકાર કાફકા કહેતાં કે દરેક લેખકે બે હાથે કામ કરવાનું હોય છે. એક હાથે લખવાનું અને બીજા હાથે દુનિયાના પ્રહાર ઝિલવાના! પણ ફિલ્મી લેખકે દસ હાથેથી કામ કરવું પડે છે. એક હાથે લખવાનું બીજે હાથે નિર્માતા નિર્દેશક જોડે લખવાનું, ત્રીજે હાથે અભિનેતા જોડે, ચોથે હાથે સેન્સર બોર્ડ અને સરકાર જોડે, પાંચમે હાથે પ્રેક્ષકોના જૂતાં સાથે, છઠ્ઠે હાથે વાંઝણા વિવેચકો સામે ... અને રેડિયો, ટી.વી., સિનેમા એ મીડિયા તો છે જ કતારમાં ઊભેલાં !

મીડિયા એક મોન્સ્ટર છે- રાક્ષસ, એને રોજ નવો નવો ચારો-ખોરાક જોઈએ છે. પુરાણો, લોકકથા, છાપાંની હેડલાઈન્સ, નવલકથાઓ, વાર્તાઓ એ બધું જ ચાવી જાય છે. સિનેમાને સાહિત્ય વિના નહીં ચાલે. સાહિત્યને કદાચ ચાલી જશે. સાહિત્ય એ નોળવેલ છે જેને ઘવાયેલો સાપ સૂંઘીને-ચાવીને પાછો તાજોમાજો થઈ જાય છે!

કોઈએ સાચું જ કહ્યું છે :

‘સાહિત્ય એ લક્ઝરી છે, સિનેમા એ જરૂરિયાત!’ ■




**અરવિંદ વેકરિયા**

## શબ્દો પાસે અર્થ હોય ને મન પાસે અર્થઘટન!

જે કર્મને સમજે છે એને ધર્મ સમજવાની જરૂર નથી એ વાત લાંબે ગાળે ઈમ્તિયાઝ પટેલ માટે કેવી સાચી પડી તે આગળ ઉપર આવશે. હજી તો શરૂઆત થવાની હતી. મારું મન ‘બોલ્ડ’ વિષય ઉપર નાટક કરવા માટે તૈયાર થવા અચકાતું હતું. ડોલર પટેલે જે ‘જ્ઞાનની ગોળી’ મને ખવડાવી એના પરથી મને થોડે ઘણે અંશે લાગ્યું કે હા, નાટક કરવાનું મારું કામ છે પછી વિષય કોઈ પણ હોય, ચેલેન્જ સમજીને સ્વીકારી લેવું જોઈએ. ડોલરે આ વાત મને કરી એની પાછળ એનો ‘બોલ્ડ’ નાટક કરવાનો સ્વાર્થ ભલે હોય, પણ એની વાત ૧૦૦% સાચી તો હતી. ‘હરણફાળ’ તો હીટ થયું, પણ એ પહેલાં બોલ્ડ બનાવ્યાં પછી ‘વાત મધરાત પછીની’ સુપર-હીટ થયું જ. જે નાટક ‘છાનું છમકલું’ના નામે સુપર-ફ્લોપ થઈ ગયેલું. ઠીક છે, પ્રથા નહી, શ્રદ્ધા મહત્ત્વની રાખી આગળ વધવાનો વિચાર કરી લીધો. લોકોને ‘ગલગલિયા’ભર્યા સંવાદો ખૂબ ગમે છે એ ‘વાત મધરાત..’માં સાબિત થઈ ચૂકી હતી. મને થયું કે લોકોને ક્યુરિયોસિટી-ઉત્સુકતા બહુ ઉત્તેજિત કરતી હોય છે. મારે એનું ધ્યાન રાખી ‘નાગાઈ’ને દૂર રાખવી પડશે.

ખેર, ઈમ્તિયાઝ પટેલે મને સ્ક્રિપ્ટ તો પહોંચાડી દીધી. મેં વાંચવા લીધી તો અક્ષરો તો વંચાયા, પણ લખાણ વાંચ્યા પછી એને ધરમૂળથી બદલવાની જરૂર લાગી. વધુપડતાં બોલ્ડ વાક્યો અને જે રીતે સીન વિઝ્યુલાઈઝ કરેલો એ વધુપડતો ‘ઉઘાડો’ હતો... લખાણમાં ભલે શબ્દો હતા, પણ કેવા? નાટકની જા.ખ.માં જાહેર તો કરવું પડે કે ‘કેવા પ્રકારનું આ નાટક છે’. શુદ્ધ શાકાહારી કહીને નોન-વેજીટેરિયન થાળી તો ન જ પીરસાય ને? શબ્દો પાસે અર્થ હોય પણ અર્થઘટન તો મન પાસે જ હોય અને ‘આ’ પ્રકારના આવતા પ્રેક્ષકો અર્થઘટન એ જ દિશામાં કરવાનાં...

બીજા દિવસથી મેં ઈમ્તિયાઝને મારે ઘરે બોલાવવાનું શરૂ કર્યું અને નાટકનું ક્રાફટિંગ જેટલું મેં અનુભવે શીખેલું એ એને સમજાવવાનું શરૂ કર્યું. જો હું નોકરીથી સમયસર ઘરે પહોંચું તો નવા બનેલા મારા અંદરના રૂમમાં બેસી જઈએ. એ સમયે એનો લંગોટિયો દોસ્ત હતો, દિલીપ ભાટિયા. ઈમ્તિયાઝ એને લાડમાં ‘દિલો’ કહીને બોલાવતો. આર્ટિફિશિયલ જ્વેલરીનો ધીકતો ધંધો હતો એનો. ટૂંકમાં ખમતીધર પાર્ટી. એની પાસે કાર તો હતી, સ્કૂટર પણ હતું. સ્કૂટર જાણે ઈમ્તિયાઝ માટે જ હોય એવું મને લાગતું. ઈમ્તિયાઝને જ્યાં દોડવું હોય ત્યાં દિલો એના સ્કૂટર સાથે હાજર હોય. હું સમય જણાવું કે એનો ‘સ્કૂટર-રથ’ મારે ઘરે હાજર હોય. એકવાર પત્ની ભારતીએ થેપલાં ખવડાવ્યાં પછી એની ઇચ્છા થાય ત્યારે એ હકથી માગી લે એવી દોસ્તી થઈ ગયેલી. એક વસ્તુ તો હતી કે એની વાતમા ગજબનું ખેંચાણ હતું. જીભમાં મીઠાશ હતી. કહે છે ને કે માણસનું અડધું સૌન્દર્ય એની જીભમાં હોય છે. ઈમ્તિયાઝનું એવું જ હતું. ધીમે ધીમે અમે સીન પ્રમાણે નાટક તૈયાર કરતા ગયા. એનો ઉત્સાહ અને ધગશ એટલાં કે આગલે દિવસે કહ્યું હોય એ રીતે લખીને બીજે દિવસે હાજર. ‘બોલ્ડનેસ’ને લિમિટમાં રાખવા એ વિશે મેં એને ઓશોની વાત કરેલી. ઓશો માનતા કે માણસની હંમેશા વિજાતીયની ઢાંકી રાખેલી વસ્તુ પાછળ ‘શું’ હશે એ જાણવાનું કુતૂહલ હોય છે. એના વાંચેલા લખાણમાં કંઈ એવું હતું કે સ્ત્રીના ઉભાર ઢંકાયેલા હોય છે એ પાછળ કેવું સૌન્દર્ય છુપાયું છે એ જાણી લેવાની તાલાવેલી હોય છે. એમણે એ પણ લખેલું કે આદિવાસી ગામડાઓમાં, ત્યાંની સ્ત્રીઓ બ્લાઉઝ પહેરતી જ નથી. એને એક રૂટિન તરીકે લોકો જોવા ટેવાઈ જાય પછી કોઈ કામેચ્છા જાગતી જ નથી.. મેં ઈમ્તિયાઝને એ જ વાત કરી કે, ‘તું હીરોઈનને દસ કપડાં પહેરાવ, ભલે બોલ્ડ બનાવવા આપણે નવ કપડાં કઢાવી નાખીએ, પણ દસમું તો પહેરેલું જ હોય. નવ કપડાં જે હીરોઈન કાઢે એ દરમિયાન પ્રેક્ષકોને જે ‘ટેમટેશન’ થાય એ આપણી જીત હશે. વિજાતીયની જે વસ્તુ ઢંકાય એ જાણી લેવાની ઇચ્છા પ્રબળ હોય એ સ્વભાવમાં હોય છે. પ્રેક્ષકો સાથે આ જ રમત રમવાની... આમ કરવાથી ‘ઉઘાડા’ થવાથી દૂર રહી શકાય. માણસ રમકડાંથી વધુ કંઈ નથી, કોઈ એનાં દિલથી તો કોઈ મગજથી રમતાં હોય છે. આપણે એમની ઉદ્ભવતી કામેચ્છાને પંપાળવાની છે.’

ઈમ્તિયાઝ બરાબર કહ્યા પ્રમાણે લખી લાવતો. પહેલું જ નાટક હતું કદાચ એટલે વધુ દલીલમાં પણ ઊતરતો નહી. પહેલો અંક લખાઈ ગયા પછી અમે નિર્માતા ડોલર પટેલ પાસે પણ જઈ આવ્યા. નાટકનો અનુભવ નહિ, પણ એને સમજ ખરી. એણે ઘણા ઊલટ-સૂલટ સુઝાવ કહ્યા. પછી લટકામાં કહ્યું, ‘દાદુ, તમે ડિરેક્ટર છો.. તમને યોગ્ય લાગે એમ જ કરજો.’

પ્રથમ અંક વંચાવી/વાંચી અમે નીકળ્યાં. ઈમ્તિયાઝ થોડો ઢીલો પડી ગયો. મને પૂછ્યુંઃ ‘આ બધા સુધારા કરવા પડશે?’ મેં કહ્યું, ‘એણે કહ્યુંને કે ડિરેક્ટર તરીકે મારે નક્કી કરવાનું છે. એક વાત ધ્યાનમાં રાખ કે બીજાના અભિપ્રાય પર જીવવું સ્વાસ્થ્ય માટે સિગારેટ કરતાં પણ વધુ હાનિકારક છે.’

હા, ડોલર પટેલનાં એક-બે સૂચન માન્ય રાખીને એ સુધારવા મેં ઈમ્તિયાઝને કહી દીધું.

આ રીતે પ્રથમ અંક તૈયાર થઈ ગયો. નક્કી કરેલું કે બીજો અંક લખાઈ ન જાય ત્યાં સુધી કાસ્ટિંગ વિશે વિચારવું નથી. બીક તો હતી કે કલાકાર ગમે તેટલા ખુલ્લા વિચાર ધરાવતા હોય, પણ પ્રેક્ષકો સામે આવા વિષય સાથે આવવાની હિંમત ઘણા ઓછામાં હોય છે, ખાસ તો નવોદિતોને તૈયાર કરવા પડે, મને નવા કલાકારો સાથે કામ કરવાનો ગજબનો ઉત્સાહ હોય છે. હું પણ એક દિવસ ‘નવો’ જ હતો ને? ગુરુની મહેરબાની કે જેમણે મારો હાથ પકડી દિશા બતાવી. શિખામણમાંથી કદાચ રસ્તા મળે, પણ દિશા તો ભૂલ કરવાથી જ મળે. ■



**ડબ્બલ રિચાર્જ**


ખબર નહીં ગાંધીબાપુને મારી સાથે કઈ વાતનું ખોટું લાગ્યું છે... એ ખિસ્સાંમાં ટકતા જ નથી.

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ગુજરાતી લેખક - દિગ્દર્શકની આ કમાલ જાણવા જેવી છે

### ગુણવંતરાય આચાર્ય લિખિત અને ચતુર્ભુજ દોશી દિગ્દર્શિત ચિત્રપટ પરથી 'રાજશ્રી પ્રોડક્શન'ની યાદગાર ફિલ્મ બની હતી





ગુણવંતરાય આચાર્ય


ચતુર્ભુજ દોશી

ગુણવંતરાય આચાર્ય.... ગુજરાતી સાહિત્ય જગતના મૂઠી ઊંચેરા સર્જક. સાગર સાહસની નવલકથાના નામવંત લેખક ઉપરાંત નાટ્યકાર, પત્રકાર અને નિબંધકાર. આ સિવાય એમણે સિને સૃષ્ટિમાં નોંધપાત્ર લેખન કર્યું છે.

બીજી તરફ, ચતુર્ભુજ દોશીની ઓળખ હિન્દી તથા ગુજરાતી ચલચિત્રોના દિગ્દર્શક તરીકે છે. ૧૯૩૦માં મૂક ચિત્રો માટે પટકથા લેખક તરીકે શરૂઆત કરી. ઘણી ફિલ્મો માટે કથા લખ્યા પછી એમણે ફિલ્મ દિગ્દર્શનમાં પણ હાથ અજમાવ્યો અને સફળતા મેળવી હતી. બંને સર્જકોએ વૈયક્તિક સફળતા મેળવવા ઉપરાંત આ બંનેએ કેટલાક ચિત્રપટમાં સાથે નોંધપાત્ર કામ કર્યું છે. લેખક-દિગ્દર્શકના સહિયારા સાહસ સાથે જોડાયેલી કેટલીક વાતો જાણવા જેવી છે અને જાણ્યા પછી હરખાવા જેવું પણ છે.

ગુણવંતરાય આચાર્યનું નામ પડે એટલે તરત 'દરિયાલાલ' નવલકથા યાદ આવે - 'સક્કરબાર'નું પણ સ્મરણ થાય. ઐતિહાસિક કથા પણ યાદ આવી જાય. એમણે ફિલ્મો માટે પણ લેખન કર્યું છે, પણ કમનસીબે એમના આ અનોખા કામની વિગતો વ્યવસ્થિત રીતે નથી સચવાઈ.

ચંદુલાલ શાહની 'રણજિત મુવિટોન' ફિલ્મ કંપનીના સ્ટોરી ડિપાર્ટમેન્ટમાં ગુણવંતરાય આચાર્ય વાર્તાલેખક તરીકે અને ચતુર્ભુજ દોશી સિનારિસ્ટ (પટકથા-સંવાદ લેખક) તરીકે સક્રિય હતા. નવેક વર્ષ લેખનકાર્ય કર્યા પછી ચંદુલાલ શાહે ચતુર્ભુજ દોશીને ફિલ્મ ડિરેક્ટ કરવાનો મોકો આપ્યો. ૧૯૩૮માં રિલીઝ થયેલી 'ગોરખ આયા' દોશી સાહેબનું દિગ્દર્શનમાં પદાર્પણ હતું અને આ ફિલ્મના કથાલેખક હતા ગુણવંતરાય આચાર્ય. ફિલ્મના ડાયલોગ પી. એલ. સંતોષી (રાજકુમાર સંતોષીના પિતાશ્રી)એ લખ્યા હતા. આ લેખક-દિગ્દર્શક જોડીની અન્ય બે ફિલ્મ વિશેષ મહત્ત્વ ધરાવે છે, જેની જાણકારી ફિલ્મ રસિકોને હોવી જોઈએ.

એમાં પહેલી ફિલ્મ છે 'સસુરાલ'. ૧૯૪૧માં આવેલી આ ફિલ્મના મુખ્ય કલાકાર હતા મોતીલાલ (બિમલ રોયની 'દેવદાસ'ના ચુનીલાલ અને 'જાગતે રહો'માં 'ઝિંદગી ખ્વાબ હૈ'માં શરાબીની અદાકારીથી સ્મરણમાં રહી ગયેલા કલાકાર), કાંતિલાલ, માધુરી (જેનું મૂળ નામ હતું બેરિલ ક્લાસેન), નૂરજહાં (હિન્દી ફિલ્મોમાં નામ અને દામ મેળવી પાકિસ્તાન ચાલ્યાં ગયેલાં મલ્લિકા-એ-તરન્નુમ નૂરજહાં નહીં). ફિલ્મની કથા કંઈક આવી હતી:

વિનોદ (મોતીલાલ) અને ઉષા (માધુરી)નાં લગ્ન નક્કી થાય છે, પણ ઉષાએ એના ભાવિ પતિનો ચહેરો નથી જોયો. થાય છે એવું કે અન્ય એક વ્યક્તિ (કાંતિલાલ) ઉષાના ભાવિ પતિ તરીકે ગોઠવાઈ જાય છે. વિવિધ વળાંકો લેતી કથા આગળ વધે છે અને ફિલ્મના અંતિમ હિસ્સામાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જતાં ઉષા-વિનોદનો મેળાપ થાય છે.

'મિસ્ટેકન આઈડેન્ટિટી' (મહેશને નરેશ સમજી બેસવું)નો તંતુ ધરાવતી અનેક હિન્દી ફિલ્મો બની છે, પણ ગુણવંતરાય આચાર્યની 'સસુરાલ' જેવી જ કથા ધરાવતી રાજશ્રી પ્રોડક્શનની 'ચિતચોર' (૧૯૭૬ - અમોલ પાલેકર, ઝરીના વહાબ અને વિજયેન્દ્ર ઘાટગે) યાદ આવી?

સેમ ટુ સેમ. આ જ કથા પરથી સૂરજ બડજાત્યાએ રાજશ્રી બેનર હેઠળ 'મૈં પ્રેમ કી દિવાની હૂં' (૨૦૦૩ - રિતિક રોશન, કરીના કપૂર અને અભિષેક બચ્ચન) પણ બનાવી હતી એટલે 'ચિતચોર' અને 'મૈં પ્રેમ કી દિવાની હૂં' એ બંને ફિલ્મ ગુણવંતરાય આચાર્ય - ચતુર્ભુજ દોશીની 'સસુરાલ'ની રિમેક કહેવાય. જોકે, આવી સત્તાવાર ક્રેડિટ નથી આપવામાં આવી. એ જ રીતે ૧૯૪૩માં આવેલી 'પનઘટ' ફિલ્મ (દિગ્દર્શક મહેશચંદ્ર - કે. જે. પરમાર અને કલાકાર ઉમાકાંત, રત્નમાલા અને સુશીલ કુમાર) પણ આવી જ કથા હતી. ટૂંકમાં ગુણવંતરાય આચાર્યની વાર્તાનું જ કથાબીજ ધરાવતી ત્રણ ફિલ્મ ૧૯૪૩, ૧૯૭૬ અને ૨૦૦૩માં બની હતી.

અહીં બીજી એક રસપ્રદ વાત એ પણ છે કે 'સસુરાલ' ટાઈટલ ધરાવતી ફિલ્મ ૧૯૪૧ પછી ૧૯૬૧માં અને ૧૯૮૪માં બની હતી. આ ત્રણમાંથી ૧૯૬૧ની 'સસુરાલ' વધુ સ્મરણમાં રહી છે. આ 'સસુરાલ'ની કથાને ૨૦ વર્ષ પહેલાંની 'સસુરાલ' સાથે કોઈ નિસબત નહોતી. એ તો તેલુગુ ફિલ્મની રિમેક હતી જેના નિર્માતા, દિગ્દર્શક કથાલેખક અને હીરોઈન (બી. સરોજાદેવી) સાઉથનાં હતાં. હીરો હતા રાજેન્દ્ર કુમાર. ૧૯૮૪માં રિલીઝ થયેલી 'સસુરાલ' (અરુણગોવિલ, ભારત ભૂષણ, સાધના સિંહ, દિના પાઠક) આવી અને ચૂપચાપ ગાયબ પણ થઈ ગઈ.

ચતુર્ભુજ દોશી દિગ્દર્શિત 'ભક્ત સૂરદાસ (૧૯૪૨)'માં પણ કથા ગુણવંતરાય આચાર્યની હતી. આ ફિલ્મની વિશેષતા એ હતી કે કુંદનલાલ સાયગલ કલકત્તા છોડી મુંબઈ આવ્યા પછી એમણે કરેલી પહેલી ફિલ્મ હતી. ખુર્શીદ બેગમ અને મોનિકા દેસાઈ મહત્ત્વનાં પાત્રોમાં હતાં. ફિલ્મનાં બે ગીત 'મધુકર શામ હમારે ચોર' અને 'નૈન હિન કો રાહ દિખા પ્રભુ' આજે પણ સાયગલ શોખીનોને યાદ હશે.

'ભક્ત સુરદાસ' ૧૯૪૨ની સૌથી સફળ ફિલ્મ હતી. ૧૯૫૨માં વિજય શંકર ભટ્ટ પ્રસ્તુત 'ભક્ત સુરદાસ' ફિલ્મ ગુજરાતીમાં બની હતી. ગીત રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનાં અને સંગીત શંકરરાવ વ્યાસનું હતું. અરવિંદ પંડ્યા મુખ્ય ભૂમિકામાં હતા. આ સિવાય પણ કોશિશ કરવામાં આવી છે. આમ છતાં , સર્વ 'ભક્ત સુરદાસ'માં ગુણવંતરાય આચાર્ય - ચતુર્ભુજ દોશી - કે. એલ. સાયગલની ફિલ્મ સૌથી વધુ પ્રખ્યાત છે એ હકીકત છે. ■




# હેં, મુકેશ 'બેસૂરા' થઈ જતા હતા?!

મહેશ નાણાવટી



અમુક જાણીતી અને અતિશય લોકપ્રિય હસ્તિઓ વિશે એમની 'ખામી'ની વાત સાંભળવાની આપણને ગમતી નથી, પરંતુ અમુક વાતો ખરેખર સાચી છે. એટલું જ નહીં, એના કિસ્સાઓ પણ મજેદાર છે.

આજે મશહૂર ગાયક સદગત મુકેશજીના બે- ત્રણ કિસ્સા માંડીએ છીએ. એમાંનો એક કિસ્સો તો સ્વયં પ્યારેલાલજીએ (લક્ષ્મી-પ્યારેવાળા) ઓન કેમેરા શેર કરેલો છે. વાત એમ હતી કે મુકેશજી ગાતી વખતે ક્યારેક અચાનક 'બેસૂરા' થઈ જતા હતા! જીહા, 'બેસૂરા'!

આ વાત સંગીતકારો પણ જાણતા હતા, છતાં મુકેશનાં ગાયનો એટલાં સુપરહિટ થતાં હતાં કે કદી મુકેશજીને 'ડ્રોપ' કરવાની ઘટના બની જ નહોતી. જોકે, આ કિસ્સો એ સમયનો છે જ્યારે ફિલ્મ 'મિલન' (૧૯૬૭) બની રહી હતી.

આ ફિલ્મ સાઉથની તેલુગુ ભાષાની સુપરહિટ ફિલ્મ 'મુગા મનાસુલુ' ઉપરથી બનાવવામાં આવી રહી હતી. ફિલ્મના નિર્માતાઓ અને ફાયનાન્સરો એટલા બધા ઉત્સાહી હતા કે જ્યારે 'મિલન'નું પહેલું ગાયન રેકોર્ડ થવાનું હતું ત્યારે એક સામટા છ-આઠ જણા એનું રેકોર્ડિંગ જોવા માટે મુંબઈ આવી પહોંચ્યા હતા.

અહીં એ પણ જણાવી દઈએ કે દક્ષિણ ભારતના ફિલ્મકારોને સંગીત માટે બહુ જ માન હોય છે. એમાંય, આ જે ટોળકી હતી એમાંથી બે -ચાર તો શાસ્ત્રીય સંગીતના પાક્કા જાણકાર હતા!

હવે થયું એવું કે જેવું રેકોર્ડિંગ શરૂ થયું અને પહેલા જ ટેકની શરૂઆત થઈ, ત્યાં તો મુકેશજી પહેલી જ લાઈનમાં 'બેસૂરા' થઈ ગયા! પ્યારેલાલજીએ 'કટ' કરીને નવા ટેકની તૈયારી કરવા માંડી, પણ પેલા 'જાણકારો' તો ટેન્શનમાં આવી ગયા!

એમણે પ્યારેલાલજીને સાઈડમાં બોલાવીને કહ્યું, 'આ ગાયક શી રીતે ગાઈ શકશે? ખરેખર તમે આની જ પાસે ગવડાવશો?'

પ્યારેલાલજીએ હસતાં હસતાં એ કિસ્સો યાદ કરતાં કહે છે, 'એ બિચારાઓ તો ખૂબ જ નરવસ હતા, પણ મેં કહ્યું 'યે તો ઐસા હી હૈ! અભી ઠીક સે ગાયેગા' આપ બિલકુલ ચિંતા મત કરો!'

એ ગાયન હતું 'સાવન કા મહિના, પવન કરે સોર...' જેમાં મુકેશ લતાજીને 'ગાતાં' શીખવાડે છે! બોલો, કેવું કહેવાય નહીં?

મુકેશના આ 'બેસૂરા' થયાનો એક બીજો કિસ્સો ખરેખર રમૂજી છે. વાત એમ હતી કે એક રાતે આપણા ગુજરાતી સુગમ સંગીતના ખૂબ જ જાણીતા ગાયક એમના હિન્દી ઈન્ડસ્ટ્રીના મિત્રો સાથે રાતના સમયે ચોપાટી પર ફરવા નીકળ્યા હતા. એ મિત્રોમાં એક બહુ જાણીતા સંગીતકાર હતા. એમણે ક્યારેય મુકેશ પાસે ગવડાવ્યું નહોતું. (કદાચ એમની 'બેસૂરી' આદતને લીધે) એ સંગીતકારે પૂછ્યું, 'અરે, તમારા ગુજરાતીમાં એક કમલેશ અવસ્થી નામનો ગાયક 'વોઈસ ઑફ મુકેશ' તરીકે પ્રખ્યાત છે? એ કેવુંક ગાય છે?'

જવાબમાં આપણા સુગમ સંગીતના ગાયકે કહ્યું:

'અરે ભાઈસા'બ, વો ઈતની બખૂબી નકલ કરતા હૈ કિ જહાં મુકેશ બેસૂરા હોતા હૈ, વહાં વો ભી વૈસા હી બેસૂરા હો જાતા હૈ!'

કહે છે કે આ જોક ઉપર પેલા સંગીતકાર છેક સવાર પડી ત્યાં લગી રહી રહીને હસતા રહ્યા હતા!

સ્વર્ગીય મુકેશજી માટે અમુક શાસ્ત્રીય સંગીતના નામી ગાયકોને પણ બહુ નવાઈ (અથવા ઈર્ષ્યા) થતી હતી. એકવાર કલ્યાણજીભાઈ (કલ્યાણજી - આનંદજીવાળા)ના પરિચિત શાસ્ત્રીય ગાયક કલાકાર કોઈ કામસર રેકોર્ડિંગ સ્ટુડિયોમાં આવ્યા ત્યારે મુકેશનું ગીત રેકોર્ડ થઈ રહ્યું હતું.

રેકોર્ડિંગ પત્યા પછી જ્યારે મુકેશ જતા રહ્યા ત્યારે આ ગાયક કહે છે 'આવા સામાન્ય ગાયકમાં એવું તે શું છે કે તમે એની પાસે ગવડાવો છો? હું એના કરતાં બેહતર ગાઈ શકું.'

કલ્યાણજીભાઈએ તેઓશ્રીને માઈક સામે ઊભા રાખીને કહ્યું 'ઠીક છે, તમે ગાઓ!' પેલા ગાયકે જાતજાતની હરકતો લઈને, પોતાની ખાસ અદાયગી સાથે એ ગીત ગાવા માંડ્યું. કલ્યાણજીભાઈ કહે છેઃ 'ના, સાવ સરળ અને ફ્લેટ ગાઓ. મીઠાશ સિવાય કંઈ પણ ઉમેર્યા વિના.'

જોકે પેલા મશહૂર ગાયક એટલું સરળ અને સાદું ગાઈ જ ન શક્યા! ત્યારે કલ્યાણજીભાઈએ કહ્યું, 'ભારતના કરોડો લોકો મુકેશ જેટલું જ સરળ રીતે ગાઈ શકે છે એટલે જ અમારાં ગાયનો હિટ થાય છે!' કહે છે કે તે વખતે પેલા શાસ્ત્રીય ગાયકે કાન પકડ્યા કે 'સહેલું' ગાવું ખરેખર 'અઘરું' છે!

લાગે છે કે મુકેશજી માટે સંગીતકાર નૌશાદ સાહેબને ખાસ ઉમળકો નહોતો. નૌશાદનાં તમામ ગીતો યાદ કરો તો ખ્યાલ આવશે કે છેક 'અંદાઝ' (૧૯૪૯)માં 'ઝુમ ઝુમકે નાચો આજ' મુકેશ પાસે ગવડાવ્યું. એ પછી વરસો બાદ 'સાથી' (૧૯૯૧)માં મુકેશ પાસે ગીતો ગવડાવ્યાં હતાં. 'અંદાઝ'માં પણ મુકેશની એન્ટ્રી એ કારણસર પડી હતી કે એમાં રાજકપૂર હતા! જોકે 'ઝુમ ઝુમ કે' તો દિલીપકુમાર ગાય છે!

નૌશાદ સાહેબને મહંમદ રફી તથા તલત મહેમૂદ માટે ચોક્કસ 'ગમો' હતો એ તો દેખીતું છે પરંતુ તમને નવાઈ લાગશે કે એમને કિશોરકુમાર માટે સખત 'અણગમો' હતો! એમણે કિશોરદા પાસે એક જ ગીત ગવડાવ્યું હતું, જે ફિલ્મ કદી રિલીઝ જ ના થઈ! એટલું જ નહીં, કહે છે કે એ તો કિશોરકુમારને 'ગાયક' જ નહોતા માનતા!

એક કિસ્સો એવો છે કે મધ્ય પ્રદેશ સરકાર અમુક ફિલ્મી હસ્તિઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવા માગતી હતી. એના માટે જે કમિટી બની હતી તેમાં નૌશાદ સાહેબ પણ હતા, (અન્ય સભ્યોમાં પ્રિતીશ નંદી અને કુમાર ગાંધર્વ હતા) જ્યારે એવો પ્રસ્તાવ આવ્યો કે કિશોરકુમાર 'મધ્ય પ્રદેશમાં આવેલા ખંડવા શહેરના છે, તો એમને પુરસ્કાર આપવામાં આવે, ત્યારે નૌશાદ સાહેબ ગુસ્સામાં આવીને મીટિંગ છોડીને જતા રહ્યા હતા!' ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ભાઈ' બનશે હોલિવૂડના મહેમાન?



સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' વિશે લોકોમાં ચર્ચા ઓલરેડી ચાલી રહી છે. આ ફિલ્મમાં એનો લૂક કેવો છે એ પણ રિવિલ થઇ ચૂક્યું છે. જોકે, 'ભાઈ'ના ચાહકો માટે એક ચોંકાવનારા સમાચાર સાઉદી અરેબિયાથી આવ્યા છે. હાલમાં સલમાન ખાનનો એક વીડિયો વાઈરલ થયો છે. એમાં સલમાને ક્રીમ કલરનો સૂટ પહેર્યો હોય એવું જોવા મળે છે. હવે ભાઈનો વીડિયો વાઈરલ થાય એટલે લોકો ખણખોદ તો કરવાના? તો ખણખોદ કરતાં એ જાણવા મળ્યું છે કે આ વાઈરલ વીડિયો ૧૭ ફેબ્રુઆરીનો છે. આ દિવસે સાઉદીના :'અલઉલા સ્ટુડિયો'માં સલમાન ખાને હોલિવૂડની એક થ્રિલર ફિલ્મ માટે શૂટ કર્યું હતું. વધુ ખણખોદ કર્યા પછી એવું પણ જાણવા મળ્યું છે કે આ ફિલ્મમાં 'ભાઈ' સાથે 'બાબા' પણ છે. આ બાબા એટલે આપણા સંજુબાબા ઉર્ફે સંજય દત્ત!

હવે એટલું તો પાકેપાયે છે કે સલમાન અને સંજય આ બંને આ ફિલ્મમાં ફક્ત કેમિયો કરતાં એટલે કે મહેમાન કલાકાર તરીકે જોવા મળશે. હોલિવૂડની આ ફિલ્મમાં બીજું કોણ છે-એના પ્રોડ્યુસર- ડાયરેક્ટર કોણ છે અને ફિલ્મની વાર્તા શું છે એ વિશે વધુ જાણવાની ઈચ્છા વ્યક્ત કરતા એટલું જ જાણવા મળ્યું કે કોન્ટ્રેક્ટની શરતો અનુસાર ભાઈ અને બાબા વિષે જે માહિતી આપણને મળી ચૂકી છે તેનાથી વધુ કશું જ નહીં કહી શકાય.. !

ભલે, અત્યારે માહિતી ન મળે પણ પત્રકારો એમની વધુ ખણખોદમાં લાગી ચૂકયા છે.

### 'એલ્વિસ ભાઆઆઈ' પાછા વિવાદમાં આવ્યા..



યુટ્યુબ ઇન્ફ્લ્યુએન્સર અને 'બિગ બોસ' સ્પર્ધક એલ્વિસ યાદવ ફરીથી ખોટાં કારણોસર ચર્ચામાં છે. આજકાલ એલ્વિસ 'જીઓ' પર આવતી 'લાફ્ટર શેફ્સ'ની બીજી સિઝનમાં 'રાંધી રહ્યો' છે. જોકે જે વિવાદ સામે આવ્યો છે એને 'લાફ્ટર શેફ્સ' શો સાથે સ્નાન સૂતક પણ સંબંધ નથી.

વાત એમ છે કે ચુમ દરાંગ નામની એક સ્પર્ધક 'બિગ બોસ'માં ભાગ લઇ ચૂકી છે, જે અરુણાચલ પ્રદેશની મોડલ છે અને આખો વિવાદ એના વિશે છે.

હવે એલ્વિસ યાદવ (જે બિગ બોસનો જૂનો સ્પર્ધક છે)ને તાજા 'બિગ બોસ'ના અમુક સ્પર્ધકો વિશે કોઈ પોડકાસ્ટમાં ટિપ્પણી કરવાનું કહ્યું ત્યારે એણે ચુમ દરાંગના નામ અને દેખાવ ઉપર અહીં લખી ન શકાય એવા શબ્દો દ્વારા ટિપ્પણી કરી.

આથી હવે 'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ'એ એલ્વિસ વિરુદ્ધ એક કઠોર નિર્ણય લેતા એને 'લાફ્ટર શેફ્સ'ની બીજી સિઝનમાંથી હાંકી કાઢવાની ડિમાન્ડ કરી છે.

એક અન્ય મામલે પણ એલ્વિસની જીભ લપસતા રાજસ્થાન સાયબર પોલીસે એની વિરુદ્ધ FIR ફટકારી છે.. ટૂંકમાં આ 'એલ્વિસ ભાઆઆઈ' હાલ તો વિવાદના વંટોળમાં બૂરા ફસાયા છે.

એવું નથી લાગતું કે પહેલાં રણવીર અલ્હાબાદીયા અને હવે એલ્વિસ યાદવની ઘટના પછી દેશના દરેક યુટ્યુબ ઇન્ફ્લ્યુએન્સરોએ ભેગા મળીને એક યજ્ઞ કરાવી લેવો જોઈએ? વિવાદથી બચવા માટે નહીં, પરંતુ પોતાને સદબુદ્ધિ મળે એટલા માટે!

### બચ્ચનના જમાઈ નંદા તકલીફમાં મુકાયા

ઉત્તર પ્રદેશના બદાયુંના દાતાગંજમાં 'જય કિસાન ટ્રેડર્સ' નામે ટ્રેક્ટરની ડિલરશિપ ચાલે છે. આના બે ભાગીદાર હતા : જીતેન્દ્ર સિંહ અને લલ્લા બાબુ. હવે લલ્લા બાબુને પારિવારિક ઝઘડા હેઠળ જેલ જવાનું થયું, આથી જીતેન્દ્ર સિંહ એકલા ઉપર ટ્રેક્ટર વેચવાની જવાબદારી આવી ગઈ, પરંતુ થોડા સમય બાદ જીતેન્દ્ર સિંહે આત્મહત્યા કરી લીધી.

મૂળ વાત હવે શરૂ થાય છે. વાત એવી છે કે જીતેન્દ્ર સિંહ અને લલ્લા બાબુ પાસે 'એસ્કોર્ટસ કુબોતા કંપની'ના ટ્રેક્ટર વેચવાની ડિલરશીપ હતી. આ કંપનીના સીઈઓ અમિતાભ બચ્ચનના જમાઈ નિખિલ નંદા છે. આત્મહત્યા કરી ચૂકેલા જીતેન્દ્ર સિંહના ભાઈ જ્ઞાનેન્દ્ર સિંહના કહેવા અનુસાર પહેલાં તો આખી ડિલરશિપ એકલા ચલાવવાની જવાબદારી એમના ભાઈ ઉપર આવી ગઈ. પછી સેલ્સ ટાર્ગેટને એચીવ કરવા માટે નંદા અને એમના વિવિધ અધિકારીઓ સતત જીતેન્દ્ર સિંહ પર પ્રેશર લાવવા માંડ્યા,જે જીતેન્દ્ર સિંહ સહન ન કરી શક્યા અને પરિણામે એમણે પોતાનું જીવન ટૂંકાવી દીધું.

આ ઘટના બાદ જ્ઞાનેન્દ્ર સિંહે નિખિલ નંદા અને 'એસ્કોર્ટસ કુબોતા' ના અન્ય સ્ટાફ વિરુદ્ધ FIR નોંધાવી દીધી છે, જેમાં તમામ પર ફ્રોડ, ધમકી તેમજ આત્મહત્યા માટે મજબૂર કરવા જેવા ગંભીર આરોપ લગાડવામાં આવ્યા છે. હવે નિખિલ નંદા અને 'એસ્કોર્ટસ કુબોતા'એ જાહેર નિવેદનમાં એટલું જ કહ્યું છે કે હજી સુધી આ વિશે કોઈ સત્તાવાર સંપર્ક કરવામાં નથી આવ્યો, પરંતુ મામલાની ગંભીરતા અમે સમજીએ છીએ. ■

## કટ એન્ડ ઓકે..




અર્જુન કપૂર- ભૂમિ પેડણેકર ને રકુલપ્રિત સિંઘની ફિલ્મ 'મેરે હસબંડ કી બીવી'ના એક ડાયલોગમાં આવતા 'મોદીજી' શબ્દને બદલે સેન્સર બોર્ડે 'ધ ગવર્મેન્ટ' શબ્દ વાપરવા કહ્યું છે.



# જમનો

પ્રકરણઃ ૧

અનિલ રાવલ

રાતભર શાંત પડી રહેલી શેરીઓની ધૂળ ઉડાવતી ગાયો ચરવા માટે સીમ ભણી પ્રયાણ કરી રહી હતી. મીઠું ભાંભરતી, માથાં ધૂણાવતી, આંખો નચાવતી અને ઝુમતી નમણી ગાયોની રવાનીમાં ગમાણની કેદમાંથી મુક્તિનો આનંદ રણકતો હતો અને એના ગળે બાંધેલી રણકતી, ખનકતી ઘંટડીઓનો રણકો ગાયોની ફરવાની, ચરવાની, વાગોળવાની આઝાદી સાથે તાલ મિલાવતી હતી. એમાં અલગ તરી આવતો ‘તો ગાયોના ધણની પાછળ ઢસડાતો આવતો ઘૂઘરાનો અવાજ. શેરીથી પાદર અને પાદરથી સીમનો રસ્તો સારી રીતે પીછાણતી ગાયોને દોરી જતો ઘૂઘરાનો આ વિચિત્ર અવાજ ખોબા જેવડા ગામની દરેક ડેલીનો પરિચત હતો. આ અવાજ ગાયો ચરાવવા લઇ જતા ગામના બહેરા-મૂંગા જમનની કેડે બાંધેલા ઘૂઘરાનો હતો. જમન જનમથી બહેરો-મૂંગો. ભગવાને કયા જનમની સજા આપી હશે કે એ અપંગ પેદા થયો. એના સંસારમાં બસ એક મા હતી જે આંધળી હતી. ગરીબ વિધવા નર્મદાએ ધીમે ધીમે બેય આંખોની દૃષ્ટિ ગુમાવી દીધી. મા અંધ અને પુત્ર મૂંગો-બહેરો. બેઉ વચ્ચેનો સંવાદ હતો એકમાત્ર ઘૂઘરાનો અવાજ. મા અને દીકરો બેઉ નાનકડા ગામમાં સમાઇ ગયાં હતાં. જમન ઘરે ઘરે જઇને લોટ માગી આવે. ઘૂઘરાનો અવાજ સાંભળીને ડેલીઓ ઉઘડે, સીધુસામાન મળે અને મા દીકરાનું ગુજરાન ચાલે. માના ગયા પછી એ રહ્યોસહ્યો સંવાદ પણ ગયો. જોકે માતાની વિદાય પછી ગૌમાતા સાથેનો એનો બાળપણનો સંગાથ અને સંવાદ જળવાઇ રહ્યો હતો. જમન ગામની ગાયો ચરાવવા લઇ જવાનું કામ કરીને ગામવાળાઓના ઉપકારનો બદલો આ રીતે વાળી દેતો. પણ ભગવાને જમનને કંઇક અલગ રીતે સજા કરવાનું નક્કી કર્યું હોય એમ એને પંગુતા આપીને મોકલ્યો હતો. જમન મૂંગો-બહેરો તો હતો જ...એને બેઉ પગે ખોડ હતી. અને એ પંગુતા પણ વિચિત્ર હતી. એણે પગની આંટી મારીને ચાલવું પડે. પહેલાં જમણો પગ ડાબી બાજુ પડે..પછી ડાબો પગ જમણી બાજુ પડે અને પડી ન જવાય એટલે હાથમાં જાડી લાકડી રાખવી પડે. બસ આમ જ જમનનું ડગુમગુ જીવન ચાલે.

ગામના પાદરની સ્વચ્છ હવા શ્ર્વાસમાં ભરીને ગાયોનું રુમઝુમ કરતું ધણ સીમમાં પ્રવેશ્યું. જમને રોજના નિયમ મુજબ એક ઘટાદાર ઝાડની નીચે બેસીને વાંસળી કાઢીને સૂર રેલાવ્યા. ગાયોના કાન સરવા થયા. ઝુમતી ગાયો આમતેમ ટહેલવા લાગી, કેટલીક ચરવા લાગી તો કેટલીક કૃષ્ણની બંસરી સાંભળીને રાધા એક ચિત્તે, ધ્યાનમગ્ન બનીને ઊભી રહી જતી એમ જમનની સામે ઊભી રહી ગઇ. જમન કે ગાયો માટે આ નવું નહતું. જમન બહેરો મૂંગો હતો, પણ વાંસળી એવી સૂરીલી વગાડતો કે વનવગડાનાં વૃક્ષો, ડાળીઓ તો ઠીક આડેધડ ઊગી નીકળેલા ઝાડીઝાખળાં અને બાવળિયા પણ ડોલવા લાગતા. કુદરતે એની પાસેથી બધું છીનવીને આ એક કળા આપી હતી. કદાચ જમન એટલે જ ખરા દિલથી વાંસળી વગાડીને ઇશ્ર્વર પ્રત્યે કૃતઘ્નતા વ્યક્ત કરતો. અચાનક જમનની વાંસળીનો સૂર બંધ થઇ ગયો. ગાયો બેસૂરું ભાંભરવા લાગી. પવન થંભી ગયો. જમને જોયું કે બધી ગાયો એક જ દિશામાં બેબાકળી બનીને દોડી રહી હતી. બધી ગાયો મૂર્છા ખાઇને પડી ગયેલી એક ગાયની ફરતે ભાંભરવા લાગી. જમન ઝડપથી લાકડીના ટેકે ઊભો થયો અને આંટી મારતા પગે દોડ્યો. એના ઘૂંઘરુના અવાજ સિવાય આખો વગડો શાંત હતો. નિરંતર હાંફી રહેલી ગાયના ધબકારા જાણવા એના શરીર પર હાથ ફેરવ્યો. ધીમે ધીમે શ્ર્વાસે જમનની હથેળીનો સ્પર્શ છોડી દીધો. જે ગાય થોડીવાર પહેલાં વાંસળીના સૂર પર ઝૂમતી હતી એ અચાનક અચેતન દેહ બની ગયો. ગાયોનું ધણ પાછું ફર્યું. કોઇ આપ્તજનને વળાવીને ડાઘુઓનું જૂથ પાછું ફરતું હોય એમ. જમને ઘૂંઘરુ બાંધેલો કમરપટ્ટો ઉતારીને બગલથેલામાં નાખી દીધો. નીચા મોંએ ચાલતી ગાયોની ચાલ ધીમી હતી, ઘંટડીઓનો રણકો ગૂમ હતો. જમને પાદરમાં સામે મળેલા લોકોને હાથના ઇશારે શું થયું એની જાણ કરી. એ રઘુની ગાય હતી. રોકકળ કરતો રઘલો ગામવાળાઓની સાથે જઇને ગાડામાં ગાયના મૃતદેહને લઇ આવ્યો. રઘુની ડેલીની બહાર રડી રડીને રાતી થઇ ગયેલી આંખો સાથે બેઠેલા જમનને રઘુ, એની વહુ રંભા અને એની માનો આક્રંદ સંભળાતો નહતો, પણ મોં પરની વ્યથા સમજાતી હતી. સમાચાર મળતા જ ઢોરનું ચામડું ચીરનારો જીવલો ચમાર આવી પહોંચ્યો. રઘુની વહુ રંભાએ વિદાય આપવા ધ્રૂજતા હાથે ગાયના કપાળે ચાંદલો કર્યો. પછેડી ઓઢાડી. રઘુની માએ છાતી કૂટવાનું શરૂ કર્યું અને રઘુ જમનની બાજુમાં ઓટલા પર બસી ગયો. જોતજોતામાં આખું ગામ ભેગું થઇ ગયું. ચરવા ગયેલી ગાય સીમમાં મરી હોય એવી ગામની આ પહેલી ઘટના હતી. ગામવાળાઓને એ વાતનો આઘાત લાગ્યો હતો કે ગાયનું મોત થયું કઇ રીતે ?

> અચાનક જમનની વાંસળીનો સૂર બંધ થઇ ગયો. ગાયો બેસૂરું ભાંભરવા લાગી. પવન થંભી ગયો. જમને જોયું કે બધી ગાયો એક જ દિશામાં બેબાકળી બનીને દોડી રહી હતી.

કોઇ ઢોર મરી જાય એટલે જીવલો એને ઢસડીને લઇ જતો. તૈયાર ઊભેલો જીવલો હાથમાંનું દોરડું સરખું કરતા બોલ્યોઃ ‘ઇને ગાડેથી હેઠે ઉતારો એટલે ઢહડીને લઇ ઝાઉં.’

‘ના. એને ઢહેડતો નૈ.’ રંભા એટલું માંડ બબડી....એની રડતી આંખોએ ગાડામાં જ વિદા કરવાનો ઇશારો કર્યો. ગાડાવાળાના હળવા ડચકારે બળદોએ પગ ઉપાડ્યા. ગાડું ચાલ્યું કે રંભાએ ‘મારી કમલી, મારી દીકરી’ કહીને પોક મૂકી. જમન હળવે પગે અને ભારે હૈયે ગાડાની પાછળ ચાલી રહ્યો હતો.

(ક્રમશઃ)■



---

ફન વર્લ્ડ

## ભાષા વૈભવ

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मेरुदंड | મુદ્દત |
| मेहताब | કરોડરજ્જુ |
| मेलजोल | આશ્રિત |
| मोहलत | ચંદ્ર |
| मुहताज | ઘનિષ્ઠતા |

## ઓળખાણ પડી?



રાજ કપૂર સાથે ‘શ્રી ૪૨૦’માં તેમજ દિલીપ કુમાર સાથે ‘આન’માં અભિનય કરી જાણીતી બનેલી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) કુમકુમ
બ) વિમી
ક) નાદિરા
ડ) ઝાહિદા

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૃ | હ | ૨ પ | ૩ તિ | ■ | ૪ અ | મ | લ | ૫ તા | ૬ સ |
| હ | ■ | ૭ ગ | જ | ૮ પ | તિ | ■ | ■ | ૯ પ | ર |
| ૧૦ સ્થ | વિ | ર | ■ | રા | ■ | ૧૧ ત્રિ | જ્યા | ■ | કા |
| ■ | ■ | વ | ■ | ગ | ■ | ભુ | ■ | ૧૨ ન | રી |
| ૧૩ અ | તિ | ■ | ૧૪ તા | ■ | ૧૫ અ | વ | ન | વી | ■ |
| નુ | ■ | ૧૬ શ | ર | ૧૭ મ | ■ | ન | ■ | ■ | ૧૮ કં |
| ૧૯ ગ્ર | હ | ણ | ■ | ૨૦ દ | ૨૧ શા | ■ | ૨૨ ફ | ર | ક |
| હ | ■ | ૨૩ ગા | ૨૪ મ | ■ | ૨૫ ક | ૨૬ બ | ર | ■ | ર |
| ■ | ૨૭ સ | ર | કા | ૨૮ ર | ■ | ૨૯ હુ | મા | ૩૦ યુ | ■ |
| ૩૧ અ | દા | ■ | ૩૨ ન | વી | ન | ■ | ૩૩ ન | ગ | રી |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ■ | | ■ | ૬ | | ■ | ૭ | |
| ૮ | | ૯ | ■ | ૧૦ | | | ૧૧ | ■ | |
| | ■ | ૧૨ | | | | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | | ૧૬ | | ■ | ૧૭ |
| ૧૮ | | | ■ | | ■ | | ■ | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | ■ | ૨૨ | ■ | ૨૩ | | |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | | ■ | |
| ૨૬ | | | ■ | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | ■ |
| | ■ | | ■ | ૩૦ | | | ■ | ૩૧ | |

### આડી ચાવી
૧. રોકાણ કરનાર (૫)
૩. પાછું હઠવું તે (૪)
૬. વાણીનું પ્રથમ રૂપ (૨)
૭. છળ, કપટ, વિશ્વાસઘાત (૨)
૮. ફજેતી (૩)
૧૦. નતીજો, ફળ, છેડો (૪)
૧૨. ચંદ્ર (ઉર્દૂમાં) (૪)
૧૩. લગની, હઠ, આગ્રહ (૨)
૧૫. ભૂત કે કાંઈ વળગવું તે (૪)
૧૮. અભિમાન, અહંકાર (૩)
૧૯. સહાય, મદદ (૨)
૨૦. નિયમ (૨)
૨૩. આઘાત (૩)
૨૪. ધીમું, ધીરું, થોડું (૨)
૨૫. વચન, જીભ (૩)
૨૬. એકાએક ઘસારો કે વૃદ્ધિ કે લાભ (૩)
૨૭. રાજસ્થાનનું હીલ સ્ટેશન (૨)
૨૮. મોટું (૨)
૩૦. એકધારું (૩)
૩૧. સ્તર, પોપડો (૨)

### ઊભી ચાવી
૧. હંમેશાં, નિત્ય (૪)
૨. --- કાઢવી એટલે આડખીલી કાઢવી (૨)
૩. એક ધર્મ પંથ (૩)
૪. સીમા, મર્યાદા (૨)
૫. ઠગાઈ કરનારો, છેતરનારો (૩)
૬. ચોમેરથી લાગતું જોર કે બળ (૪)
૯. --- લાઈટ એટલે મંદ પ્રકાશ (૨)
૧૦. તોડ કાઢવો તે (૪)
૧૧. વક્તા, ગર્વ, ચાળો (૩)
૧૪. તે હું છું, વૈદિક મંત્ર (૩)
૧૬. અંગ (૨)
૧૭. નરમપણું (૪)
૧૮. નક્કી ના હોય તેવી પરિસ્થિતિ (૫)
૧૯. અવાજ, બૂમ, રાડ (૨)
૨૧. હોદ્દો, વસ્તુનું દાન (૨)
૨૨. તૂટે નહીં તેવું (૪)
૨૩. માશૂક, પ્રિયા, પ્રેયસી (૩)
૨૪. એક કીટક (૩)
૨૭. આશા (૨)
૨૯. --- કંગનકો આરસી ક્યા? (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મોના બે દિગ્ગજ અભિનેતા અરવિંદ પંડ્યા અને અરવિંદ રાઠોડને સાથે ચમકાવતી ગુજરાતી ફિલ્મ ઓળખી કાઢો.

અ) સંસાર લીલા  બ) મોતી વેરાણા ચોકમાં
ક) ગંગા સતી  ડ) જીવનો જુગારી

## જાણવા જેવું

કાબેલ નિર્માતા - દિગ્દર્શક તરીકે નામના મેળવ્યા પહેલા સુભાષ ઘઈ હીરો બનવાના ખ્વાબ રાખતા હતા. કારકિર્દીના પ્રારંભમાં સુભાષ ઘઈ રાજેશ ખન્નાને સુપરસ્ટાર બનાવનાર ‘આરાધના’માં એક નાનકડા રોલમાં તેમજ ‘ઉમંગ’ ફિલ્મમાં અભિનેતા તરીકે નજરે પડ્યા હતા.

## સુડોકુ-૮૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૮ | | ૯ | ૭ | | |
| | ૧ | | ૩ | | ૭ | | ૮ | |
| ૮ | | | ૫ | | ૧ | | | ૩ |
| ૨ | ૪ | | | | | | ૩ | ૧ |
| | | ૮ | | | | ૪ | | |
| ૧ | ૫ | | | | | | ૭ | ૬ |
| ૭ | | | ૨ | | ૬ | | | ૪ |
| | ૨ | | ૪ | | ૮ | | ૬ | |
| | | ૪ | ૭ | | ૩ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૧ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૪ |
| ૧ | ૪ | ૮ | ૨ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૯ | ૮ | ૩ | ૧ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૪ | ૩ | ૭ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૬ | ૭ | ૯ | ૪ | ૨ | ૩ | ૫ | ૧ | ૮ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૮ | ૬ | ૩ | ૭ | ૯ |
| ૮ | ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૨ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘કયામત સે કયામત તક’માં પહેલી વાર રોમેન્ટિક હીરો બનેલા આમિર ખાને કઈ ફિલ્મમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું?

અ) અનહોની, બ) આ ગલે લગ જા, ક) યાદોં કી બારાત, ડ) અગ્નિ રેખા

## નોંધી રાખો

જીવનમાં સફળતા મેળવવી હોય તો મહેનતમાં ખૂબ વિશ્વાસ રાખો. નસીબ તો જુગારમાં અજમાવવામાં આવે છે.

## માઈન્ડ ગેમ

‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મમાં શાહરૂખ ખાનની હિરોઈન બન્યા પહેલા દીપિકા પાદુકોણે કઈ ભાષાની ફિલ્મથી શરૂઆત કરી હતી ?

અ) ગુજરાતી  બ) પંજાબી
ક) કન્નડ  ડ) મલયાલમ

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| મધુમતી | વૈજયંતિમાલા |
| ચોરી ચોરી | નરગીસ |
| બોબી | ડિમ્પલ કાપડિયા |
| લમ્હે | શ્રીદેવી |
| જબ વિ મેટ | કરીના કપૂર |

ઓળખાણ પડી? — સ્પર્શ

માઈન્ડ ગેમ — Roman Holiday

ગુજરાત મોરી મોરી રે — લવની લવસ્ટોરીઝ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — અંદાજ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) ગિરિશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) નૂતન વિપીન

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) ૧૯૪૨ એ લવ સ્ટોરી, ૨) ૧૬ ડિસેમ્બર, ૩) ૨૩ માર્ચ ૧૯૩૧ શહીદ, ૪) ૧૯૪૭ અર્થ, ૫) દો હઝાર એક (૨૦૦૧), ૬) લવ ૮૬, ૭) લવ સ્ટોરી ૨૦૫૦

ક્વિઝ (બ) ૧) ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત કોન હો તુમ.... ૨) ગીત ગાતા હું મૈં ગુનગુનાતા હું મૈં મૈને.... ૩) મૈને તેરે લિયે હી સાત રંગ કે સપને ચૂને સપને... ૪) જીવન કે દિન છોટે સહી હમ ભી બડે દિલવાલે.... ૫) એક સાંવરી સી લડકી બાવરી સી, ગુસ્સે મેં પત્તે સી.... ૬) બહોત પ્યાર કરતે હૈ તુમ કો સનમ કસમ ચાહે.. ૭) કિસી પથ્થર કી મુરત સે મહોબ્બત કા ઈરાદા હૈ....

ફિલ્મનામા
નરેશ શાહ

# ‘મોનસ્ટર’ - ‘કાર્ટર’ - ‘ગુડ લક જેરી’...

## ઓટીટી પ્લૅટફૉર્મ પરની આ ત્રણેય ફિલ્મનો મનોરંજનનો મસાલો નવા વરસની ઉજાણી જેવો છે!










૨૦૨૫ની વધામણી આપણે ત્રણ એવી ફિલ્મોની વાતથી કરીએ, જે દર્શકોની તબિયત ખુશખુશાલ કરી દે

તેવી છે. વાતની શરૂઆત કરીએ ‘કાર્ટર’થી.

‘કાર્ટર’ : એકશનનો ખોફનાક વાયરસ

પહેલાં આ હિન્દી ફિલ્મનાં નામ વાંચોઃ

સલમાન ખાનની રાધે - રામ રતન ધન પાયો અને ભારત, ઇરફાન-ઐશ્વર્યા રાયની જઝબા- એક વિલન...

અમિતાભ બચ્ચનની તીન- રોકી હેન્ડસમ.

રણબીર કપૂરની બર્ફી.. બિપાશા બાસુની મર્ડર-ટુ

ઇમરાન હાશ્મીની આવારાપન- ઝિંદા- ધમાકા...

અહીં આપણે ફિલ્મોનાં નામ જોયાં એ બધાની ગળથૂથી એક જ છે. એ તમામ મૂળ કોરિયન છે અને હવે આપણને નાચગાન વગરની આવી ઑરિજિનલ કોરિયન ફિલ્મો હિન્દીમાં પણ જોવા મળવા લાગી છે અને તેમાંથી નીકળેલી એક લોટરીનું નામ છેઃ કાર્ટર.

‘નેટફિલક્સ’ પર સ્ટ્રીમ થયેલી આ ફિલ્મ વિશે અતિશયોક્તિ અલંકાર વાપરીને કહેવું હોય તો કહી શકાય કે દશ જેમ્સ બોન્ડ વત્તા બે-ત્રણ અબ્બાસ-મસ્તાનનું મિશ્રણ કર્યા પછી જેનું નામ મળે એવા ડિરેક્ટર જોગં બી યોંગ ગીલની ‘કાર્ટર’ ફિલ્મ છે.

‘કાર્ટર’ એક આલા દરજ્જાનું ડબલ એકશનપેક થ્રિલર છે અને તેમાં કુતૂહુલ થયા કરે તેવા રહસ્યનું મજેદાર ટોપિંગ પણ ભભરાવેલું છે.

સાઉથ કોરિયામાં એક સવારે કાર્ટર જાગે છે ત્યારે હત્યારાઓથી ઘેરાયેલો છે, પણ એને પોતાનું નામ સુદ્ધાં યાદ નથી આવતું. એના કાનમાં ફીટ કરી દેવામાં આવેલા ફોન પરથી એને સૂચના મળતી રહે છે તેમ પોતાનો જીવ બચાવવા કાર્ટર કત્લેઆમ કરતો કરતો ભાગે છે. એને એક મિશન સોંપવામાં આવે છે, પરંતુ તેને કોઈના ઈરાદા સમજાતાં નથી. એને સતત એની દીકરીના નામે ઉશ્કેરવામાં આવે છે કે, એ જીવલેણ વાયરસનો ભોગ બની છે... કાર્ટર જો આ મિશન પૂરું કરે તો જ એને વાયરસનો એન્ટિડોટ મળી શકે, જે એની દીકરીને ફરી નૉર્મલ કરી શકે, પણ... યાદદાસ્ત ગુમાવી ચૂકેલા કાર્ટરને કશું સમજાતું નથી!

‘કાર્ટર’ ફિલ્મ તમને છેલ્લે સુધી જકડી રાખે છે અને તેના દિલધડક સ્ટંટ અને વીએફએક્સની કમાલ તમને સ્તબ્ધ કરી દે છે.

આ ફિલ્મ તાબડતોબ જોઈ નાખો, નહીંતર ખરેખર કશુંક દિલધડક ગુમાવશો!

‘ગૂડ લક જેરી’:

હળવા કરતાં બેડલક હાસ્ય સર્જવું અઘરું છે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી હાસ્ય નિષ્પન્ન કરવું વધારે મુશ્કેલ છે. ‘ડિઝની-હોટસ્ટાર’ પર સીધી જ રિલીઝ થયેલી શ્રીદેવીની પુત્રી જહાનવી કપૂરની ‘ગુડ લક જેરી’ આ અઘરી એકઝામમાં પાસ થયેલી ફિલ્મ છે.

પિતાવિહોણી બેજુબાન દીકરીને મા પેટે પાટા બાંધીને કામધંધે વળગાડે છે, પણ દીકરી જેરી-જયા (જહાનવી) મસાજ પાર્લરની નોકરી લઈને માતાને પરેશાન કરી નાખે છે. ‘લોગ કયા કહેંગે’ની બળતરામાં મા-દીકરી વચ્ચે ટસન થયા કરે છે. ગુસ્સામાં સતત ખાંસતી રહેતી માતા શરબતી (મીતા વશિષ્ઠ)ની ઉધરસનું નિદાન કૅન્સર તરીકે થાય છે. હવે માતાની કિમોથેરાપી, રેડિએશન વગેરેની સારવાર માટે લાખો રૂપિયાની જરૂર છે અને જેરી નાછૂટકે ડ્રગ્ઝને એકથી બીજા ઠેકાણે પહોંચાડવાનું કામ શરૂ કરી દે છે, પણ....

બન્ને બહેનોના પાગલ-ઘેલા પ્રેમી, માતા માટે સોફ્ટ કોર્નર ધરાવતાં પડોશી, જેરીથી આકર્ષાતો ડ્રગ પેડલર અને એનો બોસ... આ બધાં પાત્ર સાથે લેખક : નેલસન દિલીપકુમાર અને પંકજ મટ્ટા ફિલ્મ ‘ગુડલક જેરી’માં એવી તંગ પરિસ્થિતિઓ સર્જે છે કે આપણે મંદ મંદ મુસ્કુરાતાં રહીએ. એક સમયે તો બોસ (સુશાંત સિંહ) જેરીને કબાટ ભરીને ડ્રગ્સ મોકલવાની ફરજ પાડે છે અને એ આખી સિકવન્સ અને તેમાં આવતાં ટ્વિસ્ટ એકદમ મજેદાર છે.

‘ગુડ લક જેરી’ને ડિરેક્ટ કરનારા સિદ્ધાર્થ સેનગુપ્તાની આ પ્રથમ કહી શકાય તેવી તારીફલાયક ફિચર ફિલ્મ છે. જેરી તરીકે જહાનવી કપૂરને કદાચ, પહેલી વખત યોગ્ય કેરેકટર મળ્યું હોય તેવું લાગે. મીતા વશિષ્ઠ તો નીવડેલાં અભિનેત્રી છે. એ સિવાયનાં તમામ પાત્રનો અભિનય યથાયોગ્ય છે. ઘેર બેઠાં જોવા મળતી આ મૂવી વર્થ છે.

‘મોનસ્ટર’: ઇન્ટરવલ પછી શું?

કેબ ડ્રાઇવર તરીકે ભામિની આજે કંપનીના બોસને ફાઈનાન્સ લકી સિંહને લેવા માટે ઍરપૉર્ટ પહોંચી છે, પણ દિવસ સવારથી જ ખરાબ ઊગ્યો છે. સમયસર પહોંચવાની લ્હાયમાં તે પોલીસની ચુંગાલમાં ‘ઓવરસ્પીડ’ના મુદ્દે ધ્યાને ચડી ગઈ છે અને માંડ માંડ એને ઍરપૉર્ટ પર લકી સિંહ (મોહનલાલ) મળે છે. ભામિની માટે બીજું ધર્મસંકટ એ છે કે મેરેજ એનિવર્સરી હોવાથી બપોરે એને ઘરે જવું હોય છે, પણ લકી સિંહ એને રજા આપવાને બદલે એ ઘરે સાથે આવે છે, કારણ કે, ભામિનીની સોસાયટીના જ એક એપાર્ટમેન્ટમાં લકી સિંહનો ફલૅટ પણ છે. એ ફલૅટ વેચવાનું ફૂલ એન્ડ ફાઇનલ પેમેન્ટ આજે મળવાનું છે. એ પેમેન્ટ લઇને લકી સિંહ સાંજની ફલાઇટ પકડવાનો છે. અસ્સલ પંજાબી, ખુશમિજાજ લકી સિંહ સાંજે ભામિનીને પોતાના એક કામ સબબ બહાર મોકલે છે અને પાછળથી તેના બીજવર પતિની હત્યા લકી સિંહ કરી નાખે છે... ભામિની લકી સિંહને ઍરપૉર્ટ છોડવા માટે ફરી પોતાની સોસાયટીમાં આવે છે ત્યારે લકી સિંહ ચાલાકીથી એના પતિનો મૃતદેહ ભામિનીની કૅબ (ટૅકસી)માં મૂકી દઈને ઍરપૉર્ટ પર ઊતરી જાય છે, ફરી વિમાનમાં ઊડી જવા માટે.

‘મોનસ્ટર’ની ઇન્ટરવલ સુધીની કથાના મુખ્ય મુદ્દા તમને અમે કહી દીધા છે. હવે આગળની વાત તમે વિચારો, પણ ખાતરી રાખજો કે તમારાં અનુમાન-ધારણાં તમને ખોટાં જ પાડશે, કારણકે ઉદયક્રિષ્નને લખેલી વ્યાસે ડિરેક્ટ કરેલી મોહનલાલ અને હની રોઝ (ભામિની) અભિનિત ‘મોનસ્ટર’ જાણે દર્શકને ભોંઠા પાડવા માટે જ બનાવવામાં આવી હોય તેવી મજેદાર ફિલ્મ છે. ‘મોનસ્ટર’માં ઇન્ટરવલ પછી જે પણ બને છે, એ આપણી કલ્પનાશક્તિ બહારની વાત છે. ખાતરી કરી જ લેજો, ‘મોનસ્ટર’ ફિલ્મને ‘ડિઝની-હોટસ્ટાર’ (હવે ‘જિઓ હોટસ્ટાર’) પર હિન્દીમાં જોઈને. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# બ્રેકઅપ કે બાદ...

## છુટ્ટા પડવાની વાત કેન્દ્રમાં હોય તેવી ફિલ્મ્સની રસપ્રદ અલપ-ઝલપ

૧૪ ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન્સ-ડે ગયો એ સાથે વેલેન્ટાઈન્સ-વીક પણ પૂરું થયું. એ પૂરું થતાં જ ચર્ચાઓ ચાલી એન્ટી-વેલેન્ટાઈન્સ વીકની... એન્ટી-વેલેન્ટાઈન્સ વીક એટલે પરંપરાગત રીતે ઊજવાતા વેલેન્ટાઈન્સ વીકથી ઊંધું સેલિબ્રેશન-ઉજાણી, જેમાં કિક ડે, મિસિંગ ડે, કન્ફેશન ડે વગેરે તબક્કા સામેલ છે ને આખરે આવે બ્રેકઅપ ડે!







આ એન્ટી-વેલેન્ટાઈન્સ વીક સ્વાભાવિક રીતે જ એક રમૂજ છે અને એ કંઈ વાસ્તવમાં વેલેન્ટાઈન્સ વીકની જેમ પ્રચલિત નથી. એ જ રીતે સિનેમામાં પણ પ્રેમ એટલે કે લવ સ્ટોરીઝ પર અનેક ફિલ્મ્સ બને છે, બ્રેકઅપ સ્ટોરીઝ પર નહીં.










સામાન્ય રીતે કોઈ રોમેન્ટિક ફિલ્મ બે વ્યક્તિના મળવાથી લઈને એમના પ્રેમ થવા સુધી કે લગ્ન સુધી ચાલતી હોય છે, પણ કોઈ ફિલ્મની વાર્તા બ્રેકઅપથી શરૂ થતી હોય કે પછી તેના કેન્દ્રમાં બ્રેકઅપ હોય એવું બહુ જોવા મળતું નથી. હા, પ્રેમમાં આવતી અનેક અડચણ પર ફિલ્મ્સ છે... તો ચાલો, આજે લવ સ્ટોરીના બદલે બ્રેકઅપ સ્ટોરીની વાત માંડીએ!

૨૦૨૩માં રિલીઝ થયેલી લવ રંજન દિગ્દર્શિત અને રણબીર કપૂર - શ્રદ્ધા કપૂર અભિનિત ‘તૂ જૂઠી મૈં મક્કાર’ ફિલ્મ બ્રેકઅપની આસપાસ ફરે છે. આ રોમેન્ટિક કોમેડી ફિલ્મની તો શરૂઆત જ બ્રેકઅપના દૃશ્યથી થાય છે કે જ્યાં રણબીર કપૂરનું પાત્ર કોઈ પાસેથી પૈસા લઈને પ્રોફેશનલી બ્રેકઅપ કરાવી આપે છે અને પછી આ બ્રેકઅપ કરાવવાનું પ્રોફેશન મુખ્ય પાત્રોની જિંદગીમાં કેવી કેવી મુશ્કેલી લઈને આવે છે એની વાત સાથે ‘તૂ જૂઠી મૈં મક્કાર’ આગળ વધે છે.




આજે જ રિલીઝ થઈ રહેલી સીમા દેસાઈ દિગ્દર્શિત અને આશુતોષ રાણા, ઈશા તલવાર, પવૈલ ગુલાટી અને શિબા ચઢ્ઢા અભિનિત ફિલ્મ ‘કૌશલજીસ વર્સિસ કૌશલ’માં પણ આવી જ થીમ છે. પવૈલ અને ઈશાન યુવાન પાત્રો પ્રેમમાં પડે છે અને પોતાના પ્રેમની રજૂઆત છોકરાના પેરેન્ટ્સને કરે છે, પણ વાર્તામાં આવે છે ટ્વિસ્ટ! આ યુવાન જોડીની લવ સ્ટોરી શરૂ થાય એ પહેલાં આવે છે એમનાં પેરેન્ટ્સની બ્રેકઅપ સ્ટોરી. મતલબ કે ડિવોર્સ સ્ટોરી. ફિલ્મના કેન્દ્રમાં એકબીજાં સાથે વર્ષો કાઢી નાખ્યાં પછી પણ અલગ થવા માટે પ્રયત્ન કરી રહેલાં દંપતીની વાત છે.

૨૦૧૬માં આવેલી ગૌરી શિંદે દિગ્દર્શિત અને આલિયા ભટ્ટ - શાહરૂખ ખાનની ‘ડિયર જિંદગી’માં પણ આલિયાના પાત્ર કાયરા માટે બ્રેકઅપનો મુદ્દો કેન્દ્રમાં છે. આ ફિલ્મની શરૂઆત પણ બ્રેકઅપથી જ થાય છે. કાયરા એક સિનેમેટોગ્રાફર છે અને એ મોજમાં જીવતી છોકરી છે, પણ એક દિવસ પોતાના પ્રેમી સાથે તેનું બ્રેકઅપ થાય છે કે એની જિંદગીમાં અનેક તકલીફો શરૂ થાય છે. કામમાં એનું મન નથી લાગતું, રાતે ઊંઘ નથી આવતી, લોકો સોસાયટીમાંથી એને નીકળી જવા કહે છે વગેરે. બ્રેકઅપથી શરૂ થયેલી આ પરેશાનીઓ માટે તે સાયકોલૉજીસ્ટની મદદ લે છે ને પછી ફિલ્મ આગળ વધે છે.

સામાન્ય રીતે બે પાત્ર વચ્ચેના પ્રેમથી શરૂ થતી ફિલ્મ્સમાં આંતરિક કે બાહ્ય કારણોસર તકલીફો આવે અને બંનેને અલગ થવું પડે છે. હાર્ટબ્રેક્સનાં અનેક ગીતો આપણી પાસે એ જ કારણે પણ છે, પણ આવી પણ અમુક ફિલ્મ્સ હોવાની કે જે બ્રેકઅપને જ મુખ્યત્વે કેન્દ્રમાં રાખતી હોય અને તેની આસપાસના મનોવૈજ્ઞાનિક પાસાઓ દર્શકો સામે મનોરંજનની સાથે રજૂ કરતી હોય.

૨૦૨૨માં આવેલી રાજ મહેતા દિગ્દર્શિત અને વરુણ ધવન, કિયારા અડવાણી, નીતુ સિંઘ અને અનિલ કપૂર અભિનીત ‘જુગ જુગ જિયો’માં પણ આ જ બ્રેકઅપની થીમ છે. અહીં તો આ થીમ બેવડાય છે. નવાં નવાં લગ્ન થયેલાં વરુણ અને કિયારાનાં પાત્ર એકબીજાંથી નાખુશ હોવાથી પોતાનો સંબંધ તોડવા માંગે છે અને તેની જાણ એમનાં પેરેન્ટ્સને કરવાનો યોગ્ય સમય શોધી રહ્યાં છે, પણ એવું થાય એ પહેલાં જ ખબર પડે છે કે વરુણનાં પેરેન્ટ્સ એટલે કે નીતુ સિંઘ અને અનિલ કપૂરનાં પાત્રો પણ અલગ થવાનું વિચારી રહ્યાં છે અને આ સાથે જ સંબંધ તોડવાની થીમ પર ફિલ્મ શરૂ થઈને આગળ વધે છે.

સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટીની ૨૦૧૨માં આવેલી ફિલ્મ ‘કોકટેલ’માં પણ આ જ થીમ છે. એમાં પણ ફિલ્મનાં મુખ્ય ત્રણ પાત્રમાંની એક મીરા (ડાયના) તેના પ્રથમ દૃશ્યમાં દેખાય છે ત્યારે જ પોતાને છોડીને જતાં રહેલાં પતિને શોધવા નીકળી હોય છે. આ સિવાય ૨૦૧૦માં આવેલી દીપિકા પાદુકોણ-ઇમરાન ખાનની આ જ થીમ પરની તો ફિલ્મનું નામ પણ ‘બ્રેક કે બાદ’ હતું.

આ ઉપરાંત પણ બ્રેકઅપ કે સંબંધ વિચ્છેદના વિષય પર ભારતમાં અને વૈશ્વિક સ્તરે ઘણી બહેતરીન ફિલ્મ્સ બની છે. સિનેમા મનોરંજન સાથે સમાજની વાસ્તવિકતા લોકો સમક્ષ રાખવાનું કામ કરે છે. રોમેન્ટિક સ્ટોરીઝ જોવા ટેવાયેલા દર્શકોને અલગ થવાની કે બ્રેકઅપની થીમ પરની ફિલ્મ્સ જોવા મળે ત્યારે એ સાથે રહેલી અનેક વાતો ફિલ્મ્સ થકી પણ શીખવા મળતી હોય છે. આખરે પ્રેમના સ્વીકારની જેમ જ બ્રેકઅપ પણ તો જિંદગીનો જ હિસ્સો છે અને એ હિસ્સાને પણ સિનેમા આવરી લેવાનું કામ કરે છે! ■

**લાસ્ટ શોટ**

*દિગ્દર્શક અસગર ફરહાદીની ઇરાનિયન ફિલ્મ ‘અ સેપરેશન’ (૨૦૧૧) સંબંધ તૂટવાના વિષય પર બનેલી એક અત્યંત અસરકારક ફિલ્મ છે.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)


**આ કલાકારોની કઈ ફિલ્મનાં નામમાં તારીખ આવે છે?**



૧) અનિલ કપૂર
૨) મિલિન્દ સોમન
૩) બોબી દેઓલ
૪) આમિર ખાન
૫) જેકી શ્રોફ
૬) ગોવિંદા
૭) હરમન બવેજા

## ક્વિઝ (બ)

**આ ફિલ્મના કયા ગીતમાં હીરો પિયાનો વગાડે છે?**




૧) તીન દેવિયા
૨) લાલ પથ્થર
૩) આનંદ
૪) બડે દિલવાલે
૫) અંધાધુન
૬) સાજન
૭) હમરાઝ

**જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’**

# મુંબઈ-આઈ માટે દિલ્હી અભી દૂર હૈ

## પ્રકલ્પ હકીકતમાં આવવાના કોઈ આસાર નથી: એમએમઆરડીએનો પ્રકલ્પ મુંબઈ પાલિકાના માથે મારી દેવાયો

મુંબઈ: છેલ્લા કેટલાક વર્ષોથી રખડી પડેલો મુંબઈ આઈ પ્રકલ્પ હવે મુંબઈ પાલિકાના માથે મારી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. મુંબઈ પાલિકાના બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

એમએમઆરડીએનો આ પ્રકલ્પ હવે પાલિકાના માથે મારી દેવામાં આવ્યો હોવાની ચર્ચા પાલિકાના વર્તુળોમાં શરૂ છે. અનેર રહેવાસી સંગઠનોએ આ પ્રકલ્પનો પહેલાથી વિરોધ કર્યો છે. પહેલા સારી સુવિધાઓ આપો ત્યાર બાદ આવા પ્રકલ્પો હાથ ધરો એમ નાગરિકોનું કહેવું છે.

લંડન શહેરની સુંદરતા નિહાળવા માટેનો લંડન આઇ એટલે કે વિશાળ આકાશ ઝુલાના આધારે મુંબઈમાં પણ મુંબઈ-આઈ બનાવવામાં આવશે એવી જાહેરાત ઘણા વર્ષોથી કરવામાં આવી રહી છે. ૨૦૨૦માં સૌથી પહેલા જાહેરાત કરાઈ હતી. એમએમઆરડીએ દ્વારા પ્રકલ્પને અંજામ આપવામાં આવનાર હતું જેની માટે બીકેસીની જગ્યાનો પર્યાય પણ સામે આવ્યો હતો, પરંતુ ત્યાંના રહેવાસીઓએ તેનો વિરોધ કર્યા પછી આ પ્રકલ્પ રખડી પડ્યો હતો.

મુંબઈ આઈ માટે ત્રણથી ચાર એકરની જગ્યા લાગશે. આટલી મોટી જગ્યા મળવાનું મુશ્કેલ નથી, પણ ૭૦ મીટરની ઊંચાઇએ મુંબઈનું સુંદર દૃશ્ય જોવા મળે એવી પર્યટકોની ઇચ્છા રહેશે. આ પ્રકલ્પ દ્વારા ફક્ત મુંબઈની ઝૂંપડપટ્ટી જ જોવા મળશે તો શું ફાયદો એવો સવાલ પણ ઊભો થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયા પર મુંબઈ-આઇ પ્રકલ્પનો જોરદાર વિરોધ થઇ રહ્યો છે. શહેરમાં પ્રદૂષણ વધી રહ્યું છે, વરસાદમાં શહેર ડૂબવાની કગાર પર આવી જાય છે, હરિયાળી નષ્ટ થઇ રહી છે ત્યારે આ ગંભીર મુદ્દાઓ પર ધ્યાન આપવાને બદલે મુંબઈ પાલિકા આવા નકામા પ્રકલ્પ પર ધ્યાન ન આપે એવી માગણીઓ થઇ રહી છે.

### હવે બીપીટીની જગ્યાનો પર્યાય

મુંબઈ આઈ પ્રકલ્પ ઊભો કરવા માટે સમુદ્ર કિનારાની જગ્યા ઉત્તમ છે. તેથી બીપીટીની જગ્યા પર પ્રકલ્પની તપાસણી શરૂ કરાઇ હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. બીપીટીના ઇસ્ટર્ન વોટર ફ્રન્ટનો પ્રકલ્પ પ્રસ્તાવિક હોઇ તેમાં મુંબઈ-આઈ માટેની જગ્યા અનામત છે, પરંતુ કેન્દ્ર સરકાર તરફથી હજી પરવાનગી મળી નથી. તેથી આ પ્રકલ્પને હકીકતમાં આવતા કેટલા વર્ષ લાગી શકે છે તે કહેવું મુશ્કેલ છે. ■

# મુંબઈમાંથી પાંઉ થશે ગુમ

## પાલિકાના લાકડાં અને કોલસાના ઉપયોગને બદલે વૈકલ્પિક માર્ગ અપનાવવાના નિર્દેશ બાદ બેકરીમાલિકો કહે છે કે પાંઉની લાદીના ભાવ થઈ જશે ૬૦ રૂપિયા

મુંબઈ: આગામી દિવસોમાં શહેરમાંથી ગરીબોને પરવડી શકે એવા નાસ્તા પાંઉની અછત સર્જાઈ શકે છે. પાલિકા દ્વારા મુંબઈની બેકરીઓને આઠમી જુલાઈ સુધીમાં સ્વચ્છ ઈંધણ પર વળવાનો આદેશ આપ્યાના એક દિવસ બાદ બેકરીમાલિકો અને એસોસિયેશનના સભ્યોએ ચિંતા વ્યક્ત કરી હતી કે અન્ય સ્વચ્છ ઈંધણ વળવા માટે આપવામાં આવેલો પાંચ મહિનાનો સમયગાળો ખૂબ જ ઓછો છે. આ પગલાથી ખર્ચમાં તો વધારો થશે જ સાથે સાથે ઉદ્યોગ પર પણ પ્રતિકૂળ અસર થવાની શક્યતા છે. બીજી બાજુ જો ઈલેક્ટ્રિક પર ચલાવવામાં આવે તો તેને ખર્ચ પાંચ ગણો વધીને લાદીના ૬૦ રૂપિયા થઇ જશે, એવું એસોસિયેશને જણાવ્યું હતું.

દરમિયાન બેકરીમાલિકોએ સરકારને સહાય કરવાની અને વૈકલ્પિક ઈંધણ કરવા માટે આર્થિક મદદ કરવા માટેની માગ કરી હતી. હાઈ કોર્ટે જુલાઈ, ૨૦૨૫નો સમય આપ્યો છે, પણ ત્યાં સુધી અમુક માલિકોને સમાધાન મળવું જોઇએ એવી માગ કરવામાં આવી છે. શહેરના બેકરીમાલિકો માટે આ એક મોટો પડકાર છે. સરકાર, પ્રશાસન અને કોર્ટ વચ્ચેના સમન્વયથી જ શહેરમાં પાંઉની અછતને સુચારુ રીતે પહોંચી શકાશે.

આગામી અમુક મહિના દરમિયાન પ્રશાસન અને બેકરીમાલિકો વચ્ચે જો સમન્વય થશે અને સમસ્યા ઉકેલાઈ શકે છે. આધુનિક ટેકનિક, સરકારી મદદ અને વેપારીઓને તૈયારી એકત્ર થશે તો મુંબઈગરાને પાંઉની અછત નહીં સર્જાય. હવે આ સમસ્યાનો ઉકેલ નીકળે છે કે નહીં એ જોવાનું રહ્યું. બુધવારે ઈન્ડિયન બેકર્સ એસોસિયેશન (આઈબીએ) અને બોમ્બે બેકર્સ એસોસિયેશન (બીબીએ)ના સભ્યો ધરાવતી સંયુક્ત સમિતિના એક પ્રતિનિધિમંડળે સુધરાઈ વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓને મળ્યા હતા અને કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી ન કરવાની વિનંતી કરી હતી. ■

# બચ્ચા પાર્ટીને મળશે મુંબઈમાં જ ડિઝની લેન્ડ જેવી મજા

## નવી મુંબઈમાં ૨૦૦ હેક્ટરની જમીન પર બનશે થીમ પાર્ક

મુંબઈ: મિકી અને મિની માઉસ, ડોનાલ્ડ ડક જેવા મનપસંદ કાર્ટુનોને મળવાનો તથા રોમાંચક રાઇડ્સનો અનુભવ લેવાની તક હવે મુંબઈ, નવી મુંબઈના બાળકોને મળવાની છે. ડિઝની લેન્ડના જેવું જ થીમ પાર્ક હવે નવી મુંબઈમાં પણ બનાવવામાં આવનાર છે. મુંબઈ મટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના ગ્રોથ હબના છેવટના માળખામાં આ પ્રકલ્પનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. એમએમઆર ગ્રોથ હબનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે જેમાં એમએમઆરને આંતરરાષ્ટ્રીય ,સ્તરે વિકાસ કેન્દ્ર બનાવવા માટે અનેક પ્રકલ્પો હાથ ધરવામાં આવશે જેમાં ઓદ્યોગિક, પર્યટન, શિક્ષણ, પાયાભૂત સુવિધા, ગૃહ નિર્માણ, આરોગ્ય, બંદર વિકાસ જેવા વિવિધ ક્ષેત્રના પ્રકલ્પો હાથ ધરવામાં આવશે.

આ સિવાય એમએમઆરને આંતરરાષ્ટ્રીય દરજ્જાનું પર્યટન કેન્દ્ર બનાવવા માટેના પણ પ્રયાસ થઇ રહ્યા છે જેના હેઠળ ઉક્ત થીમ પાર્ક બનાવવામાં આવનાર છે.

અલિબાગનો વિકાસ વૈશ્વિક સ્તરે કરવાની સાથે મુંબઈ, એમએમઆરના કિલ્લાઓના સંવર્ધનનો તેમાં સમાવેશ થાય છે. ■

### ૨૦૦ હેક્ટર જગ્યા પર પ્રકલ્પ

મુંબઈ, નવી મુંબઈ, થાણે એટલે કે એમએમઆરમાં અનેક રિસોર્ટ, થીમ પાર્ક, વોટર પાર્ક બનાવવામાં આવનાર છે, પ્રથમ વખત જ સરકારી યંત્રણાનો ઉપયોગ કરીને નવી મુંબઈમાં ૨૦૦ હેક્ટરની જમીન પર થીમ પાર્ક બનાવવામાં આવશે. આ પાર્કમાં રિસોર્ટ, એનિમેશન સ્ટુડિયો, રાઇડ્સ, ઝોન, વોટર પાર્ક વગેરેનો સમાવેશ કરાશે. ■

# મઠના મુખ્ય સાધુ અને સહાયકનું અધમ કૃત્ય: સગીરાને બનાવી વાસનાનો શિકાર

## વારંવાર બળાત્કારથી સગીરા ગર્ભવતી બની: સાધુ અને સહાયક સાથે સગીરાની માસીની પણ ધરપકડ

મુંબઈ: અમરાવતીના એક મઠના મુખ્ય સાધુ અને સહાયકે સગીરાને વાસનાનો શિકાર બનાવી હોવાની ઘટના પ્રકાશમાં આવતાં નાગરિકોમાં ભારે રોષ ફેલાયો હતો.

વારંવારના દુષ્કર્મને કારણે સગીરા ગર્ભવતી બનતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. આ કેસમાં પોલીસે સાધુ અને તેના સહાયક સહિત સગીરા પરના જુલમની જાણ હોવા છતાં ચુપકીદી સેવનારી સગીરાની માસીની પણ ધરપકડ કરી હતી.

શિરખેડા પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી મઠના મુખ્ય સાધુ સુરેન્દ્રમુની તળેગાંવકર અને તેના સહાયક બાળાસાહેબ દેસાઈ (૪૦)ની ધરપકડ કરી હતી. આ કેસમાં સગીરાની માસીની પણ ધરપકડ કરવામાં આવી હોઈ પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ સગીરા વડીલો સાથે મંગળવારની સાંજે પોલીસ સ્ટેશને પહોંચી હતી. અમરાવતીમાં આવેલા રિદ્ધપુર મઠના મુખ્ય સાધુ અને તેના સહાયક વિરુદ્ધ સગીરાએ ફરિયાદ નોંધાવી હતી. ગુનો નોંધી પોલીસ તબીબી તપાસ માટે સગીરાને હૉસ્પિટલે લઈ ગઈ હતી. તબીબી તપાસમાં સગીરા આઠ મહિનાની ગર્ભવતી હોવાનું જણાયું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે સગીરાની માસી અને માસા મઠમાં સેવા આપતાં હતાં અને ત્યાં જ રહેતાં હતાં. છેલ્લા એક વર્ષથી સગીરા પણ મઠમાં રહેતી હતી. બીજી એપ્રિલ, ૨૦૨૪ની રાતે સગીરા સાથે પહેલી વાર દુષ્કર્મ કરાયું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સગીરા તેની માસી અને અન્ય છોકરી-મહિલાઓ સાથે મઠમાં સૂતી હતી ત્યારે રાતે ૧૨ વાગ્યાની આસપાસ માસીએ તેને ઊંઘમાંથી જગાડી હતી. માસી જ તેને આરોપી સાધુના રૂમમાં મૂકી ગઈ હતી. માસીના ગયા પછી સાધુએ સગીરા સાથે જબરદસ્તી કરી હતી. વિરોધ કરવા પર તેની મારઝૂડ પણ કરાઈ હતી. સાધુ પછી તેના સહાયકે બાળકી સાથે કુકર્મ આચર્યું હતું.

આ વાતની જાણ સગીરાએ માસીને કરી હતી, પરંતુ માસીએ મદદ કરવાને બદલે તેને જ ધમકાવી હતી અને બનેલી ઘટનાની જાણ કોઈને ન કરવાની ચેતવણી આપી હતી. સગીરાને મઠમાંથી બહાર જવાની મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. માસીની ચુપકીદીને કારણે આરોપીઓએ વારંવાર સગીરા સાથે દુરાચાર કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

આ પ્રકરણે પોલીસે ત્રણેય જણ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૨૩ અને ૫૦૬ તેમ જ પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# મારા પક્ષને લાગી રહ્યાં છે ઝટકા પર ઝટકા, હું બન્યો છું ઝટકા-પુરુષ: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ઓપરેશન ટાઈગર ચર્ચામાં છે, જેમાં ઉદ્ધવ ઠાકરે જૂથ (યુબીટી)ના નેતા એકનાથ શિંદે સાથે હાથ મિલાવી શકે છે. રોજે રોજના અહેવાલો અંગે ઉદ્ધવ ઠાકરેએ તાજેતરમાં મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. આ મુદ્દે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે રોજ ઝટકાઓનો સામનો કરી રહ્યા છે હવે પોતે ઝટકા પુરુષ બની ગયા છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં ઓપરેશન ટાઈગર અત્યારે લાઈમલાઈટમાં છે, ત્યારે અત્યારે અનેક નેતાઓ આ ઓપરેશન મુદ્દે મોટા મોટા દાવાઓ કરે છે, તેમાંય વિધાનસભાની ચૂંટણી પછી હવે પાલિકાના ઈલેક્શન પૂર્વે બંને શિવસેનામાં આમનેસામને ખેંચાખેંચી વધી છે. બંને જૂથ પોતાને અસલી શિવસેના માને છે ત્યારે ઉદ્ધવ ઠાકરેએ આ મુદ્દે ચોંકાવનારું નિવેદન આપ્યું હતું. ઓપરેશન ટાઈગર અંગે ઉદ્ધવ ઠાકરેએ નિવેદન આપ્યું હતું કે રોજ ઝટકા લાગે છે અને હવે હું ખુદ ઝટકા પુરુષ બની ગયો છું.

માતોશ્રીમાં શિવસૈનિકોને સંબોધતી વખતે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે જોઈએ છે હવે કોણ કોને કેટલા ઝટકા આપે છે, પરંતુ જ્યારે અમે તેમને ઝટકા આપીશું ત્યારે જોવા મળશે નહીં. એકનાથ શિંદેનું નામ લીધા વિના ઉદ્ધવ ઠાકરેએ નિશાન સાધતા કહ્યું હતું કે મારી હાલત જાપાન જેવી થઈ ગઈ છે. જાપાનની તમને ખબર જ હશે. જાપાનમાં જ્યારે ભૂકંપના ઝટકા આવે નહીં ત્યારે લોકોને આશ્ચર્ય થાય છે. એ જ રીતે ઉદ્ધવ ઠાકરેને રોજ ઝટકા પર ઝટકા લાગતા હું પોતે ઝટકા પુરુષ બની ગયો છું.

થોડા દિવસ પૂર્વ એકનાથ શિંદેએ કહ્યું હતું કે ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં લોકોએ અસલી શિવસેના કોણ છે. શિંદેએ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના (યુબીટી)ને ૯૭ સીટ પર ચૂંટણી લડ્યું હતું, જેમાં ૨૦ સીટ પર જીતી હતી, જ્યારે શિંદેની શિવસેના ૮૭ સીટ પર ચૂંટણી લડી હતી, જ્યારે ૬૦ સીટ પર વિજય મેળવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની તુલનામાં પંદર ટકા વધુ મત મળ્યા હતા, ત્યાર બાદ શિંદેએ કહ્યું હતું કે કોણ છે અસલી શિવસેના. જનતાએ પણ બતાવ્યું છે કે અસલી શિવસેના કોણ છે, જે બાળા સાહેબ ઠાકરેના આદર્શો પર ચાલે છે. ■

# મુંબઈ એરપોર્ટ પર ૫૬ કરોડનો ગાંજો જપ્ત: પોરબંદરના પાંચ પકડાયા

મુંબઈ: કસ્ટમ્સ વિભાગે મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૫૬ કરોડ રૂપિયાની કિંમતનો ગાંજો પકડી પાડી પાંચ પ્રવાસીની ધરપકડ કરી હતી. ગુજરાતના પોરબંદરના પાંચેય પ્રવાસી પોતાની ટ્રોલી બેગમાં ગાંજો છુપાવી લાવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બેંગકોકથી બુધવારે ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા પાંચ પ્રવાસીને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યા હતા. તેમના સામાનની તલાશી લેવામાં આવતાં ટ્રોલી બેગમાંથી ૫૬.૨૬ કરોડ રૂપિયાનો ૫૬.૨૬ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આથી પાંચેય પ્રવાસી વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ રવિ દેવાભાઈ ઑડેદરા (૩૦), રમેશ વેજા ઑડેદરા (૩૧), ભરતભાઈ મોઢવાડિયા (૩૭), નાથાભાઈ રામભાઈ ઑડેદરા (૩૫) અને રામ કરસન ભુતિયા (૨૪) તરીકે થઈ હતી. પાંચેય આરોપી ગુજરાત રાજ્યના પોરબંદર શહેરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. ઝટપટ નાણાં કમાવાની લાલચમાં ડ્રગ્સની તસ્કરી કરવા પ્રેરાયા હોવાનો દાવો આરોપીઓએ પૂછપરછમાં કર્યો હતો. ■




**ઓલ ધી બેસ્ટ:**
આજથી રાજ્યભરમાં દસમા ધોરણની પરીક્ષા શરૂ થવાની છે અને તેના આગલા દિવસે ગઈ કાલે બોરીવલીના પરીક્ષા કેન્દ્રમાં ક્લાસ ચેક કરી રહેલા વિદ્યાર્થીઓ. મુંબઈમાંથી સૌથી વધુ ૩,૬૦,૩૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. રાજ્યભરમાં ૧૬,૧૧,૬૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે જેમાંથી ૮,૬૪,૧૨૦ છોકરાઓ અને ૭,૪૭,૪૭૧ છોકરીઓનો સમાવેશ થાય છે. (જયપ્રકાશ કેળકર)

# લાડકી બહેન યોજનાનો લાભ મુખ્યત્વે પરિણીતાઓને મળ્યો

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારની મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજનાના લાભાર્થીઓમાં મુખ્યત્વે ૮૩ ટકા લાભ પરિણીતાઓને મળી રહ્યો હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળે છે.

નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિના વિજયની ભૂમિકા આ યોજનાએ ભૂમિકા ભજવી હોવાનું મનાય છે. આ યોજના ૨૧થી ૬૫ વર્ષની વયની પરિણીત, છૂટાછેડા લીધેલી, વિધવા, ત્યજી દેવાયેલી અથવા નિરાધાર મહિલાઓને મહિને ૧૫૦૦ રૂપિયાની સહાય પૂરી પાડે છે, જેમની કૌટુંબિક આવક વાર્ષિક અઢી લાખ રૂપિયાથી ઓછી છે. આ લાભ પ્રતિ પરિવાર એક અપરિણીત મહિલાને પણ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ હાલમાં અઢી કરોડ મહિલાઓને મળી રહ્યો છે, જેમાંથી અપાત્ર મહિલાઓને બાકાત કરવા માટેની ચકાસણી ચાલી રહી છે. ગુરુવારે એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે આંકડા દર્શાવે છે કે લાભાર્થીઓમાં પરિણીત મહિલાઓ ૮૩ ટકા છે, જ્યારે અપરિણીત મહિલાઓ ૧૧.૮ ટકા છે.

લાભાર્થીઓમાં વિધવાઓનો હિસ્સો ૪.૭ ટકા, જ્યારે છૂટાછેડા લીધેલી, નિરાધાર અથવા ત્યજી દેવાયેલી મહિલાઓ સામૂહિક રીતે ૧ ટકા કરતાં ઓછી છે. સૌથી વધુ ૨૯ ટકા લાભાર્થીઓ ૩૦-૩૯ વયજૂથની છે, ત્યાર બાદ ૨૧-૨૯ વયજૂથના ૨૫.૫. ટકા અને ૪૦-૪૯ વયજૂથના ૨૩.૬ ટકા છે. ૬૦થી ૬૫ વર્ષની મહિલા લાભાર્થીઓમાં ફક્ત પાંચ ટકા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ યોજના ગયા વર્ષે જુલાઈમાં શરૂ કરવામાં આવી હતી. નવેમ્બરની ચૂંટણી પહેલાં, ભાજપ, એનસીપી અને શિવસેનાના શાસક મહાયુતિએ યોજના હેઠળની રકમ વધારીને દર મહિને ૨,૧૦૦ રૂપિયા કરવાનું વચન આપ્યું હતું. સત્તામાં આવ્યા પછી, દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની નવી સરકારે કહ્યું કે આ વચન પાળવામાં આવશે અને આગામી બજેટમાં આ અંગેની જાહેરાત થવાની અપેક્ષા છે. સત્તામાં આવ્યા પછી, નવી મહાયુતિ સરકારે અયોગ્ય લાભાર્થીઓને દૂર કરવા માટે સમીક્ષાનો આદેશ આપ્યો. અત્યાર સુધીમાં પાંચ લાખ લાભાર્થીઓને બાકાત રાખવામાં આવ્યા છે, અધિકારીઓનો અંદાજ છે કે આ સંખ્યા ૧૫ લાખ સુધી વધી શકે છે.

ફોર-વ્હીલર ધરાવતી, સરકારી નોકરી કરતી અથવા અન્ય યોજનાઓમાંથી પહેલાથી જ ૧,૫૦૦ રૂપિયાથી વધુનો લાભ મેળવતી મહિલાઓને ગેરલાયક ઠેરવવામાં આવશે. આ યોજનાથી રાજ્યના ખજાનાને વાર્ષિક રૂ. ૪૬,૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડતો હોવાનું કહેવાય છે. ■

### લાડકી બહેનો માટે આનંદના સમાચાર: આજથી પૈસા ખાતામાં આવશે

મુંબઈ: લાડકી બહેનો માટે એક મોટા અને મહત્ત્વના સમાચાર છે. ફેબ્રુઆરીમાં મળાનારો હપ્તો આ વખતે સમયથી પહેલાં જ જમા થઇ જવાનો છે. એવી માહિતી મળી રહી છે કે ફેબ્રુઆરીનો હપ્તો શુક્રવારથી મળવાનું શરૂ થઇ જશે. આ માટે ફાઈનાન્સ વિભાગમાંથી ૩૪૯૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. જોકે સરકાર દ્વારા થઇ રહેલી ચકાસણીમાં અનેક મહિલાઓ અપાત્ર ઠરવાની હોવાથી જાન્યુઆરી મહિના કરતાં ફેબ્રુઆરીમાં લાભાર્થીઓની સંખ્યા ઘટવાની શક્યતા છે.

# શિંદેના ૯૦૦ કરોડના હાઉસિંગ પ્રોજેક્ટને ફડણવીસે રદ તો કર્યો જ સાથે તપાસનોય આદેશ આપ્યો

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમની અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે બધું જ 'ઠંડા ઠંડા, કૂલ, કૂલ' એવી જાહેરાત મંગળવારે કરવામાં ઉતાવળ કરી હોય એવું માનવામાં આવે છે. ફડણવીસ સાથેના શીત યુદ્ધની અફવાઓ પર ઠંડું પાણી રેડવાનો શિંદેનો કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો, કારણ કે શિંદે મુખ્યમંત્રી અને શહેરી વિકાસ વિભાગના અધ્યક્ષ હતા એ દરમિયાન મધ્ય મહારાષ્ટ્રમાં સંભવિત હાઉસિંગ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી હતી એ અંગે ફડણવીસે આ મહિનાના પ્રારંભમાં તપાસનો આદેશ આપ્યો છે અને સિડકો પાસેથી રિપોર્ટ પણ માગ્યો છે.

જાલનાનો આશરે ૯૦૦ કરોડ રૂપિયાની કિંમતનો હાઉસિંગ પ્રોજેક્ટ અવ્યવહારુ લાગતા ૨૦૨૦માં રદ કરવામાં આવ્યો હતો. જોકે, શિંદે સત્તામાં આવ્યા પછી ફેબ્રુઆરી ૨૦૨૩માં એ પુનર્જીવિત કરવામાં આવ્યો હતો. મહાયુતિ ૨.૦ની સરકારની રચના થઈ ત્યારથી ફડણવીસ અને શિંદેએ વિવિધ મુદ્દાઓ પર શિંગડા ભેરવ્યા છે. ■

# એકનાથ શિંદેની કારને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી: મુંબઈ પોલીસને આવ્યો ઇ-મેઇલ

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કારને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપતો ઇ-મેઇલ મુંબઈ પોલીસને ગુરુવારે સવારે મળ્યો છે. અજાણી વ્યક્તિએ જે. જે. માર્ગ અને ગોરેગામ પોલીસ સ્ટેશન સહિત મંત્રાલયને ધમકીભર્યો ઇ-મેઇલ મોકલ્યા બાદ સુરક્ષા એજન્સીઓ દ્વારા આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ગુરુવારે સવારે ગોરેગામ પોલીસ સ્ટેશનને પ્રથમ ઇ-મેઇલ પ્રાપ્ત થયો હતો. બાદમાં જે. જે. માર્ગ પોલીસ સ્ટેશન તેમ જ મંત્રાલયને પણ ઇ-મેઇલ મોકલવામાં આવ્યા હતા. ઇ-મેઇલમાં નાયબ એકનાથ શિંદેની કારને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ઇ-મેઇલદ્વારા પર મળેલી ધમકીને ગંભીરતાથી લઇ પોલીસ ઉપરાંત ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ પણ તપાસ શરૂ કરી છે. ■

# પ. રે. માં ત્રણ દિવસ પહેલાં મળી શકશે અનરિઝર્વ્ડ ટિકિટ

## જોકે આના માટે પ્રવાસ ૨૦૦ કિ.મી. થી વધુનો હોવો જોઇએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ રેલવેના નોન-સબર્બન સેક્શનના પ્રવાસીઓને ટિકિટ વિન્ડો લાંબી લાઈન લગાવવી પડે નહીં તેના માટે મહત્ત્વની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓને નોન-સબર્બન સેક્શનમાં લગભગ ૨૦૦ કિલોમીટરથી વધુના પ્રવાસ માટે ત્રણ દિવસ અગાઉ (મુસાફરીના દિવસ સિવાય) અનરિઝર્વ્ડ ટિકિટ બુક (યુટીએસ) કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. આ સુવિધા અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમના તમામ કાઉન્ટર પર પણ ઉપલબ્ધ રહેશે, જેનાથી પ્રવાસીઓ વધુ ઝડપથી ટ્રેનનું બુકિંગ કરી શકશે. આ પહેલનો ઉદ્દેશ્ય ટિકિટ કાઉન્ટર પર ખાસ કરીને હોળી, દિવાળી, ઉનાળા/શિયાળાના વેકેશન, ક્રિસમસ અને અન્ય રજાઓ જેવી પીક ટ્રાવેલ સીઝન દરમિયાન ભીડ અને લાઈનો ઘટાડવાનો છે. પ્રવાસીઓ હવે ખાસ કરીને યુટીએસ બુકિંગ વિન્ડો પર છેલ્લી ઘડીની ભીડથી બચવા માટે આ એડવાન્સ બુકિંગ સુવિધાનો લાભ ઊઠાવે, એમ અધિકારીએ અપીલ કરી હતી.

અમુક પ્રવાસીઓ હજુ પણ આ જોગવાઈથી અજાણ છે અને પશ્ચિમ રેલવે તેના વિશે જાગૃતિ ફેલાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ સુવિધા ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો માટે ફાયદાકારક છે, કારણ કે તે તેમને તેમની મુસાફરીનું આયોજન કરી શકે છે અને ટિકિટ પણ અગાઉથી બુક કરી શકે છે.

આનાથી પ્રવાસીઓને પીક ટ્રાવેલ સીઝન દરમિયાન રાહત મળશે. મુસાફરોને તેમની મુસાફરીનું આયોજન અગાઉથી કરવા અને સરળ, તણાવમુક્ત અને આરામદાયક મુસાફરી અનુભવ માટે આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

# સુપ્રીમ કોર્ટે ગવળીની જામીનની અરજી ફગાવી

નવી દિલ્હી: ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અરુણ ગવળીને હત્યાકેસમાં જામીન આપવાનો સુપ્રીમ કોર્ટે ગુરુવારે ઇનકાર કર્યો હતો. હાલમાં ગવળી જેલમાં જનમટીપની સજા ભોગવી રહ્યા છે.

મુંબઈમાં શિવસેનાના નગરસેવક કમલાકર જામસાંદેકરની હત્યાના કેસમાં ૨૦૦૭થી ગવળી જેલમાં છે. તેમણે દાવો કર્યો હતો કે તેઓ ૨૦૦૬ની સજા ઓછી કરવાની નીતિની તમામ શરતોનું પાલન કર્યું છે.

તેમ છતાં સુપ્રીમ કોર્ટે ગવળીની અરજી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. બોમ્બે હાઇ કોર્ટે અગાઉ તેમની જામીનની અરજી ફગાવી દીધી હતી. તેથી તેમને સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી.

બોમ્બે હાઇ કોર્ટની નાગપુર બેન્ચે ગવળીને સાતમી જાન્યુઆરીના ૨૯ દિવસના ફરલો મંજૂર કર્યા હતા. ત્યાર બાદ ગવળીએ ફરી નાગપુર બેન્ચ પાસે મુક્ત કરવાની વિનંતી કરી હતી, કારણ કે ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ (ડીઆઇજી) જેલ, (ઇસ્ટ ડિવિઝન) નાગપુરે તેમની અરજી ફગાવી દીધી હતી. ■

# કમબૅકમાં જ મોહમ્મદ શમીએ તોડી નાખ્યો સ્ટાર્કનો વર્લ્ડ રેકૉર્ડ: ૫,૧૨૬ બૉલમાં લીધી ૨૦૦મી વિકેટ

દુબઈ: પેસ બોલર મોહમ્મદ શમી તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં રમ્યો હતો, પરંતુ આઇસીસી ઇવેન્ટમાં તેણે ૧૫ મહિને કમબૅક કર્યું છે અને આવતાંવેંત તેણે મોટો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. તે વન-ડે ક્રિકેટ જગતમાં સૌથી ઓછા બૉલમાં ૨૦૦ વિકેટ લેનાર બોલર બન્યો છે. તેણે ઑસ્ટ્રેલિયાના મિચલ સ્ટાર્કનો વિશ્વ વિક્રમ તોડી નાખ્યો છે.

શમીની આ પહેલાંની આઇસીસી ઇવેન્ટ ૨૦૨૩માં હતી. ત્યારે ભારતમાં આયોજિત વન-ડેના વર્લ્ડ કપ બાદ ઈજાને લીધે નહોતો રમી શક્યો. જોકે તેણે વિવિધ દેશોના ક્રિકેટોત્સવમાં પુનરાગમન કરતાંની સાથે જ સ્ટાર્કનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. સ્ટાર્કે ૨૦૦ વિકેટ ૫,૨૪૦ બૉલમાં લીધી હતી અને અત્યાર સુધી એ વિશ્વ વિક્રમ હતો.

**સૌથી ઓછા બૉલમાં ૨૦૦ વિકેટ લેનાર બોલર**

મોહમ્મદ શમી: ૫,૧૨૬ બૉલમાં
મિચલ સ્ટાર્ક: ૫,૨૪૦ બૉલમાં
સક્લેન મુશ્તાક: ૫,૪૫૧ બૉલમાં
બ્રેટ લી: ૫,૬૪૦ બૉલમાં
ટ્રેન્ટ બૉલ્ટ: ૫,૭૮૩ બૉલમાં

શમીએ ૨૦૦ વિકેટ સ્ટાર્ક કરતાં ઘણા ઓછા એટલે કે ૫,૧૨૬ બૉલમાં લીધી છે.

૧૧૪ બૉલમાં ૬૮ રન બનાવનાર જાકર અલીની વિકેટ શમીની ૨૦૦મી વિકેટ હતી.

કુલ મૅચની દૃષ્ટિએ જોઈએ તો શમી સૌથી ઓછી ૧૦૪ વન-ડેમાં ૨૦૦ વિકેટ લેનાર સંયુક્ત રીતે બીજા નંબરનો બોલર બન્યો છે. અગાઉ પાકિસ્તાનના સક્લેન મુશ્તાકે પણ ૧૦૪ વન-ડેમાં ૨૦૦ વિકેટ પૂરી હતી. આ રેકૉર્ડમાં મિચલ સ્ટાર્ક તેમનાથી આગળ અને પ્રથમ સ્થાને છે. સ્ટાર્કે ૨૦૦મી વિકેટ પોતાની ૧૦૨ નંબરની વન-ડેમાં લીધી હતી.

શમીએ ૨૦૧૩માં ભારત વતી ડેબ્યૂ કર્યું હતું. તે ૧૦૪ વન-ડેમાં ૨૦૨ વિકેટ લઈ ચૂક્યો છે. તે ખાસ કરીને સીમ બોલર છે. બૅટરને મુશ્કેલીમાં લાવવા તે બૉલ પરના દોરાથી બનેલી સીમનો બહુ સારો ઉપયોગ કરી જાણે છે. તેણે ૬૪ ટેસ્ટમાં ૨૨૯ અને પચીસ ટી-૨૦માં ૨૭ વિકેટ લીધી છે. ■

# રોહિતનો વધુ એક કીર્તિમાન: વન-ડેમાં ૧૧,૦૦૦ રન બનાવનાર સેકન્ડ ફાસ્ટેસ્ટ ખેલાડી બન્યો

દુબઈ: કૅપ્ટન રોહિત શર્માએ ગઈ કાલે બાંગ્લાદેશના મિડલ-ઑર્ડરના બૅટર જાકર અલીને શૂન્ય પર જીવતદાન આપ્યું જેને પગલે બાંગ્લાદેશની ટીમ ૩૫/૫ની શરમજનક સ્થિતિમાંથી બહાર આવીને ૨૨૮/૧૦ના સન્માનજનક સ્કોર સુધી પહોંચી શક્યું અને ત્યાર પછી રોહિતે ૪૧ રનનું સાધારણ યોગદાન આપ્યું હતું, પરંતુ રોહિતે આ જ મૅચમાં એક મોટી સિદ્ધિ પણ મેળવી. રોહિત શર્મા વન-ડે ક્રિકેટમાં ૧૧,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો સેકન્ડ-ફાસ્ટેસ્ટ બૅટર બન્યો હતો.

રોહિતે ૨૨૯ રનના લક્ષ્યાંકને મેળવવાના પ્રયાસમાં ભારતની ઇનિંગ્સની ચોથી ઓવરમાં ૧૧,૦૦૦ રન પૂરા કરવાની અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. તેની આ ૨૭૦મી વન-ડે હતી. જોકે તેણે ૧૧,૦૦૦ રન ૨૬૧ ઇનિંગ્સમાં પૂરા કર્યા અને તેનાથી ફક્ત વિરાટ કોહલીએ ઓછી મૅચમાં ૧૧,૦૦૦ રન પૂરા કરવાની ઉપલબ્ધિ મેળવી હતી.

કોહલીએ ૨૨૨મી ઇનિંગ્સમાં ૧૧,૦૦૦મો રન બનાવ્યો હતો.

વન-ડેમાં ૧૧,૦૦૦ રન સૌથી ઓછી વન-ડે ઇનિંગ્સમાં પૂરા કરનારા કોહલી અને રોહિત પછીના ત્રણ બૅટરની વિગત આ મુજબ છે: સચિન તેન્ડુલકર (૨૭૬ ઇનિંગ્સમાં), રિકી પૉન્ટિંગ (૨૮૬ ઇનિંગ્સમાં) અને સૌરવ ગાંગુલી (૨૮૮ ઇનિંગ્સમાં).

રોહિત શર્મા વન-ડે ફૉર્મેટમાં ૧૧,૦૦૦ રન પૂરા કરનાર ભારતનો ચોથો અને વિશ્વનો દસમો ખેલાડી છે.

વન-ડેમાં ૧૧,૦૦૦ કે વધુ રન બનાવનાર ટોચના ૧૦ ખેલાડીની યાદી આ મુજબ છે: સચિન (૧૮,૪૨૬ રન), સંગકારા (૧૪,૨૩૪ રન), કોહલી (૧૩,૯૮૫ રન), પૉન્ટિંગ (૧૩,૭૦૪ રન), જયસૂર્યા (૧૩,૪૩૦ રન), જયવર્દને (૧૨,૬૫૦ રન), ઇન્ઝમામ (૧૧,૭૩૯ રન), કૅલિસ (૧૧,૫૭૯ રન), ગાંગુલી (૧૧,૩૬૩) અને રોહિત (૧૧,૦૨૯ રન). ■

# ભારત સામેની ટક્કર પહેલાં જ પાકિસ્તાનને મોટો ઝટકો, ખતરારૂપ ફખર ઝમાન સ્પર્ધાની બહાર

## ટીમ ઇન્ડિયા સામે સારો રેકૉર્ડ ધરાવનાર ઓપનરના સ્થાને ઇન્ઝમામના ભત્રીજા ઇમામનો ટીમમાં સમાવેશ

દુબઈ: વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીના યજમાન પાકિસ્તાનને બે દિવસમાં બે જોરદાર ઝટકા લાગ્યા છે. બુધવારે કરાચીમાં સ્પર્ધાની પ્રારંભિક મૅચમાં મોહમ્મદ રિઝવાનની ટીમનો મિચલ સૅન્ટનરના સુકાનમાં રમતી પાકિસ્તાનની ટીમે ન્યૂ ઝીલૅન્ડ સામે ૬૦ રનથી ઘોર પરાજય જોવો પડ્યો ત્યાર બાદ ગઈ કાલે પાકિસ્તાનનો ઓપનિંગ બૅટર ફખર ઝમાન ઘૂંટણની ઈજાને કારણે ટૂર્નામેન્ટની બહાર થઈ ગયો હતો. ફખરના સ્થાને ભૂતપૂર્વ કૅપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકના ભત્રીજા ઇમામ-ઉલ-હકને ટીમમાં સમાવવામાં આવ્યો છે. ફખર વન-ડેમાં છેલ્લે ૨૦૨૩માં ભારત સામેની વન-ડે વર્લ્ડ કપની મૅચમાં રમ્યો હતો. તેને કરીઅર દરમ્યાન ઘૂંટણમાં વારંવાર દુખાવો થયો છે.

પાકિસ્તાનની ટીમ બુધવારે કરાચીમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની હાર બાદ દુબઈ જવા રવાના થઈ હતી અને ઇમામ તેની સાથે જોડાઈ રહ્યો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ (બપારે ૨.૩૦ વાગ્યાથી) દુબઈમાં ગ્રૂપ 'એ'ની હાઇ-વૉલ્ટેજ મૅચ રમાશે. ફખર ઝમાન સામાન્ય રીતે ભારત સામે સારું રમી ચૂક્યો છે એટલે તેની ગેરહાજરીથી રોહિતસેનાને ફાયદો થશે. જોકે ઇમામ પણ ટૅલન્ટેડ બૅટર છે.

ફખરને ઘૂંટણની જૂની ઈજા છે અને તેને બુધવારની મૅચ દરમ્યાન ફરી ઘૂંટણમાં દુખાવો શરૂ થતાં તેણે ટીમમાંથી નીકળી જવું પડ્યું છે. તેની જગ્યાએ ઇમામને લેવા વિશે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે આઇસીસીની ઇવેન્ટ ટેક્નિકલ કમિટીની પરવાનગી લેવી પડી હતી.

૨૯ વર્ષનો ઇમામ પાકિસ્તાન વતી ૭૨ વન-ડે રમ્યો છે જેમાં તેણે નવ સેન્ચુરી અને ૨૦ હાફ સેન્ચુરીની મદદથી અને ૪૮.૨૭ની સરેરાશે ૩,૧૩૮ રન બનાવ્યા છે.

ફખરે બુધવારે કિવીઓ સામેની મૅચમાં ૪૧ બૉલમાં ચાર ફોરની મદદથી ૨૪ રન બનાવ્યા હતા. તે માઇકલ બ્રેસવેલના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો. એ પહેલાં તેણે કિવીઓ વતી ૩૯ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોરની મદદથી ઝમકદાર ૬૧ રન બનાવનાર ગ્લેન ફિલિપ્સનો કૅચ પકડ્યો હતો.

ફખરે ગઈ કાલે 'એક્સ' પર કહ્યું છે કે 'કમનસીબે મારે આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીની બહાર થઈ જવું પડ્યું છે. જોકે અલ્લાને જે ઠીક લાગ્યું એ સ્વીકાર્ય છે. મને જે કંઈ તક મળી એ બદલ હું આભારી છું. હું ઘરમાં બેસીને મેન ઇન ગ્રીનને સપોર્ટ કરીશ.'

૩૪ વર્ષનો ફખર ૮૬ વન-ડે રમ્યો છે જેમાં તેણે ૪૬.૦૦ જેટલી સરેરાશે કુલ ૩,૬૫૧ રન બનાવ્યા છે જેમાં તેની ૧૧ સેન્ચુરી અને ૧૭ હાફ સેન્ચુરી સામેલ છે.

ફખર બુધવારે મૅચની પહેલી જ ઓવરમાં બાઉન્ડરી લાઇન તરફ જતા બૉલને રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તેને ઘૂંટણની ઈજા નડી હતી. તે ઓપનિંગમાં બૅટિંગ નહોતો કરી શક્યો જેને લીધે સાઉદ શકીલને ઓપનિંગમાં મોકલવો પડ્યો હતો. ફખર ચોથા ક્રમે રમવા આવ્યો હતો અને બૅટિંગ દરમ્યાન તેને ઘૂંટણમાં ખૂબ દુખાવો થયો હતો. ■

# રોહિતે આસાન કૅચ છોડ્યો, અક્ષર ઐતિહાસિક સિદ્ધિ ચૂક્યો

દુબઈ: રોહિત શર્મા ટી-૨૦ ફૉર્મેટનો વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન છે, પણ તેણે ગઈ કાલે અહીં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના પહેલા જ મુકાબલામાં મહત્ત્વના સમયે બાંગ્લાદેશના બૅટરનો સાવ સહેલો કૅચ છોડ્યો જેને કારણે સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ ઐતિહાસિક હૅટ-ટ્રિક ચૂકી ગયો હતો. રોહિતની આ કચાશનો વીડિયો વાઇરલ થયો હતો.

*ઓવરના બીજા-ત્રીજા બૉલમાં વિકેટ*

વાત એવી છે કે બાંગ્લાદેશની ઇનિંગ્સમાં નવમી ઓવર અક્ષરે કરી હતી જેના બીજા બૉલમાં ખતરારૂપ ઓપનર તેન્ઝિદ હસન પચીસ રનના તેના સ્કોર પર વિકેટકીપર કેએલ રાહુલને કૅચ આપી બેઠો હતો. ત્યારે બાંગ્લાદેશનો સ્કોર ચાર વિકેટે માત્ર ૩૫ રન હતો.

ત્યાર પછીના બૉલમાં પીઢ બૅટર મુશફિકુર રહીમ સ્ટ્રાઇક પર આવ્યો હતો, પણ અક્ષરે તેને જાળમાં ફસાવ્યો હતો અને તેને ઝીરો પર જ રાહુલના જ હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. અક્ષરે બે બૉલમાં બે વિકેટ લીધી હતી અને તેને હૅટ-ટ્રિક લેવાનો સુવર્ણ મોકો મળ્યો હતો. એ સમયે બાંગ્લાદેશનો સ્કોર પાંચ વિકેટે ૩૫ રન હતો.

*ઐતિહાસિક હૅટ-ટ્રિકનો મોકો*

હવે અહીં અક્ષર અને ભારતીય ફીલ્ડર્સની ખરી કસોટી હતી. અક્ષર તો એમાં સફળ થઈ રહ્યો હતો, કારણકે તેનો એ ચોથો બૉલ પણ વિકેટ-ટેકિંગ જ હતો. તેના એ બૉલમાં નવા બૅટર જાકર અલીના બૅટની ધારને લાગ્યા બાદ બૉલ સ્લિપમાં ઊભેલા રોહિત શર્મા તરફ ગયો હતો અને રોહિત એ આસાન કૅચ પકડી શકે એમ હતો, પરંતુ તેનાથી એ કૅચ છૂટી ગયો હતો. એ સાથે, અક્ષરને હૅટ-ટ્રિકનો જે બહુમૂલ્ય મોકો મળ્યો હતો એ ગુમાવવો પડ્યો. જો રોહિતે એ કૅચ પકડ્યો હોત તો અક્ષર ચૅમ્પિયન્સ ટ્રોફીમાં હૅટ-ટ્રિક લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો હોત, પણ અક્ષરે રોહિતને લીધે એ કીર્તિમાનથી વંચિત રહેવું પડ્યું.

*રોહિત પોતાના પર નારાજ હતો*

જાકર અલીનો કૅચ છૂટતાં જ રોહિતની પોતાના પરની નારાજગી દેખાઈ આવી હતી. તેણે ગુસ્સામાં પોતાનો હાથ બે-ત્રણ વાર જમીન પર પછાડ્યો હતો. ત્યાર બાદ અક્ષરને રોહિત કંઈક કહી રહ્યો દેખાયો હતો.

*જીવતદાન પછી મોટી ભાગીદારી*

અક્ષરના બૉલમાં રોહિતના હાથે જાકર અલીનો કૅચ છૂટ્યો ત્યાર બાદ જાકર અને તૌહિદ હૃદય વચ્ચે ૧૫૪ રનની ભાગીદારી થઈ હતી. ■

# રણજી ટ્રોફીમાં ગુજરાતને આજે ફાઇનલ-પ્રવેશનો સુવર્ણ મોકો, પણ મુંબઈ સેમિ હારી શકે

અમદાવાદ/નાગપુર: રણજી ટ્રોફીના સેમિ ફાઇનલ રાઉન્ડનો આજે નિર્ણાયક દિવસ આવી ગયો છે. કેરળ સામે ગુજરાતની ટીમ પ્રથમ દાવની સરસાઈ મેળવવાની સાથે ફાઇનલમાં પહોંચવાની તૈયારીમાં છે એમ કહી શકાય, જ્યારે વિદર્ભ સામે મુંબઈના માથે પરાજય તોળાઈ રહ્યો છે. કોઈ ચમત્કાર જ મુંબઈને જિતાડી શકે.

અમદાવાદમાં પાંચ દિવસીય રણજી સેમિ ફાઇનલમાં કેરળે વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીનના અણનમ ૧૭૭ રનની મદદથી ૪૫૭ રન બનાવ્યા ત્યાર બાદ ગુજરાતની ટીમે જોરદાર વળતી લડત આપીને ચોથા દિવસની રમતના સાત વિકેટે ગુજરાતનો સ્કોર સાત વિકેટે ૪૨૯ રન હતો.

જયમીત પટેલે ૧૬૧ બૉલમાં બનાવેલા ૭૪ રને અને સિદ્ધાર્થ દેસાઈએ ૧૩૪ બૉલમાં બનાવેલા ૨૪ રને નૉટઆઉટ રહીને (૭૨ રનની અતૂટ ભાગીદારી સાથે) ગુજરાતને ફાઇનલના પ્રવેશની નજીક લાવી દીધું હતું.

એ પહેલાં, ૩૪ વર્ષીય ઓપનર પ્રિયાંક પંચાલે ૨૩૭ બૉલમાં એક સિક્સર તથા ૧૮ ફોરની મદદથી ૧૪૮ રન બનાવીને ગુજરાતના સંભવિત વિજયનો પાયો નાખ્યો હતો. ૭૩ રન બનાવનાર આર્ય દેસાઈ સાથે પ્રિયાંકની ૧૩૧ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. કેરળ વતી જલજ સક્સેનાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

પાંચ દિવસીય સેમિ ફાઇનલમાં નાગપુરમાં વિદર્ભએ પ્રથમ દાવમાં ૩૮૩ રન બનાવ્યા બાદ મુંબઈએ વિકેટકીપર આકાશ આનંદના ૧૦૬ રનની મદદથી ૨૭૦ રન બનાવ્યા હતા. વિદર્ભએ ૧૧૩ રનની સરસાઈ લીધા બાદ બીજા દાવમાં યશ રાઠોડના ૧૫૧ રન તેમ જ કૅપ્ટન અક્ષય વાડકરના બાવન રનની મદદથી ૨૯૨ રન બનાવ્યા હતા.

મુંબઈના બોલર્સમાં સ્પિનર શમ્સ મુલાનીએ સૌથી વધુ છ વિકેટ લીધી હતી. એ સાથે મુંબઈને જીતવા ૪૦૬ રનનો તોતિંગ લક્ષ્યાંક મળ્યો અને ચોથા દિવસની રમતને અંતે મુંબઈનો સ્કોર ત્રણ વિકેટે ૮૩ રન હતો. જીતવા માટે મુંબઈને હજી બીજા ૩૨૩ રનની જરૂર હોવાથી એના માટે વિજય મેળવવો ખૂબ મુશ્કેલ હતો. મુંબઈની ત્રણમાંથી બે વિકેટ હર્ષ દુબેએ અને એક વિકેટ પાર્થ રેખાડેએ લીધી હતી.

પ્રથમ દાવમાં પાંચ વિકેટ લેનાર શિવમ દુબે ૧૨ રને અને ઓપનર-વિકેટકીપર આકાશ આનંદ ૨૭ રને રમી રહ્યા હતા. ■

# અડીખમ બનેલા જાકર અલીને છેવટે શમીએ જાકારો આપ્યો

દુબઈ: બાંગ્લાદેશના માત્ર છ વન-ડેના અનુભવી મિડલ-ઑર્ડર બૅટર જાકર અલીએ ગઈ કાલે અહીં રોહિત શર્માના હાથે મળેલા બહુમૂલ્ય જીવતદાનનો એવો તો ફાયદો લીધો કે ક્રિકેટ જગત જોતું રહી ગયું. સ્પિનર અક્ષર પટેલના ઉપરાઉપરી બે બૉલમાં તેન્ઝિદ હસન અને મુશફિકુર રહીમ આઉટ થતાં અક્ષરને હૅટ-ટ્રિકની તક મળી હતી, પરંતુ ત્રીજા જ બૉલમાં સ્લિપમાં રોહિતે જાકર અલીનો આસાન કૅચ છોડ્યો અને જાકરે એ પછી તૌહિદ હૃદય સાથે મળીને બાંગ્લાદેશની ઇનિંગ્સને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. જાકરને નવમી ઓવરમાં એ જીવતદાન મળ્યું હતું અને ત્યાર પછી તે છેક ૪૩મી ઓવરમાં મોહમ્મદ શમીના બૉલમાં આઉટ થયો ત્યાં સુધીમાં જાકરે તૌહિદ સાથે છઠ્ઠી વિકેટ માટે ૧૫૪ રનની ઐતિહાસિક ભાગીદારી કરી હતી. શમીએ એ સાથે વન-ડેમાં ૨૦૦મી વિકેટ લીધી હતી. બાંગ્લાદેશનો સ્કોર પાંચ વિકેટે ૩૫ રન હતો ત્યારે જાકરને રોહિતના હાથે જીવતદાન મળ્યું હતું. જોકે ૪૩મી ઓવર કે જે શમીએ કરી હતી એના ચોથા બૉલમાં લૉન્ગ-ઑન પરથી દોડી આવેલા વિરાટે તેનો સીધો કૅચ પકડી લીધો હતો. શમી છેવટે ૨૦૦મી વિકેટ લેવાની સાથે બે કલાક સુધી ચાલેલી પાર્ટનરશિપ તોડવામાં સફળ થયો હતો.

જાકર અલીએ ૧૧૪ બૉલમાં ચાર ફોરની મદદથી ૬૪ રન બનાવ્યા હતા. તેની અને તૌહિદ વચ્ચેની ૧૫૪ રનની ભાગીદારી ૨૦૬ બૉલમાં બની હતી.

આ મૅચ પહેલાં વન-ડેમાં શમીની કુલ ૧૯૭ વિકેટ હતી. તેણે ૧૯૮મી વિકેટના રૂપમાં સૌમ્ય સરકાર (૦)ને આઉટ કર્યો હતો. મેહદી હસન મિરાઝ તેનો ૧૯૯મો અને જાકર અલી ૨૦૦મો શિકાર બન્યો હતો. જાકર અલી ૧૫૪ રનની ભાગીદારી બાદ આઉટ થયો ત્યારે બાંગ્લાદેશનો સ્કોર છ વિકેટે ૧૮૯ રન હતો. ■

# પંકજ અડવાણીનું ૧૪મું એશિયન ટાઇટલ, હવે અસાધારણ વિશ્વવિક્રમ હાથવેંતમાં

## દોહા ખાતેની એશિયન સ્પર્ધાની સંઘર્ષપૂર્ણ ફાઇનલમાં ઈરાનના અમીર સરખોશ સામે જીત મેળવી

દોહા: સ્નૂકર અને બિલિયર્ડ્સના વિશ્વ વિજેતા ભારતના પંકજ અડવાણીએ અહીં એશિયન સ્નૂકર ચૅમ્પિયનશિપમાં ૧૪મી વાર ગોલ્ડ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું હતું. તેણે ઇન્દોરમાં નૅશનલ સ્નૂકર ચૅમ્પિયનશિપ જીતી લીધી એના ગણતરીના દિવસો બાદ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ફલક પર ચમક્યો છે અને વિક્રમજનક ૧૪મી વખત એશિયન ચૅમ્પિયન બન્યો છે.

પંકજ અડવાણી પાસે અઢળક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટ્રોફીઓ છે અને એમાં વધુ એક ટાઇટલ ઉમેરાયું છે. તે એશિયન કિંગ પણ છે અને માત્ર આ ખંડની વાત કરીએ તો તેની પાસે એશિયન સ્નૂકરના પાંચ ટાઇટલ તેમ જ એશિયન બિલિયર્ડ્સના નવ ટાઇટલ છે. એ ઉપરાંત તે બે વખત એશિયન ગેમ્સ (૨૦૦૬, ૨૦૧૦) જીતી ચૂક્યો છે.

દોહા ખાતેની એશિયન સ્પર્ધાની સંઘર્ષપૂર્ણ ફાઇનલમાં ઇરાનના અમીર સરખોશ સામે પંકજ અડવાણી શરૂઆતમાં પાછળ હતો, પણ તેણે માનસિક દબાણમાં પોતાની આગવી સ્ટાઇલમાં સરખોશને વળતો જવાબ આપીને ૯૩ તથા ૬૬ના બ્રેક સાથે મુકાબલામાં પકડ જમાવી લીધી હતી. પંકજના સમજદારીભર્યા વ્યૂહ અને સચોટ પર્ફોર્મન્સ સામે સરખોશનું કંઈ નહોતું ચાલ્યું અને છેવટે પંકજે વિજય મેળવ્યો હતો.

પંકજ અડવાણી આ એશિયન ટ્રોફીના વિજય સાથે હવે એક અસાધારણ સિદ્ધિની નજીક પહોંચી ગયો છે. એક જ કૅલેન્ડર યરમાં નૅશનલ, એશિયન અને વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયનશિપ જીતી ચૂકેલો અડવાણી સ્નૂકરમાં આ વર્ષ દરમ્યાન નૅશનલ અને એશિયન ટાઇટલ જીત્યો છે અને હવે આ વર્ષમાં પછીથી રમાનારી વર્લ્ડ સ્નૂકર ચૅમ્પિયનશિપ પણ જીતી લેશે એટલે ક્યૂ સ્પોર્ટ્સ તરીકે જાણીતી સ્નૂકર તથા બિલિયર્ડ્સ બન્ને રમતમાં તે એક જ વર્ષમાં ત્રણેય મોટા ટાઇટલ જીતનારો વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો કહેવાશે.

'પ્રિન્સ ઑફ પુણે' તરીકે ઓળખાતા ૩૯ વર્ષીય પંકજ અડવાણીએ દોહામાં ઇરાનના હરીફને ફાઇનલમાં પરાજિત કર્યા પછી કહ્યું, 'ખાસ કરીને સ્નૂકરમાં મેળવેલું આ ૧૪મું એશિયન ટાઇટલ હું સ્પેશિયલ ગણું છું. આ ટૂર્નામેન્ટ ખૂબ સંઘર્ષપૂર્ણ હતી, પરંતુ ગોલ્ડન ટ્રોફીઓમાં વધુ એકનો ઉમેરો કરીને હું ખૂબ રોમાંચિત થયો છું. આશા રાખું છું કે હું આ જ ફૉર્મ જાળવી રાખીશ અને દેશને ગૌરવ અપાવતો રહીશ.' ■

# દેશ વિદેશ

# ઉત્તર પ્રદેશમાં ૯૨ હજાર ભરતી, ચાર એક્સપ્રેસ વેની જાહેરાત, યોગી સરકારે રજૂ કર્યું આઠ લાખ કરોડ રૂપિયાનું બજેટ

લખનઊ: ઉત્તર પ્રદેશ સરકારે ૮,૦૮,૭૩૬ કરોડ રૂપિયાનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. ઉત્તર પ્રદેશના નાણામંત્રી સુરેશ કુમાર ખન્નાએ ૨૦ ફેબ્રુઆરીના રોજ રાજ્ય વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૮,૦૮,૭૩૬ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું,. જેમાં સંશોધન અને વિકાસ અને માહિતી ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખન્નાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં વિકાસ હેતુ માટે ૨૨ ટકા, શિક્ષણ માટે ૧૩ ટકા, કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે ૧૧ ટકા, જ્યારે તબીબી અને આરોગ્ય ક્ષેત્ર માટે છ ટકા રકમ ફાળવવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે હાલમાં ૯૨ હજાર ૯૧૯ જગ્યાઓ માટે ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. તે સિવાય સરકારે રાજ્યમાં ચાર નવા એક્સપ્રેસવે બનાવવાની જાહેરાત કરી હતી. આગ્રા-લખનઊ એક્સપ્રેસવેથી ગંગા એક્સપ્રેસવે કૌસિયા, હરદોઈ-ફર્રુખાબાદ સુધી ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસવે બનાવવામાં આવશે.

ખન્નાએ કહ્યું હતું કે અમે બજેટમાં સંશોધન, વિકાસ અને માહિતી ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાણામંત્રીએ પોતાના સંબોધનની શરૂઆત મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં રાજ્યમાં થયેલા વિકાસનો ઉલ્લેખ કરીને કરી હતી. મહાકુંભનો ઉલ્લેખ કરતા તેમણે તેને માત્ર એક સાંસ્કૃતિક અને ધાર્મિક ઘટના તરીકે જ નહીં પરંતુ તેને ભારતની પ્રાચીન શ્રદ્ધા અને સાંસ્કૃતિક અખંડિતતાનું પ્રતીક પણ ગણાવ્યું હતું.

ખન્નાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો કુલ બજેટ ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૫ના બજેટ ખર્ચ કરતા ૯.૮ ટકા વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યનું બજેટ કદ ૭,૩૬,૪૩૭ કરોડ રૂપિયા હતું જેમાં ૨૪,૮૬૩,૫૭ કરોડ રૂપિયાની નવી યોજનાઓનો સમાવેશ થાય છે.

નાણામંત્રીએ 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિટી'ના નિર્માણ અને 'ટેકનોલોજી રિસર્ચ ટ્રાન્સલેશન પાર્ક'ની સ્થાપના માટે નવી યોજનાઓની પણ જાહેરાત કરી હતી. રાજ્યના બજેટમાં વિધાનસભાના આધુનિકીકરણની સાથે સાથે શાળાઓ અને પોલિટેકનિકમાં સ્માર્ટ વર્ગખંડો અને પ્રયોગશાળાઓના વિકાસ માટે પણ જોગવાઈ છે. ■

# ઉત્તર પ્રદેશમાં માર્ગ અકસ્માતોમાં આઠનાં મોત

જૌનપુર: ઉત્તર પ્રદેશમાં ગુરુવારે સવારે બે અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં અયોધ્યા જઇ રહેલા આઠ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

આ અકસ્માતો વારાણસી-લખનઊ રાષ્ટ્રીય ધોરીમાર્ગના સરોખનપુર અંડરપાસ પર થયા હતા. પહેલો અકસ્માત રાત્રે ૨ વાગ્યાની આસપાસ થયો હતો, જ્યારે એક અજાણ્યા વાહને શ્રદ્ધાળુઓના જૂથને લઇ જતી એસયુવીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયા હતા. જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પીડિતો ઝારખંડના રહેવાસી હતા અને વારાણસીથી અયોધ્યા જઇ રહ્યા હતા.

એક કલાક પછી તે જ રૂટ પર બીજો અકસ્માત થયો હતો, જ્યારે એક ડબલ ડેકર બસ રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રેલર સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં બસ ડ્રાઇવર, એક મહિલા અને એક બાળકનું મોત નીપજ્યું હતું. જ્યારે ૨૭ મુસાફરો ઘાયલ થયા હતા. બસના તમામ મુસાફરો દિલ્હીના રહેવાસી હતા. તેઓ વારાણસી, ચિત્રકૂટ અને પ્રયાગરાજની મુલાકાત લીધા પછી અયોધ્યા જઇ રહ્યા હતા.

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ યોગિતા સિંહના જણાવ્યા અનુસાર ઘાયલોને તાત્કાલિક જિલ્લા હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ હોવાનું એરિયા ઓફિસર પ્રતિમા વર્માએ જણાવ્યું હતું. ■

# બજેટ ૨૦૨૫ સનાતન સંસ્કૃતિ સાથે સુસંગત છે: યોગી આદિત્યનાથ

લખનઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યનું બજેટ ૨૦૨૫-૨૬ 'સર્વ ભવન્તુ સુખિનઃ' ના સિદ્ધાંતો સાથે સંરેખિત છે અને ભારતની સનાતન સંસ્કૃતિને સમર્પિત છે.

આ બજેટ ખૂબ મહત્ત્વ ધરાવે છે કારણ કે તે જાન્યુઆરી ૧૯૫૦માં ભારતીય બંધારણના અમલીકરણ અને ઉત્તર પ્રદેશની સ્થાપનાના અમૃત મહોત્સવને ચિહ્નિત કરે છે, એમ તેમણે બજેટની રજૂઆત પછી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

આદિત્યનાથે કહ્યું, ''તે સમાજના વંચિત વર્ગો માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રાથમિકતાથી પ્રેરિત સ્પષ્ટ વિઝન સાથે યુવાનો, મહિલાઓ અને ખેડૂતોના ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.''

યોગીએ ભારતીય બંધારણના ઘડવૈયા બીઆર આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

''૭૫ વર્ષની ભવ્ય સફર સાથે, આ એક નિર્ણાયક બજેટ છે જે રાજ્યના ભવિષ્ય માટે રોડમેપ મૂકે છે, જે આગામી ૨૫ વર્ષની યોજનાઓની રૂપરેખા આપે છે,'' એમ તેમણે ઉમેર્યું હતું.

''આ પ્રસંગે, હું બાબા સાહેબ ભીમરાવ આંબેડકરને નમ્રતાપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું. તેમના નામે, અમારી ડબલ એન્જિન સરકાર લખનઊમાં બાબા સાહેબ ભીમરાવ આંબેડકર સ્મારક અને સાંસ્કૃતિક કેન્દ્રની સ્થાપના કરી રહી છે. આ કેન્દ્ર વંચિતોને પ્રાધાન્ય આપવાના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવા માટે એક દીવાદાંડી તરીકે કામ કરશે.''

એમણે રૂપરેખા આપી હતી કે નવનિર્મિત કેન્દ્ર આંબેડકરના વિચારોને આગળ વધારવા અને ઉત્તર પ્રદેશમાં બંધારણીય ભાવનાના અમલ માટે એક મંચ ઊભું કરવા માટે એક મુખ્ય સંસ્થા બની રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬નું બજેટ આ આદર્શોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જે સામાજિક સમાનતા અને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્યના ભાવિ વિકાસ માટેનું મંચ સુયોજિત કરશે.

ઉત્તર પ્રદેશના નાણાં પ્રધાન સુરેશકુમાર ખન્નાએ ગુરુવારે ૨૦૨૫-૨૬ માટે રૂ. ૮,૦૮,૭૩૬ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. ■

# બેન્ચમાર્કમાં સતત ત્રીજે દિવસે પીછેહઠ, મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં લાંબા સમયે સારો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની ટેરિફ વોર અને તેની અર્થતંત્ર પર પડનારી આડઅસરની ચિંતા વચ્ચે ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોમાં વધેલા વેચવાલીના દબાણને કારણે બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૨૦૩.૨૨ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૭૫,૭૩૫.૯૬ના સ્તરે અને એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૯.૭૫ પોઈન્ટ અથવા તો ૦.૦૯ ટકા લપસીને ૨૨,૯૧૩.૧૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

ટ્રમ્પે નવા વિધાનમાં સેમીકન્ડકટર અને ફાર્માસ્યુટિકલ્સ સહિતની ચીજો પર નવી ટેરિફ લાદવાના અથવા વધારવાના સંકેત આપ્યા હોવાથી ઇક્વિટી ઇન્વેસ્ટર્સનું સેન્ટિમેન્ટ વધુ ખોરવાયું છે. આ ઉપરાંત એશિયાઇ બજારોના સંકેત પમ નબળા રહ્યાં હતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી પણ અવિરત રહેવાની સંભાવનાને કારણે બજારનું મોરલ ખખડી ગયું છે.

બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં, પ્રત્યેકમાં એકાદ ટકાનો વધારો થયો છે. સેટકરલ મોરચે, ઓટો, મેટલ, ઓઇલ અને ગેસ, મીડિયા, પાવર, રિયલ્ટી, પીએસુ બેંક ઇન્ડેક્સમાં એકથી બે ટકા જેવો સુધારો થયો છે, જ્યારે બેંક ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યો છે.

નિફ્ટીમાં એચડીએફસી બેંક, મારુતિ સુઝુકી, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ અને ટાટા કન્ઝ્યુમર સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ છે, જ્યારે શ્રીરામ ફાઇનાન્સ, એનટીપીસી, અદાણી પોર્ટ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનર્સ બન્યા હતા. નિફ્ટી એનર્જી અને મેટલ્સમાં વધારો જોવા મળ્યો હતો જ્યારે બેંક નિફ્ટી, આઇટી, એફએમસીજી સૂચકાંકો ટોચના ઘટાડામાં સામેલ હતા.

વેદાંતા લિમિટેડે એક્સચેન્જ ફાઇલિંગમાં ગુરુવારે જણાવ્યું હતું કે આ મેટલથી ઓઇલ સુધીના ક્ષેત્રો સાથે સંકળાયેલી કંપનીને પાંચ ક્ષેત્રલક્ષી કંપનીઓમાં વિભાજિત કરવાના પ્રસ્તાવને શેરધારકો અને ધિરાણકર્તાઓએ મંજૂરી આપી દીધી છે. આ કંપનીઓમાં વેદાંતા એલ્યુમિનિયમ, વેદાંતા ઓઇલ એન્ડ ગેસ, વેદાંતા પાવર, વેદાંતા આયર્ન એન્ડ સ્ટીલ અને વેદાંતા લિમિટેડનો સમાવેશ હશે, જેમાં હિંદુસ્તાન ઝિન્કનો સમાવેશ હશે.

ડિમર્જર યોજના અનુસાર વેદાંતાના પ્રત્યેક શેરધારકને પ્રત્યેક શેર સામે નવી પાંચ કંપનીના એક એક શેર મળશે. પ્રાઇમરી માર્કેટમાં બીઝાસન એક્સપ્લોટેક સંપૂર્ણપણે ૩૪.૨૫ લાખ ફ્રેશ શેરના રૂ. ૫૯.૯૩ કરોડ બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૨૧ ફેબ્રુઆરીના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલે છે અને ૨૫ ફેબ્રુઆરીના રોજ બંધ થાય છે. શેરની ફાળવણી ૨૭ ફેબ્રુઆરીના રોજ અને લિસ્ટિંગ ૨૦ માર્ચે થવાની ધારણાં છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૫થી રૂ. ૧૭૫ પ્રતિ શેર નક્કી થઇ છે.

એશિયન બજારોના નકારાત્મક સંકેત વચ્ચે ગુરુવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક નીચા મથાળે ખુલ્યા હતા યુએસ ટેરિફ નીતિઓ અને તેમની સંભવિત ફુગાવાની અસર અંગેની અનિશ્ચિતતાને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ ડહોળાયેલું રહ્યું છે. મહિન્દ્રા અને મહિન્દ્રા, આઇટીસી, મારુતિ સુઝુકી, એચડીએફસી બેંક, ઝોમેટો અને સન ફાર્મામાં ઝાઝું ધોવાણ જોવા મળ્યું હતું.

ગુરુવારે તમામ ક્ષેત્રોમાં મેટલ ઇન્ડેક્સ સિવાય, બધા સેકટરલ ઇન્ડેક્સ નીચા સ્તરે ખુલ્યા હતા. ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતના બેન્ચમાર્ક ઇન્ક્સ ત્રણ ટકાથી વધુ ઘટ્યા છે અને સપ્ટેમ્બરના અંતમાં તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી લગભગ ૧૩ ટકાથી નીચે સરક્યા છે. જયારે, વ્યાપક બજારમાં વધુ પીછેહઠ હોવાથી મિડ-કેપ અને સ્મોલ-કેપ ઇન્ડેક્સમાં તેમના ટોચના સ્તરથી અનુક્રમે ૧૭ ટકા અને ૨૧ ટકાનો કડાકો નોંધાયો છે.

જિયોજિત ફાઇનાન્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, ભારતીય માલ પર સંભવિત યુએસ ટેરિફ અંગે વધતી ચિંતાઓને કારણે સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્કમાં નજીવો ઘટાડો થયો હતો. વધુમાં, ટ્રમ્પની પ્રસ્તાવિત વેપાર નીતિ ફુગાવાજન્ય દબાણ વધારે એવી ધારણાં છે. તાજેતરની ફેડરલ રિઝર્વની મિનિટ્સ સૂચવે છે કે વ્યાજ દરમાં ઘટાડો વિલંબિત થઈ શકે છે. જોકે, સ્થાનિક સ્તરે સ્થાનિક ફુગાવામાં ઘટાડા અને આરબીઆઇ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા વ્યાજદરના ઘટાડાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક સમયગાળાથી વપરાશી માગમાં સુધારો થવાની અપેક્ષા વચ્ચે વ્યાપક બજારમાં પ્રારંભિક રિકવરી જોવા મળી હતી.



દરમિયાન, વૈશ્વિક બજારમાં ટ્રમ્પ ટેરિફની ચિંતાને કારણે વર્લ્ડ માર્કેટમાં સોનું વિક્રમી સપાટી નજીક ટકી રહ્યું છે. ચીને ફેબ્રુઆરીમાં અપેક્ષા મુજબ બેન્ચમાર્ક ધિરાણ દર યથાવત રાખ્યા છે. જાપાની યેનમાં મજબૂતાઇ હતી જ્યારે ડોલર સ્થિર રહ્યો હતો. ફેડરલ રિઝર્વે મિનિટ્સ દ્વારા સાવધાનીનો સૂર આલાપ્યો હોવાથી એશિયન શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ટ્રમ્પે નવી ચીજવસ્તુઓ સામે ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું છે અને એકથી વધુ વખત એ વાત દોહરાવી છે કે અમેરિકા ભારતને ટેરિફ બાબતે તો કોઈ રાહત નહીં જ આપે પરંતુ અમુક નાણાકીય સહાય પણ અટકાવી દેશે. અમેરિકા દ્વારા આયાત પર લાદવામાં આવેલા ટેરિફ અને વિદેશી રોકાણના સતત બાહ્યપ્રવાહને કારણે ઇક્વિટી માર્કેટમાં મંદીનો માહોલ જમ્યો છે. એફઆઇઆઇએ ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૯,૨૯૯ કરોડ એટલે કે લગભગ એક લાખ કરોડ રૂપિયા જેટલા શેરની વેચવાલી કરી છે. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં શુક્રવારે વિદેશી ફંડોએ રૂ. ૪૨૯૪.૬૯ કરોડના શેર વેચ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા થઇ રહેલી વેચવાલી પાછળનું કારણે પ્રોફિટ બુકિંગ હોવાનું નાણાં પ્રધાને જણાવ્યું છે. નાણાં સચિવે એવા સંકેત આપ્યા હતા કે શેરબજાર બાહ્ય પરિબળોને કારણે વોલેટાઇલ છે અને આ અસ્થિરતા કામચલાઉ છે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદ દરમિયાન શેરબજારને લગતા સવાલના જવાબમાં સીતારામને કહ્યું કે ભારતનું અર્થતંત્ર સાબૂત છે અને પ્રોફિટ બુકિંગ કરીને રોકાણકાર સારું વળતર મેળવી રહ્યાં છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા વેચાણ અંગેના પ્રશ્નના જવાબમાં, સીતારમણે કહ્યું કે ભારતમાં એવું વાતાવરણ છે જ્યાં રોકાણ સારું વળતર આપી રહ્યું છે. વિદેશી ફંડો સામાન્ય રીતે વોલેટાલિટીના સમયમાં પોતાના દેશમાં મૂડી લઇ જતાં હોય છે અને એ થઇ રહ્યું છે. નાણા સચિવ તુહિન કાંતા પાંડેએ ઉમેર્યું કે વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, એફઆઇઆઇ તેમના મૂળ દેશમાં પાછા ફરવાનું વલણ ધરાવે છે, જે મોટાભાગે અમરિકા છે. વિદેશી ફંડો એક ઇમર્જિંગ માર્કેટમાંથી બીજા ઇમર્જિંગ માર્કેટમાં નથી જઇ રહ્યાં. તેમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મજબૂત અર્થતંત્ર છે અને આગળ પણ વિકાસયાત્રા ચાલુ રાખશે. ■

## પાવર, યુટિલિટીઝ અને મેટલ શેરોમાં લેવાલી, માર્કેટ કેપ ઓર રૂ.૩.૦૭ લાખ વધ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સેક્ટરલ ઈન્ડાયસીસમાં ગુરુવારે પાવર, યુટિલિટીઝ અને મેટલ સૌથી અધિક વધ્યા, બેન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સ ઘટ્યા, માર્કેટ કેપ ઓર રૂ. ૩.૦૭ લાખ વધ્યું હતું. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૫,૯૩૯.૧૮ના બંધથી ૨૦૩.૨૨ પોઈન્ટ્સ (૦.૨૭ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૩.૦૭ લાખ કરોડ વધીને રૂ.૪૦૪.૮૫ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૫,૭૮૭.૨૭ ખૂલીને ઊંચામાં ૭૬,૩૩૮.૫૮ સુધી અને નીચામાં ૭૫,૫૮૧.૩૮ સુધી જઈને અંતે પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૭ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૫૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૬૬૯ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૨૭૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૫૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૧૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૩૨ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૩૨ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં પાવર ૨.૧૯ ટકા, યુટિલિટીઝ ૨.૧૭ ટકા, મેટલ ૨.૦૨ ટકા, સર્વિસીસ ૧.૮૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૬૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૫૫ ટકા, એનર્જી ૧.૩૩ ટકા, ઓટો ૧.૩ ટકા, રિયલ્ટી ૧.૧૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૧૩ ટકા, કોમોડિટીઝ ૧.૦૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૦૧ ટકા, હેલ્થકેર ૦.૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૪ ટકા, આઈટી ૦.૦૪ ટકા અને એફએમસીજી ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે બેન્કેક્સ ૦.૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૫ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૧ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એનટીપીસી ૩.૩૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૦૧ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૮૫ ટકા, તાતા સ્ટીલ ૧.૫૮ ટકા, તાતા મોટર્સ ૧.૩૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૩ ટકા, પાવર ગ્રીડ ૧.૦૧ ટકા, ઈન્ફોસિસ ૦.૭૦ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૫૫ ટકા વધ્યા હતા, જ્યારે એચડીએફસી બેન્ક ૨.૩૫ ટકા, મારુતિ ૧.૮૧ ટકા, ટેક મહિન્દ્ર ૧.૬૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૩૩ ટકા, આઈટીસી ૧.૦૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૯ ટકા, કોટક બેન્ક ૦.૭૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૧ ટકા અને સન ફાર્મા ૦.૪૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૭.૦૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૧૪ સોદામાં ૫૭૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૭૧,૮૭૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૦,૪૦,૧૭૫.૯૯ કરોડનું રહ્યું હતું. ■

## ડૉલર સામે રૂપિયો બાઉન્સબૅક થતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૨૧૩ની પીછેહઠ, ચાંદી ₹ ૨૨૩ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે વેપાર યુદ્ધની ભીતિ સપાટી પર રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગ રહેતાં એક તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૫૪.૬૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ ૧.૧ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૩૪ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાચાંદીની આયાત પડતરોમાં ઘટાડો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૨થી ૨૧૩ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૨૨૩નો સુધારો જોવા મળતાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યાં હતાં.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૩ ડૉલરની પાર ગયાના નિર્દેશો સાથે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૩ વધીને રૂ. ૯૭,૭૮૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં રૂપિયો મજબૂત થતાં આયાત પડતરોમાં થયેલા ઘટાડા ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૨ ઘટીને રૂ. ૮૬,૧૭૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૩ ઘટીને રૂ. ૮૬,૫૨૦ના મથાળે રહ્યા હતા. ટ્રમ્પની ટેરિફ નીતિ વૈશ્વિક ટ્રેડ વૉર તરફ દોરી જનારી હોવાથી આજે લંડન ખાતે સોના-ચાંદીમાં સલામતી માટેની માગ જળવાઈ રહી હતી, જેમાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૯૫૧.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના હાજર ભાવમાં ૧૨ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. તેમ જ આજે સત્રના આરંભે વાયદામાં સોનાના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૯૬૯.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પની ટેરિફ નીતિ અને ફુગાવામાં વધારો થવા બાબતની અનિશ્ચિતતાઓને કારણે સલામતી માટેની માગને ટેકે સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર તરફ આગળ ધપી રહ્યા હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

ડૉનલ્ડ ટ્રમ્પે પ્રમુખપદનો હોદ્દો અખત્યાર કર્યા બાદ ચીનથી થતી આયાત પર ૧૦ ટકા ટેરિફ લાદવાની સાથે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લાદી હતી. વધુમાં ગઈકાલે (બુધવારે) તેમણે લાકડું, કાર, સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ પર ટેરિફ લાદવામાં આવશે એવી જાહેરાત કરી હતી. વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની જાહેર થયેલી છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં ટ્રમ્પની પ્રારંભિક ટેરિફ નીતિના પ્રસ્તાવોને ધ્યાનમાં લેતા ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવી હોવાથી હાલમાં વ્યાજદરમાં કપાત સ્થગિત રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જોકે, આ વર્ષે અપેક્ષા કરતાં ઓછી વખત વ્યાજદરમાં કપાતની શક્યતા છતાં ટેરિફને કારણે ટ્રેડ વૉરને પગલે આર્થિક અનિશ્ચિતતાઓ વધવાની ભીતિ તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીને ટેકે રોકાણકારો સોનામાં સલામતી માટેની માગને ધ્યાનમાં લેતાં તેજીનું ધ્યાન રાખી રહ્યા છે. ■

## આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં આગળ ધપતો સુધારો

### સોયાતેલની સરખામણીમાં પામતેલના ભાવ ઊંચા રહેતા આયાતકારોએ અંદાજે ૭૦,૦૦૦ ટન ક્રૂડ પામતેલના સોદા રદ કર્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામા ગઈકાલે ૧૦૦ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૬ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. તેમ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

છેલ્લાં ચાર સપ્તાહમાં મલયેશિયા ખાતે પામતેલના ભાવમાં ૧૧ ટકા જેટલો ઉછાળો આવતા સ્થાનિક સ્તરે પણ ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું અને સોયા રિફાનન્ડની સરખામણીમાં આરબીડી પામોલિનના ભાવ ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી સ્થાનિક સ્તરે રિફાઈનિંગ માર્જિન ઘટી આવતા ભારતીય રિફાઈનરોએ માર્ચથી જૂન ડિલિવરી શરતે થયેલા અંદાજે ૭૦,૦૦૦ ટનના સોદા રદ કર્યા હોવાનું ચાર સૂત્રોએ રૉઈટર્સને જણાવ્યું હતું. છેલ્લાં ત્રણ દિવસમાં જ ૪૦,૦૦૦ ટનના સોદા રદ થયા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારતનાં સોદાઓ રદ થતાં મલયેશિયન પામતેલના ભાવમાં ઘટાડો આવે તેવી શક્યતા નકારી ન શકાય.

વધુમાં ભારત સરકાર સ્થાનિકમાં તેલીબિયાંના ખેડૂતોને ટેકો આપવા માટે પામતેલ પરની આયાત જકાતમાં વધારો કરે તેવી અટકળો બજારમાં મૂકાઈ રહી હોવાને કારણે પણ રિફાઈનરોએ ક્રૂડ પામતેલના સોદાઓ કેન્સલ કર્યા હોવાની શક્યતા નવી દિલ્હી સ્થિત એક ડીલરે વ્યક્ત કરી હોવાનું રૉઈટર્સે અહેવાલમાં ઉમેર્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે એએનએ, રૂચી અને અલાનાના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ અનુક્રમે રૂ. ૧૩૭૦, રૂ. ૧૩૮૦ અને રૂ. ૧૩૮૫ ક્વૉટ થઈ રહ્યા હોવાનું તેમ જ ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્યપ્રદેશનાં મથકો પર એક લાખ ગૂણી સોયાસીડની આવક હતી, જ્યારે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૭૦,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુપની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૦૦થી ૬૩૨૫માં, સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૩૫માં તથા સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૧૧૫થી ૨૧૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## આગામી નાણાકીય વર્ષ સુધીમાં મોટી ઑટો કમ્પોનન્ટ કંપનીઓ રૂ. 30000 કરોડ સુધીનું રોકાણ કરશેઃ ઈક્રા

નવી દિલ્હીઃ આગામી નાણાકીય વર્ષ સુધીમાં મોટી ઑટો કમ્પોનન્ટ કંપનીઓ ક્ષમતા વિસ્તરણ અને ઈલકક્ટ્રિક વાહનો સહિતના પાર્ટસ માટે રૂ. ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ કરોડ સુધીનું રોકાણ કરે તેવી શક્યતા અગ્રણી રેટિંગ કંપની ઈક્રાએ વ્યક્ત કરી છે. આ ક્ષેત્રમાં ઉત્પાદનક્ષમતા વિસ્તરણ ઉપરાંત નિયમનકારી ફેરફારોને ધ્યાનમાં લેતા પણ રોકાણની શક્યતાઓ રહેલી છે.

ઈક્રા દ્વારા મોટા ઑટો કમ્પોનન્ટ પુરવઠાકારો સાથે થયેલી મુલાકાતો પરથી ફલિત થયું હતું કે ઉદ્યોગ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ. ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ કરોડનું અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ રૂ. ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે, એમ ઈક્રાના કોર્પોરેટ રેટિંગ વિભાગના સેક્ટર હેડ અને ઉપપ્રમુખ વિનુતા એસએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ક્ષમતા વિસ્તરણ, નવાં ઉત્પાદનો વિકસાવવા, ઈલેક્ટ્રિક વાહનોના કમ્પોનન્ટ્સ અને એડવાન્સ ટેક્નોલૉજીના વિકાસ તથા નિયમનકારી ફેરફારોને કેન્દ્રમાં રાખીને આ અતિરિક્ત રોકાણો કરવામાં આવશે. રેટિંગ એજન્સીના મતાનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ઑટો કમ્પનોનન્ટ ઉદ્યોગનો આવક વૃદ્ધિદર આગલા નાણાકીય વર્ષનાં ૧૪ ટકા સામે ઘટીને સાતથી નવ ટકા આસપાસ રહેશે. આ સિવાય ઑટો કમ્પોનન્ટ ઉદ્યોગની કુલ માગ પૈકી અડધો હિસ્સો ધરાવતી સ્થાનિક ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ)ની માગ જે વર્તમાન નાણાકીય વર્ષમાં સાતથી નવ ટકા છે તે આગામી નાણાકીય વર્ષમાં વધીને આઠથી ૧૦ ટકા રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. ■

## ડૉલર નબળો પડતાં રૂપિયો ૩૪ પૈસા ઉછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના બંધ સામે ૩૪ પૈસા ઊછળીને ૮૬.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે છત્રપતિ શિવાજીમહારાજ જયંતીની જાહેરરજા હોવાથી સ્થાનિક બજાર બંધ રહી હતી. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો થવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૬.૯૮ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૬.૮૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૮૮ અને ઉપરમાં ૮૬.૫૮ સુધી ઉછળ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩૪ પૈસાના બાઉન્સબૅક સાથે ૮૬.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે છેલ્લા પાંચ સત્રથી ડૉલર સામે રૂપિયો સીમિત રેન્જમાં રહ્યા બાદ આજે વિદેશી બૅન્કોની ડૉલરમાં વેચવાલી અને બજારના ખેલાડીઓએ લેણના ઓળિયા કાપતા રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં ૮૬.૨૦થી ૮૬.૩૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૮૭.૪૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા ઘટીને ૧૦૬.૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

# જૂનાગઢમાં શિવરાત્રીના મેળાની તૈયારીઓ શરૂ: અન્નક્ષેત્રો ધમધમ્યા



જૂનાગઢમાં ગિરનારના ભવનાથમાં આગામી ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન મહાશિવરાત્રીનો મેળો યોજાશે. ૨૨ તારીખે ધ્વજારોહણ કર્યા બાદ શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે. આ મેળામાં સાધુ-સંતોના આગમન અને અન્નક્ષેત્રોની ધીમે ધીમે શરૂઆત થઈ ગઈ છે. તંત્ર દ્વારા દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ૧૩ જેટલી સમિતિઓની રચના કરી હતી.

# બન્ની પ્રદેશના ગોરેવાલી ગામે વનતંત્રના ગોદામમાં લાગેલી આગમાં બે લાખ કિલો ઘાસચારો બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આ વર્ષે લાંબા સમય સુધી વરસેલા કમોસમી વરસાદના પગલે લીલા ઘાસચારાને નુકશાન પહોંચતાં હાલ લખપત સહિતના વિસ્તારોમાં લીલા ઘાસચારાની તંગી ઉભી થઇ છે. તેવામાં બન્ની પ્રદેશના છેવાડાના ગોરેવાલી ગામમાં વનવિભાગ હસ્તકના ગોદામમાં અગમ્ય કારણોસર ભભૂકેલી આગમાં અંદાજે બે લાખ કિલોથી વધુ લીલો ઘાસચારો ભસ્મીભૂત થઇ ગયો હતો.

પશ્ચિમ કચ્છ વન વિભાગના બન્ની ડિવિઝનમાં આવતા વનતંત્રના આ ગોદામમાં આગના ધુમાડા દેખાવાના શરૂ થયાનું ખાવડા પોલીસ મથકે વનતંત્રે નોંધાવેલી જાણવા જોગમાં જાહેર કર્યું હતું. આ આગના પગલે રૂ.૧૮,૭૩,૦૦૦ના મૂલ્યનું એક લાખ ૭૩ હજાર કિલો તેમજ અન્ય ૬૫ હજાર કિલો ઘાસ બળીને ખાખ થયું હતું.

આ ઉપરાંત આ ભીષણ આગ થકી ઘાસના ગોદામને પણ ૩૦ લાખ જેટલી નુકસાની થયાની વિગતો રેન્જ ફોરેસ્ટ ઓફિસર ગણપત પટેલ દ્વારા જાણવા જોગમાં જાહેર કરાઇ હતી.

આગ લાગવાના બનાવના પગલે ભુજ ફાયર ટીમને જાણ કરાતાં ટેન્ટસિટી સ્થિત તેમની ટીમને તુરત રવાના કરાઇ હતી અને બાદમાં ભુજની ફાયર ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. વનતંત્ર અને પોલીસ પણ ઘટના સ્થળે ધસી ગઇ હતી.

ગત વર્ષે પણ ઉનાળાની ઋતુ શરૂ થયા પહેલાં પણ ગોરેવાલીના પંચાયત હસ્તકના ઘાસના ગોદામમાં આગ લાગતા એક લાખ કિલો ઘાસ બળીને ખાખ થયું હતું. ચાલુ વર્ષે અન્ય વિસ્તારની તુલનાએ અહીં વરસાદ પ્રમાણમાં ઓછો વરસ્યો હોવાથી પશુપાલકોએ વનતંત્ર પાસે ઘાસ આપવા રજૂઆત કરી હતી, પરંતુ દરકાર અપાઇ ન હતી. પશુઓ માટે અતિ કિંમતી એવા આવા ઘાસના ગોદામમાં પણ સીસીટીવી કેમેરા લગાડવામાં આવે જેથી આવા બનાવ પાછળના કારણે જાણી શકાય તેમ ગોરેવાલીના ઉપસરપંચ અમીરઅલી મુતવાએ જણાવ્યું હતું.



# શિયાળાની વિદાય વચ્ચે કચ્છમાં ચોમાસા જેવો માહોલ: નખત્રાણા સહિતનાં સ્થળોએ 'અમી છાંટણા'

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આ વખતે ઉનાળાના વહેલા આગમન વચ્ચે કચ્છના અમુક ભાગોમાં વીતેલા બે દિવસથી વાદળછાયું હવામાન જોવા મળ્યું હતું. નખત્રાણા તેમજ રણકાંધીના કેટલાક વિસ્તારોમાં ગુરૂવારે વહેલી સવારે થોડા સમય પૂરતા ઝરમર મેઘ વરસ્યા હતા. હજી આગામી ચાર દિવસ સુધી આ પ્રકારનું વિચિત્ર હવામાન રહેશે. આવા હવામાનને કારણે જીરું, ધાણા, વરિયાળી ઇસબગુલ જેવી તૈયાર ખેત ઊપજને તેમજ આંબાના તૈયાર થઇ રહેલા પાકને નુકશાન થવાનો ડર ઊભો થયો છે. બીજી તરફ ખાંસી-શરદીના દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક રીતે વધી રહી છે.

હવામાન ખાતાના નિષ્ણાતો શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચેના સમયગાળા દરમ્યાન થતા કમોસમી વરસાદને 'મિટિયોર શાવર્સ' એટલે કે, માર્ચ-એપ્રિલ મહિના દરમ્યાન થનારી ઉલ્કા વર્ષા સાથે સરખાવી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે આ વખતે મહત્તમ ઉલ્કા વર્ષા નોંધાઈ છે અને તેની સાથે સાથે દિલ્હી સહિત દેશના સંખ્યાબંધ ભાગોમાં કમોસમી વરસાદનો માહોલ ઊભો થવા પામ્યો છે. મહાશિવરાત્રી પૂર્વે સર્જાયેલા અષાઢી માહોલને કારણે આગઝરતી ગરમીમાં આંશિક રાહત વર્તાઈ છે અને ભેજના ઊંચા પ્રમાણ સાથે કચ્છના તમામ મથકોનું મહત્તમ તાપમાન ૩૩થી ૩૫ ડિગ્રી, જ્યારે લઘુતમ ૧૯થી ૨૪ ડિગ્રી સે.વચ્ચે આવી ગયું છે. એપ્રિલ શાવર્સ અને મે શાવર્સ એ હવામાનની બાબતમાં સામાન્ય બાબત છે તેથી આગામી એપ્રિલ અને મે મહિના દરમ્યાન પણ કમોસમી વરસાદ પડી શકે છે.


# રાજકોટમાં ટીપી દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ મહાનગર પાલિકાના નાયબ કમિશ્નરની સૂચના પ્રમાણે ટીપી શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ મહાનગર પાલિકાના નાયબ કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જિનિયર એ. એ. રાવલના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા તા.૧૯/૦૨/૨૦૨૫ના રોજ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩માં જામનગર રોડ પર, ક્રાઈમ બ્રાંચ કચેરીની સામે રાજકોટના રે.સ. નં.૬૨૬/પૈકીની સરકારી ખરાબાની રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ જમીનમાં અંદાજે ૫૦ જેટલા રહેણાંક તથા બિનરહેણાંક ગેરકાયદેસર બાંધકામ દૂર કરી અંદાજે ૧૫ કરોડની કિંમતની ૩૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

આ કામગીરીમાં ટાઉન પ્લાનિંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ દબાણહટાવ શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા અને રોશની શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહ્યો હતો.



# ગુજરાતના બજેટથી એક લાખ ચાલીસ હજાર આંગણવાડી અને આશા વર્કર નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સેન્ટર ઓફ ઇન્ડિયન ટ્રેડ યુનિયનના રાજ્ય મહામંત્રી અને ભાવનગરના પૂર્વ મેયર અરુણ મહેતા એ જણાવ્યું હતું કે ગુજરાતનું બજેટ જનતાની આંખમાં પાટા બાંધનારું છે. મોટી મોટી આંકડાકીય જાહેરાતો સિવાય કોઈ સ્પષ્ટ જાહેરાત કરાઈ નથી. ગુજરાતના લાખો શ્રમજીવીઓ, આંગણવાડી તથા આશા વર્કરો અને મધ્યાન ભોજન કર્મીઓ સંપૂર્ણપણે નારાજ છે. એટલું જ નહીં ગુજરાતના હજારો ફિક્સ પગારદારો અને કરાર આધારિત નોકરિયાતો, લાખો અસંગઠિત કામ કરનારાની સમાજ સુરક્ષા માટે કોઈ જોગવાઈ કરાઈ નથી. મોંઘવારીના મારથી પીસાઈ રહેલી આમ જનતા માટે પણ કોઈ જ રાહતના સમાચાર બજેટમાં મળ્યા નથી.

સેન્ટર ઓફ ઇન્ડિયન ટ્રેડ યુનિયનના રાજ્ય મહામંત્રી અને ભાવનગરના પૂર્વ મેયર અરુણ મહેતાએ વધુમાં કહ્યું હતું કે, બજેટમાં મહિલા સશક્તિકરણની મોટી મોટી વાતો કરાઈ છે પરંતુ ગુજરાત હાઇ કોર્ટે આંગણવાડી વર્કરો તથા હેલ્પરોને કાયમી કરી લઘુતમ વેતન આપવા ચુકાદો આપેલો છે તે ચુકાદાના અમલ માટેની પણ કોઈ આર્થિક જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી નથી.એક લાખ ચાલીસ હજાર જેટલી આંગણવાડી વર્કર અને આશા વર્કરોએ આ બજેટ બાબતે બહુ મોટી આશા રાખી હતી.

આંગણવાડી વર્કરો હેલ્પરો આશા વર્કરોના માનદ વેતન અંગે માત્ર રકમની જોગવાઈના ઉલ્લેખ કરાયેલો છે પરંતુ વિગતો બજેટના પ્રેઝન્ટેશનમાં આપવામાં આવી નથી. હીરા ઉદ્યોગ રોલિંગ મિલ ઉદ્યોગ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ ઉદ્યોગ પ્લાસ્ટિક ઉદ્યોગ કે કાસ્ટિંગ ઉદ્યોગ તેમજ રત્ન કલાકારો અને શ્રમજીવીઓ માટે કોઈ જ રાહતની યોજના જાહેર કરાઈ નથી તેમ જ બેરોજગાર બનેલ શ્રમજીવીઓ અને નાના ઉદ્યોગકારોને મદદરૂપ થવાનો કોઈ જ પ્રયાસ આ બજેટમાં દેખાયો નથી. ગુજરાતનું આ બજેટ સામાન્ય જનતા શ્રમજીવી તથા મધ્યમ વર્ગ નોકરિયાત માટે તેમજ ઉદ્યોગ ધંધાર્થીઓ માટે તદ્દન નિરાશા જનક બજેટ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં એલઆઈસીની તમામ શાખાઓના કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કરી હડતાળ પાડી



(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: એલ.આઇ.સી ઓફ ઇન્ડિયાના રાષ્ટ્રીય સ્તરના કર્મચારી સંગઠન ઓલ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ એમ્પ્લોઇસ એસોસિએશન દ્વારા ગુરુવારે બપોરે એક કલાકની રાષ્ટ્રવ્યાપી હડતાળના એલાનના પગલે રાજકોટના એલ.આઇ.સી કર્મચારીઓએ એક કલાકની હડતાળ પાડી હતી.

એલઆઈસીના કર્મચારીઓ રાજકોટ મહિલા કોલેજ અન્ડર બ્રિજ પાસે આવેલી એલઆઇસી કચેરીના પ્રાંગણમાં એકઠા થઈને કર્મચારીઓની નવી ભરતી તથા કર્મચારી સંગઠન એઆઈઆઈઈએને મેનેજમેન્ટ સત્તાવાર માન્યતા આપે તેવી માગ સાથે સૂત્રોચાર કર્યા હતા.

રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છની એલ.આઇ.સી. ની મોટાભાગની શાખાઓ જામનગર, જૂનાગઢ, કેશોદ વેરાવળ, ઉના, ભુજ, ગાંધીધામ વગેરે શાખાઓમાં પણ કર્મચારીઓએ એક કલાકની હડતાળ પાડી સૂત્રોચાર કર્યા હતા. એઆઈઆઈઈએ રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને પશ્ચિમ ક્ષેત્રના અગ્રણી યુનિયન લીડર હર્ષદ પોપટની આગેવાની હેઠળ કર્મચારીઓએ હડતાલના પ્રારંભમાં વિશાળ સંખ્યામાં એકત્ર થઇ સૂત્રોચ્ચાર કર્યા હતા.

હર્ષદ પોપટે જણાવ્યું હતું કે એલઆઈસીમાં વહીવટી પાંખમાં છેલ્લા ઘણા સમયથી કર્મચારીઓની ભરતી થઈ નથી અને બીજી બાજુ કર્મચારીઓ દર વર્ષે વય મર્યાદાને કારણે સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. તેથી ભરતી કરવી ખૂબ જરૂરી છે. આ મુખ્ય માગણી સાથે એક કલાકની હડતાળ પાડવામાં આવી છે. આ માગ ઉપરાંત કર્મચારી સંગઠન એઆઈઆઈઈએ ને સત્તાવાર માન્યતા આપવામાં આવે તેવી પણ માગ કર્મચારીઓ તરફથી કરાઈ હતી.

# ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરવા બજેટ સત્રમાં જાહેરાત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરવાની જાહેરાત વિધાનસભામાં રજૂ કરેલા ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં કરી હતી.

વડા પ્રધાન મોદીએ વિકસિત ભારત ૨૦૪૭નું લક્ષ્ય રાખ્યું છે. ગુજરાતે આ લક્ષ્યને હાંસલ કરવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં લીવિંગ વેલ અને અર્નિંગ વેલના આધારે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડ મેપ ઘડ્યો છે. આ રોડમેપના આધારે વિકસિત ગુજરાતનો ધ્યેય પ્રાપ્ત કરવા ગુજરાતમાં વહીવટીતંત્રની કાર્યક્ષમતા, અસરકારકતા અને પ્રતિભાવશીલતા વધારવી જરૂરી છે.

આ સમગ્ર બાબતોની વ્યાપક સમીક્ષા અને રાજ્યના વહીવટી માળખા અને વહીવટનો સમગ્રલક્ષી અભ્યાસ કરી તેમાં સુધારા સૂચવવા અને જરૂરી ફેરફાર કરવા માટે અવકાશ છે કે કેમ તેની વિચારણા કરવા આ ગુજરાત વહીવટી સુધારણા પંચ કાર્યરત થશે. રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી ફેરફારો કરવા માટે રચાનારા આ ગુજરાત વહીવટી સુધારણા પંચમાં અધ્યક્ષ તરીકે મુખ્ય પ્રધાનના મુખ્ય અગ્ર સલાહકાર હસમુખ અઢિયા ઉપરાંત અન્ય પાંચ સભ્યોની સમિતિની નિમણૂક કરાશે.

તેમાં સભ્ય તરીકે મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ, અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ નાણાં વિભાગ તથા સભ્ય સચિવ તરીકે અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ વહીવટી સુધારણા, તાલિમ પ્રભાગ અને એન.આર.આઈ.ની નિમણૂક થશે.

આ ગુજરાત વહીવટી સુધારણા પંચ વહીવટી અને શાસન માળખું, માનવશક્તિનું તર્કસંગતીકરણ અને માનવ સંસાધન વ્યવસ્થાપન, નાણાકીય વ્યવસ્થાપન અને સંસાધન ઓપ્ટિમાઈઝેશન, વિકેન્દ્રિકરણ અને સ્થાનિક શાસન, ટેક્નોલોજી અને નવીનતાનો ઉપયોગ, દેખરેખ અને મૂલ્યાંકન માળખાનો અભ્યાસ કરી તે અંગે વિચારણા કરીને સરકારને ભલામણો રજૂ કરશે.

# ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા પાસે ૧૦૦ કરોડની બેનામી સંપત્તિ હોવાનો પૂર્વ સાંસદ દીનુ સોલંકીનો આક્ષેપ



(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા ૧૦૦ કરોડથી વધુની બેનામી સંપત્તિ ધરાવતા હોવાનો જૂનાગઢના પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ આક્ષેપ કર્યો હતો. આ અંગેની તપાસ કરી પગલાં લેવાની માગ સાથે પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

જૂનાગઢના પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ જણાવ્યું હતું કે સરકાર તેમજ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ગુજરાત સહિત દેશભરમાં સરકારી જમીનો પરથી અનઅધિકૃત રીતે બાંધકામો હટાવવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે સોમનાથ જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા સોમનાથ જિલ્લામાં મનસ્વી રીતે કાયદાનું અર્થઘટન કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે યોગ્ય નથી.

સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા રાજકોટના ન્યારી ડેમના કેચમેન્ટ વિસ્તારમાં તેઓના નામે અથવા તેમના પરિવારજના સભ્યોના નામે વિશાળ ૨૦ કરોડની કિંમતનું ફાર્મ હાઉસ બનાવવામાં આવ્યું છે. દિગ્વિજયસિંહ જાડેજા અગાઉ રૂડામાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન આ ફાર્મહાઉસને તેઓએ મંજૂરી આપ્યાની પૂર્વ સાંસદ સોલંકીએ ફરીયાદ કરી હતી.

પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સોમનાથ જિલ્લામાં ડિમોલિશન કરી ગરીબોના મકાનો ઉજાળી સત્તાનો દુરૂપયોગ કર્યો છે. આ ઉપરાંત નગરપાલિકાની ચૂંટણી દરમ્યાન પણ કોડીનારના મતદાન બુથોને સંવેદનશીલ જાહેર કરી પૂર્વગ્રહ રાખવામાં આવ્યો હતો. આ મામલે એસીબી ઉપરાંત રાજયના ચીફ સેક્રેટરીને પણ તેઓ દ્વારા રજૂઆત કરવામાં આવશે.

# ભાવનગરમાં રાજ્ય પોલીસવડાની હાજરીમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે: ઉચ્ચ અધિકારીઓ ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર ખાતે આજે રાજ્યના પોલીસવડા વિકાસ સહાયની ઉપસ્થિતિમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે. ભાવનગર રેન્જ આઈ.જી.ની કચેરી ખાતે યોજાનાર આ ક્રાઈમ કોન્ફરન્સને અનુલક્ષીને પોલીસ વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરી હતી.

ભાવનગર રેન્જ આઈ.જી.કચેરી ખાતે આજે શુક્રવારે રાજ્યના ડીજીપી વિકાસ સહાયના અધ્યક્ષ સ્થાને ક્રાઈમ કોન્ફરન્સ યોજશે.રાજ્ય સરકાર દ્વારા રાજ્યની રેન્જ કચેરી ખાતે સ્ટેટ ક્રાઈમ કોન્ફરન્સ યોજવાની પહેલ કરી છે. આ પહેલના ભાગરૂપે શુક્રવારે ભાવનગર ખાતે આ ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે. આ કોન્ફરન્સમાં ડી.જી.પી. ઉપરાંત એડીજીપી, રાજ્યના આઇ.જી.પી., પોલીસ કમિશનર સહિતના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ભાગ લેશે. સુરત અને રાજકોટ બાદ હવે ભાવનગર ખાતે આ ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે.

ભાવનગર રેન્જ આઈ.જી.ની કચેરી ખાતે યોજાનાર આ કોન્ફરન્સને અનુલક્ષીને પોલીસ વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ હતી. આ કોન્ફરન્સને લઈને ભાવનગર પોલીસ બેડાના અધિકારીઓને વિવિધ જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.